રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## શ્રી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ વાર્ષિકોત્સવ
## અને
## પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા

વિષય : 'લોકસાહિત્યમાં જીવનમૂલ્યો'

વક્તા : શ્રી વસંતભાઈ ગઢવી



તારીખ : ૨૯ ડિસેમ્બર - ૨૦૨૪

સ્થળ : લોકભારતી

વર્ષ: ૭૮ અંક : ૦૬ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫

## લોકભારતી વાર્ષિકોત્સવ અને પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા

## પ્રથમ બેઠક


સંચાલન : શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા


આવકાર પરિચય : શ્રી અરુણભાઈ દવે


સંદેશાવાચન : શ્રી કાંતિભાઈ ગોઠી



અહેવાલ રજૂઆત : શ્રી હસમુખભાઈ દેવમુરારિ





રસાબોળ શ્રોતાગણ

# કોડિયું

વર્ષ : ૭૮ | જાન્યુઆરી ૨૦૨૫ | અંક : ૦૬

**અનુક્રમણિકા**


૦૧ **શ્રી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા વાર્ષિક અહેવાલ** ...૦૬
(તા. ૩૦-૧૨-૨૦૨૩થી તા. ૨૭-૧૨-૨૦૨૪)
હસમુખભાઈ દેવમુરારિ

૦૨ **સંસ્થા સમાચાર** ...૪૬
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**
‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**
શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**
અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

સામાન્ય વ્યવહારમાં અને વહીવટમાં એવું જોવા-અનુભવવા મળે છે કે નાનો કે મોટો માણસ તેને જે આવડે છે તે જ કરવા એ સભાનતાથી કે અજાણતાથી પ્રેરાઈ જાય છે. રસોયાને પણ બોલાવીને પૂછીએ કે શું મીઠાઈ કરીશું? તો એ નામ તો ઘણા લેશે પણ પછી અનેક દલીલોના અંતે તેને જે આવડે છે એ મીઠાઈનું જ પાકું કરાવશે !

વર્ષો પહેલા GEDA એ ગામડાઓમાં નિર્ધૂમચુલા બનાવવાની સહાય જાહેર કરેલી તો મોટાભાગની સ્વૈચ્છિક સંસ્થાઓ ચુલા કરવા લાગેલી અને જ્યારે ટોટલ સેનિટેશન કેમ્પેઈન TSC પ્રોજેકટ આવી ત્યારે સૌ તેમાં લાગ્યા. કઈ યોજનામાં સબસીડી મળે છે તે કેન્દ્રમાં રહે છે ! જરૂર છે કે નહીં તે વિચારાતું નથી.

શિક્ષણક્ષેત્રે પણ શિક્ષકને જે ફાવે છે, જે આવડે છે તે વધારે ભણાવે છે. વાસ્તવમાં જેની જરૂર છે તે કરવાનું છે. શેની ક્યાં અને કેટલી જરૂર છે તેનો વિવેક હોવો અનિવાર્ય છે. અબજો રૂપિયાનો ખર્ચ કર્યા પછી માણસની પ્રસન્નતા વધતી નથી ત્યારે સમજવાનું છે કે વાહનનું હોર્ન સહિતનું બધું ચાલે છે પણ તે સ્થિર ઊભું છે, ત્યાંનું ત્યાં ! જ્યારે જરૂર હોય ત્યારે કરીએ છીએ ત્યારે બધું હકારાત્મક પરિણામ લાવે છે. જરૂરી અને ગમતું કામ થાય છે ત્યારે સોનામાં સુંગધ ભળે છે. આપણે ત્યાં કામનો કંટાળો અને થાક લાગવાનું કારણ આપણું કામ ગમતું નથી એ છે. ગમતું કામ મળે તો એ પ્રભુકૃપા ગણવી પણ જો ગમતું કામ ન મળે તો શ્રેષ્ઠ ઉપાય એ છે કે મળેલ કામને ગમતું કરવું. આજે વિશ્વમાં ૯૯ ટકા લોકોને પોતે જે ફરજ બજાવે છે કે જે કામ કરવું પડે છે તેમાં તેને બિલકુલ રસ નથી તેવું તારણ જણાયું છે. સર્વત્ર અજંપાનું, અસંતોષનું, નિરાશાનું અને કામચોરીનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તે આ જ છે. આવડું મોટા અને અસરકારક એવાં આ પરિબળ પ્રત્યે પરિવારના વડાથી માંડી સંસ્થા, રાજ્ય, દેશ અને વિશ્વના વડાઓ સુધીનામાં રહેલી ઉદાસિનતા દૂર કરવી રહી. સાથોસાથ ગાંધી વિચારને વરેલી કે શ્રદ્ધા ધરાવતી સંસ્થાઓના વડાઓ આ ચૈતન્યસભર સૃષ્ટિના રચિયતા પ્રત્યે અખૂટ શ્રદ્ધા ધરાવતા હોવા પણ જરૂરી છે. સમગ્ર બ્રહ્માંડથી લઈ જાતના પંડનું ચાલકબળ અંતે એક ચેતના છે. તેનો સ્વીકાર અને પછી તેને અનુરૂપનું આચરણ જ સુરાજ્ય સ્થાપી શકે. આ ઈશ્વરી આસ્થા એટલે સત્ય, પ્રેમ, દયા, ક્ષમા, સેવા અને શ્રદ્ધાનો વિવેકપૂર્ણ સમન્વય.

અત્યારે ચાલી રહેલા યુદ્ધો અને ચો-તરફ થઈ રહેલો બનાવટી-છેતરામણો વ્યવહાર માનવજાતને સર્વનાશ તરફ દોરી જઈ રહ્યો છે. ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ચૂક્યો છે ત્યારે સંવદેનાસભરનો ભરોસો જ રામબાણ ઈલાજ છે. આ માટેનું સર્વોત્તમ સાધન એ કેળવણી જ છે એ સ્વીકારી લઈશું તો સુખી થઈશું. આથી જ વિશ્વમાં જ્યાં આ પ્રકારની શિક્ષણપ્રણાલી પાંગરી છે ત્યાંનો પ્રસન્નતા આંક ઉંચો જણાય છે. માનવજાતને મળનારાં પરિણામનો આધારમાત્ર અપાતી કેળવણી છે તેવું હવે સાબિત થઈ ચૂક્યું છે.

— [illegible]

## ૦૧ શ્રી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા વાર્ષિક અહેવાલ
## (તા. ૩૦-૧૨-૨૦૨૩થી તા. ૨૭-૧૨-૨૦૨૪)

**શ્રી હસમુખભાઈ દેવમુરારિ**

**-: શ્રદ્ધાંજલિ :-**

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં પહેલાં બૃહદ લોકભારતી પરિવારમાંથી દિવંગત થયેલ વડીલો, દાતાઓ, શુભેચ્છકો, પૂર્વકાર્યકરો, પૂર્વવિદ્યાર્થીઓના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી પૂરા સંસ્થા પરિવાર વતી શ્રધાંજલિ અર્પણ કરું છું. લો.ભા.ના પૂર્વકાર્યકર શ્રી નાનાલાલ વંઢ્રા, પૂર્વવિદ્યાર્થિની શ્રી ફાલ્ગુનીબહેન કલ્યાણભાઈ ડાંગર, લો.ભા.ના કાર્યકર શ્રી ગોકુલભાઈનાં માતુશ્રી વિજુબેન રામભાઈ સાંબડ, લો.ભા.ના કાર્યકર શ્રી પિનાકિનભાઈ પંડ્યા, ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રના અગ્રણી સ્વ.શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ, આંબલા લોકશાળાના પૂર્વકાર્યકર શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટના દીકરા શ્રી હાર્દિકભાઈ, લો.ભા.ના પૂર્વ ટ્રસ્ટી સ્વ. શ્રી જ્યોતિભાઈ દેસાઈ, લો.ભા.ના શુભેચ્છક અને દાતાશ્રી સ્વ. શ્રી ધીરુભાઈ મહેતા, લો.ભા.ના પૂર્વકાર્યકર સ્વ. શ્રી દિનેશભાઈ ભટ્ટનાં પત્ની સ્વ. શ્રી વિમળાબહેન, પૂર્વ કાર્યકર શ્રી રમણીકભાઈ કાલરિયા, લો.ભા.ના કાર્યકર શ્રી રાજુભાઈ જોશીના બનેવી શ્રી હસમુખભાઈ જોશી, કાર્યકર શ્રી વાસુદેવભાઈ મહેતાના પિતાશ્રી મુકુંદભાઈ, લો.ભા.ના પૂર્વકાર્યકર શ્રી મનુભાઈ ઝાલાવાડિયા, લો.ભા.ના કાર્યકર શ્રી પ્રવીણભાઈ ડાંગર અને શ્રી ડાહ્યાભાઈ ડાંગરના માતુશ્રી, લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીનાં માતુશ્રી મંછાબા તથા બહેન શ્રી ભારતીબહેન, ગાંધી આશ્રમ-અમદાવાદના પૂર્વસચિવ શ્રી અમૃતભાઈ મોદી, ગુજરાત નઈ તાલીમ સંઘના પૂર્વમંત્રી શ્રી જેસંગભાઈ ડાભી, લો.ભા. ખેતીવિભાગના સાથી શ્રી બુધાભાઈ કંટારિયાના નાની ઉંમરના દીકરા ઉત્તમભાઈ, સર્વોદય વિચારધારાના ઉપાસક શ્રી અરુણભાઈ ભટ્ટ, લો.ભા.ના પૂર્વકાર્યકર સ્વ. શ્રી ભરતભાઈ ભટ્ટની દીકરી નિશિગંધા. લોકભારતીના શુભેચ્છક અને શ્રોફ પરિવારના મોભી શ્રી અતુલભાઈ ગોવિંદજીભાઈ શ્રોફ સહિતના આપણા બૃહદ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે આપણા સૌ વતી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**-: સેવાનિવૃત્તોને શુભેચ્છાઓ:-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી કાંતિભાઈ ગોઠી | નિયામક | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૨ | શ્રી મુકુંદભાઈ શ્રીમાળી | અધ્યાપક | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૩ | શ્રી યોગેશભાઈ ત્રિવેદી | અધ્યાપક | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૪ | શ્રી પુંજાભાઈ મકવાણા | અધ્યાપક | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૫ | શ્રી દર્શિતભાઈ સાકડેચા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૬ | શ્રી સાવનભાઈ અઘેરા | ઓફિસ કલાર્ક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૭ | શ્રી વિક્કીભાઈ પટેલ | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૮ | શ્રી પરેશભાઈ ઝીંઝાળા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૯ | શ્રી રામભાઈ ભારાઈ | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૧૦ | શ્રી દીપ્તિબહેન વાઘેલા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |

-: નવનિયુક્તોને આવકાર :-

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી વિશાલભાઈ ચૌધરી | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૨ | શ્રી માનસીબહેન પરમાર | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૩ | શ્રી મયૂરભાઈ સોલંકી | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૪ | શ્રી પ્રિયાંકભાઈ મોઢવાડિયા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૫ | શ્રી મેહુલભાઈ ગોહિલ | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૬ | શ્રી હરપાલસિંહ વાળા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૭ | શ્રી સચિનભાઈ ધોકિયા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૮ | શ્રી ચિરાગભાઈ કંટારિયા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૯ | શ્રી સંદીપભાઈ ચૌહાણ | મદદનીશ | શિક્ષણ ગુણવત્તા સંવર્ધન કેન્દ્ર |

સંસ્થાના વિભાગોનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલાં સમૂહના કેટલાક સમાચારોની એક ઝલક

**સૌ પ્રથમ ખુશી અને ગૌરવના સમાચાર...**

● લોકભારતીના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અને જાણીતા લેખક શ્રી રઘુવીરભાઈ ચૌધરીને ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી' ઍવૉર્ડથી નવી દિલ્હી ખાતે મહામહીમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. આવા ઉચ્ચ કક્ષાના સન્માન માટે પૂરો લોકભારતી પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે અને તેમને વંદન સાથે અભિનંદન પાઠવે છે.

● બૃહદ લોકભારતી પરિવાર માટે એવા જ એક બીજા અત્યંત ખુશીના સમાચાર. તા. ૨૧ના રોજ ભારત સરકારનો Indian Council of Agricultural Research(ICAR) તરફથી આપણા ઘઉં સંશોધન વિભાગ દ્વારા ઘઉંની એક નવી જાત લોક-૭૯ રીલીઝ કરવામાં આવ્યાના સમાચાર આવ્યા, જેથી આખા લોકભારતી પરિસરમાં હરખના સમાચાર ફરી વળ્યા. આના અનુસંધાને સાયં પ્રાર્થનામાં શ્રી અરુણભાઈ દવેએ લોકભારતીનો ઘઉં સંશોધનની કામગીરીનો ઇતિહાસ, તેની ટેક્નિકલ બાબતો, આ પ્રક્રિયામાં અત્યાર સુધીના કાર્યકરોએ ઉઠાવેલી જહેમત, વિદ્યાર્થીઓનું તેમાં યોગદાન વગેરે બાબતોને કેંદ્રમાં રાખી વિગતે વાત રજૂ કરીને હરખ વ્યક્ત કરી સૌને અભિનંદન પાઠવ્યા.

● શ્રી સી.યુ.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'લોકભારતી ગોસંવર્ધન અને સંશોધન કેંદ્ર'ને સમૃદ્ધ કરવાની ઉદાર સખાવત લોકભારતી ગોશાળાને મળી, તેની સ્વીકૃતિનો એક નાનકડો સુંદર કાર્યક્રમ રાજસોભાગ આશ્રમ-સાયલાના પૂ. ભાઈ શ્રી નલિનભાઈ કોઠારીની નિશ્રામાં અને દાતાશ્રી મીનળબહેન શાહ અને તેમના પરિવારજનોની ઉપસ્થિતિમાં પ્રેમની પરબના સંયોજક અને લોકભારતીના શુભેચ્છક શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસની મધ્યસ્થી દ્વારા યોજાઈ ગયો, તેમાં લગભગ સવાસો-દોઢસો જેટલા મુમુક્ષુ સાધકો પણ પધાર્યા. શ્રી સી.યુ.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ગોશાળા માટે બે કરોડનું દાન મળેલ છે, જેથી લોકભારતી ગોશાળાની વર્ષો જૂની દર વરસની આર્થિક ખોટની ચિંતા હવે ટળી જશે.

**હવે આપણા સમૂહના વાર્ષિક સમાચારો/કાર્યક્રમો...**

● પૂ. મોરારિબાપુની રામકથા 'માનસ લોકભારતી'નો પ્રારંભ ગત તારીખ ૩૦મી ડિસેમ્બર(પૂ. નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિની પૂર્વ સંધ્યા)થી થયો. સણોસરા ગામના રામદેવપીર મંદિરેથી આ કથાના મનોરથી હર્ષાબા ગોહિલ અને તેના પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં પોથીયાત્રા નીકળી. સણોસરા ગ્રામજનો ઉત્સાહપૂર્વક તેમાં જોડાયા. પોથીયાત્રામાં

કથાના મનોરથી મા.શ્રી હર્ષાબા ગોહિલે પોથી પોતાના મસ્તક પર મૂકી પ્રારંભ કરાવ્યો. લોકભારતી કેળવણીની અભિવ્યક્તિ દર્શાવતા જુદા જુદા ત્રણેક ટ્રેક્ટરમાં ટેબ્લો, વિદ્યાર્થીઓ દ્વારા રાસ, ડમ્બેલ્સ, લેઝીમની જુદી જુદી ટુકડીઓ તથા ભજન-કિર્તન મંડળીઓના ભક્તિરસથી પોથીયાત્રા કથા સ્થળે પહોંચી. પૂ. મોરારિબાપુના નિવાસસ્થાને(પૂ. નાનાભાઈ ભટ્ટ નિવાસસ્થાન-ઋષિકુંજ) પોથી પહોંચતાં કથાના મનોરથી શ્રી હર્ષાબા ગોહિલે અને પછી શ્રી અરુણભાઈ દવેએ પોતાના મસ્તક પર પોથી મૂકીને પોથી પૂ. બાપુને અર્પણ કરી. બરાબર ૦૪-૦૦ કલાકે કથાસ્થળે કથાનો પ્રારંભ થયો. તા.૩૦ ડિસેમ્બરથી તા.૦૭ જાન્યુઆરી દરમિયાન રામકથા સાથે સાથે વચ્ચે ત્રણ શૈક્ષણિક સંગોષ્ઠિઓ(નઈ તાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ, રુરલ ઇનોવેશન તથા પ્રાકૃતિક કૃષિ અને કૃષિ મૂલ્યવર્ધન) યોજાઈ ગઈ. ત્રણ રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમો(અમદાવાદ થિયેટર દ્વારા 'પરિત્રાણ' નાટક, જાણીતા ગાયક શ્રી હાર્દિક દવેના ભજનોનો કાર્યક્રમ 'ભજન સંધ્યા' અને લોકદક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ) યોજાયાં. કથા દરમિયાન દરરોજ લોકભારતીના સંગીતવૃંદે કથાના પ્રારંભ પૂર્વે એક ગીત/ભજન રજૂ કરીને બાપુ સહિત શ્રોતાઓનાં મન હરી લીધાં. આ રામકથામાં કથાપૂર્વે એક અભૂતપૂર્વ ઘટના તે રામાયણના છેવાડાનાં પાત્રો(શબરી, કૈકેયી, ઊર્મિલા, કેવટ, જટાયુ, વિભીષણ, વાલ્મીકિ અને ખિસકોલી) અંગેની વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી એકોક્તિ સ્વરૂપે પ્રસ્તુતિ બહુ જ પ્રભાવી રહી, જેણે શ્રોતાઓ સહિત પૂ. બાપુને પણ લાગણીથી ભીંજવી દીધા. કથા દરમિયાન કથામાં કે શિક્ષણ સંગોષ્ઠિઓમાં પધારેલા મહેમાનો/મહાનુભાવો દ્વારા કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા, જાણીતા ઉદ્યોગપતિ અને દાતા શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, પીડીલાઇટના શ્રી પી.કે. શુક્લાજી, જાણીતા વક્તા શ્રી જયભાઈ વસાવડા, કેળવણીકાર શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીનાં વક્તવ્યો પણ થયાં. કથાપૂર્વેનું સંચાલન શ્રી નીતિનભાઈ વડગામાએ સુચારૂરૂપે કર્યું. તા.૦૭મી જાન્યુઆરીએ કથાનું સમાપન થયું. પૂરો કાર્યક્રમ વિનાવિઘ્ને એકદમ સુચારૂરૂપે સંપન્ન થયો.

● આ રામકથા દરમિયાન પૂજ્ય મોરારિબાપુની હૃદયપૂર્વકની અપીલને કારણે બધું મળીને અગિયાર કરોડની સહાય મેળવી શકાઈ.

● પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સવારે મેદાનમાં પરેડ અને લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશનના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના હસ્તે ધ્વજવંદન તથા ત્યાર બાદ સારસ્વતભવનમાં તેમનું વ્યાખ્યાન યોજાયું. તેઓએ પ્રજાતંત્રને સ્પર્શતા મુદ્દાઓ પર વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય પણ રજૂ કર્યા.

● ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સવારે સારસ્વતભવનમાં પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, જેમાં મંગળપ્રભાતમાંથી એક વ્રત વિશે વાચન કરવામાં આવ્યું. સવારે ૦૭-૩૦થી ૧૦-૩૦ સુધી લોકભારતી અને સણોસરા ગામ સમસ્તની જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈને સફાઈ કરવામાં આવી. ત્રીશમી જાન્યુઆરીને શહીદદિન તરીકે પણ મનાવવા બરાબર અગિયાર વાગે સૌએ પોતપોતાની સ્થળે જ ઊભા રહીને બે મિનિટનું મૌન પાળ્યું અને નામી-અનામી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. બપોર પછી ૦૩-૩૦ કલાકે સારસ્વતભવનમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા. ત્યાર બાદ સાયં પ્રાર્થના-ભજન અને ધૂનથી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

● હોલિકાદહન અને બીજે દિવસે ધૂળેટી નિમિત્તે સૌએ રંગોત્સવ માણ્યો.

● ભાવનગરના 'સ્પીકમેકે ચેપ્ટર' દ્વારા પ્રસિદ્ધ વાયોલીનવાદક વિદુષી શ્રી કલા રામનાથજીની વાયોલીન વાદનની સાંગીતિક પ્રસ્તુતિ સારસ્વતભવનમાં યોજાઈ ગઈ, પંડિત મિથિલેશકુમાર ઝાએ તબલા પર સંગત કરી. સમગ્ર પરિવારે કાર્યક્રમને બહુ સરસ રીતે માણ્યો.

● ફ્રાંસમાં આવેલી 'તપોવન' સંસ્થા દ્વારા યોજાયેલ 'પર્યાવરણ અને જીવનમૂલ્યો' વિષય સંદર્ભના સાત દેશોના વૈજ્ઞાનિકો સાથેના વર્કશોપ માટે આમંત્રણ મળતાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી અર્ચનાબહેન ફ્રાંસની મુલાકાતે જઈ આવ્યાં

● શ્રી અરુણભાઈ દવે-શ્રી અર્ચનાબહેન દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી વિશાલભાઈ ભાદાણીને પૂ. મોરારિબાપુની નોર્વના ટ્રોમ્સો મુકામે યોજાયેલ રામકથામાં આવવા નિમંત્રણ મળતાં કથાપાન કરવા જઈ આવ્યા. નોર્વેની કથા દરમિયાન પૂ.બાપુની ઉપસ્થિતિમાં યોજાતી સાંજની બેઠકોમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ પ્રસંશનીય વક્તવ્યો રજૂ કર્યાં.

● લોકભારતીના કાર્યકર શ્રી દિનુભાઈ ચુડાસમા અને તેમના જીવનસાથી કિરણબહેન પૂ.મોરારિબાપુની ઈંડોનેશિયાના-યોગકર્તા શહેરમાં યોજાયેલ રામકથામાં આમંત્રણ મળતા જઈ આવ્યા. આ રામકથામાં દિનુભાઈના બે પુસ્તકો: 'આપણા ગાંધી જગતના ગાંધી' અને 'જીવન-સંવાદ' નું પૂ.બાપુના હસ્તે વિમોચન થયું હતું.

● ગુરુપૂર્ણિમા ઉત્સવના મુખ્ય મહેમાન તરીકે લોકભારતી યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને જાણીતા શિક્ષણવિદ શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીએ ગુરુપરંપરાને નાવીન્યપૂર્ણ રીતે વ્યક્ત કરીને ગુરુપૂર્ણિમાનું વિદ્વતાપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. દરેક છાત્રાલય પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર પ્રતિનિધિશ્રીએ દક્ષિણામૂર્તિ દેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી પોતાની ભાવના અર્પણ કરી.

● લોકભારતીના બધા જ શૈક્ષણિક વિભાગોમાં નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની અભિમુખતાનો એક સઘન કાર્યક્રમ યોજાયો. તેમાં લોકભારતી યુનિ.ના બી.આર.એસ.ના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ નેતૃત્વ સંભાળ્યું. સૌ પ્રથમ નેતૃત્વ ટીમની અભિમુખતા કરવામાં આવી. ત્યાર બાદ નવા પ્રવેશ પામેલા બધા જ વિદ્યાર્થીઓને કુલ છ જૂથમાં વહેંચીને રોજરોજ એક-એક ટંક જુદીજુદી સ્થાયી ટુકડીઓમાં મોકલીને લોકભારતીના મહત્ત્વનાં એકેએક મૂલ્ય વિષયક વાતો, વક્તવ્યો, વીડિયો ક્લિપ્સ, ગીતો, નાટકો, રમતો જેવાં વિધવિધ માધ્યમોનો ઉપયોગ કરીને અભિમુખ કરવાનું સઘન કામ થયું. આ નિમિત્તે શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અને શ્રી વિક્રમભાઈ ભટ્ટ પણ ત્રણ દિવસ આવીને રહી ગયા ને વિદ્યાર્થીઓને લોકભારતીના ભવ્ય વારસા અંગે વાતો કરી. અંતમાં તા.૦૮ના રોજ સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ વક્તવ્ય આપ્યું.

● સ્વાતંત્ર્યદિન નિમિત્તે સવારે પરેડ ને પછી ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો, જેમાં લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળના મહામંત્રી શ્રી ધનેશભાઈ લીંબડિયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ધ્વજવંદન પછી સારસ્વતભવનમાં બે વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુરૂપ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા, નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિએ સૌને સ્વાતંત્ર્ય દિવસના શપથ લેવરાવ્યા અને મુખ્ય વક્તા શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ 'અરધી રાતે આઝાદી' પુસ્તકને કેન્દ્રમાં રાખી રસાળ શૈલીમાં પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું. સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ કર્યું.

● રક્ષાબંધનનો કાર્યક્રમ લાગણીસભર ઉજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા તરીકે જાણીતા ટી.વી. અને ફિલ્મ કલાકાર અને અધ્યાપિકા શ્રી દેવાંગીબહેન ભટ્ટે મનનીય વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

● લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની બે વખત આમસભા રહી. તેમાં વિદ્યાર્થીઓ તરફથી જુદા જુદા મંત્રીઓને લેખિતમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા. મંત્રીઓએ પ્રશ્નોના જવાબ ધીરજપૂર્વક આપ્યા. મુખ્ય ગૃહપતિ શ્રી જયવંતસિંહ ગોહિલે પણ સમગ્ર આમસભાનું સંચાલન કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી કર્યું. વિભાગીય હોદ્દેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં. અંતે નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી. અને છેલ્લે વડીલની ભૂમિકામાં

નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિએ વિદાય થતાં મંત્રીમંડળની કામગીરીને બીરદાવી અને નવનિયુક્ત મંત્રીમંડળને શુભેચ્છાઓ આપી.

● એમ.આર.એસ.-૯૭ની બેચનું સ્નેહમિલન સત્યાવીશ વર્ષ પછી લોકભારતીને આંગણે યોજાઈ ગયું. લોકભારતીમાં ફરીફરીને સૌએ પોતાના સંસ્મરણો વાગોળ્યાં ને સ્મૃતિભવનમાં સૌએ પોતપોતાની વાતો અને સંસ્મરણો રજૂ કર્યાં. અંતે શ્રી હસમુખભાઈ દેવમુરારિએ અને શ્રી અરુણભાઈ દવેએ સંબોધન કર્યું.

● પૂ. મોરારિબાપુ ઓચિંતા જ લોકભારતીની મુલાકાતે આવી ગયા અને સૌ પરિવારજનોના ક્ષેમકુશળ પૂછ્યા.

● સ્વ.પૂ. મૂળશંકરભાઈ મો.ભટ્ટ વ્યાખ્યાનમાળાના પાંચ સપ્ટેમ્બરને બદલે તા.૧૧મી સપ્ટેમ્બરના રોજ અઢારમાં મણકાનું વ્યાખ્યાન જાણીતા ગુજરાતી વાર્તાકાર, પટકથા લેખક અને નાટ્યકાર શ્રી રામ મોરીએ 'લોકજીવનમાંથી મળતાં કથા અને કિરદારો' વિષય પર રસપ્રદ રીતે રજૂ કર્યું. વક્તાશ્રીને શાલ અર્પણ કરીને આભારદર્શન શ્રી વિક્રમભાઈ ભટ્ટે કર્યું. અંતમાં શ્રી દર્શનાબહેન ભટ્ટે સુમધુર કંઠે ભજન રજૂ કર્યું. બૃહદ લોકભારતી પરિવારજનો ઉપસ્થિત રહ્યા.

● ગાંધીજયંતી નિમિત્તે આગલે દિવસે ગ્રામજીવન યાત્રાનો કાર્યક્રમ યોજાયો, તેમાં સૌ કાર્યકરો અને વિદ્યાર્થીઓ સણોસરા અને આજુબાજુનાં ગામોમાં ગ્રામજીવન પદયાત્રામાં જોડાયા. સવારે પ્રાતઃ પ્રાર્થના થઈ અને ૦૮-૩૦ કલાકે સારસ્વતભવનમાં સંમેલન યોજાયું, તેમાં બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા. વક્તા તરીકે બહુ જાણીતાં કર્મશીલ, ગ્રામશિલ્પી અને ખાસ કરીને આદિવાસી ક્ષેત્રમાં વર્ષોથી કાર્યરત અને સર્વાંગી વિકાસનું કાર્ય કરતાં શ્રી નિલમભાઈ પટેલે પોતાની વાતો સંવાદાત્મક શૈલીમાં રસપ્રદ રીતે રજૂ કરી. વક્તાનો આવકાર અને પરિચય શ્રી હસમુખભાઈ સુથારે અને આભારદર્શન શ્રી ગિરીશભાઈ દવેએ કર્યું. બપોર પછી એટનબરોની 'ગાંધી' ફિલ્મદર્શનનો સામૂહિક કાર્યક્રમ રહ્યો.

● આખા ચોમાસા દરમિયાન સતત ચિંતા કરાવીને રહીરહીને છેલ્લા વરસાદે આપણાં તળાવડાં ભરી દીધાં. પંચાયતીરાજ પાસે પાણી નીકળી ગયું, તેની ખુશાલીમાં નીર-વધામણાંનો એક નાનકડો ઉપક્રમ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના હસ્તે પૂજનવિધિ દ્વારા થયો. લોકભારતી પરિવારનો બહુ મોટો સમૂહ એકઠો થયો અને હરખ છલકાયો.

● તા.૨૯મી ઓગસ્ટના પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો એકવીશમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ આયોજિત થયેલ તે ભારે વરસાદની આગાહીઓ વચ્ચે મુલતવી રાખેલ, તે કાર્યક્રમ તા.૧૫મી ઑક્ટોબરના રોજ સારસ્વતભવનમાં યોજાઈ ગયો. તેમાં શ્રી અરુણભાઈ દવેએ મહેમાનોને આવકાર આપ્યો અને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી. વક્તાશ્રીનો પરિચય જાણીતા કેળવણીકાર અને લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના પૂર્વ આચાર્ય શ્રી મનસુખભાઈ સલ્લાએ આપ્યો. જાણીતા હાસ્ય લેખક અને ચિંતક મા. શ્રી રતિલાલભાઈ બોરીસાગરે 'દર્શકનું વાલ્મીકિ રામાયણનું મર્મદર્શન' વિષય ઉપર બહુ સરસ રીતે સૌને રસ પડે તેવું અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓઃ 'સર્વોદય' માટે શ્રી દોસ્તભાઈ બલોચ-અમરેલી, 'જળ સંસાધન' માટે શ્રી રતિલાલભાઈ સુદાણી-આણંદ, 'ગ્રામોત્થાન' માટે શ્રી પંકજભાઈ દવે-રાજકોટ, 'શિક્ષણ' માટે શ્રી તખુભાઈ સાંડસુર-વેળાવદર તથા 'પર્યાવરણ શિક્ષણ અને તાલીમ' માટે શ્રી સુમનભાઈ અને શ્રી રીટાબહેન-અમદાવાદનું શાલ-સન્માનપત્ર અને રૂપિયા એકવીશ હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું આભારદર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી ધરતીબહેન જોગરાણાએ કર્યું.

● વિશ્વગ્રામ સંસ્થાના શ્રી સંજય-તુલાના આયોજન તળે મણિપુરી લોકસંગીતનો એક સાંગીતિક કાર્યક્રમ 'મણિપુરનો નાદ' સારસ્વતભવનમાં યોજાઈ ગયો, તેમાં જાણીતા પાર્શ્વગાયિકા શ્રી મેઘા ડાલ્ટને પણ ગાંધીગીતો રજૂ કરી સૌને પ્રભાવિત કર્યા.

## - : સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિભાગવાર અહેવાલ : -

## ૦૧. લોકભારતી અધ્યાપનમંદિર

- કાર્યકર સંખ્યાઃ-

| ક્રમ | શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૦૫ | ૦૦ | ૦૫ |
| ૦૨ | ૦૧ (ટ્રસ્ટે રોકેલ શિક્ષકો) | ૦૧ | ૦૨ |

- આ શૈક્ષણિક વર્ષે પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની વિગતોઃ

| વર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૨૭ | ૭૦ | ૯૭ |
| દ્વિતીય વર્ષ | ૨૯ | ૫૪ | ૮૩ |
| કુલ | ૫૬ | ૧૨૪ | ૧૮૦ |

***લોકભારતી અધ્યાપનમંદિરમાં યોજાયેલ ક્ષમતાવર્ધન કાર્યક્રમો***

- બાવનમા બાલવાડી શિબિરની ઉદ્ઘાટન બેઠકમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નલિનભાઈ પંડિત (પૂર્વ નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી.), શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહ્યા. શિબિરમાં સંગીત, રમત, સર્જન અને જીવન કૌશલ કાર્યશાળાઓ યોજાઈ, જેમાં તજજ્ઞ વક્તાઓ તરીકે શ્રી વાસુદેવભાઈ સોઢા, શ્રી કૃષ્ણ દવે, શ્રી જીજ્ઞેશપુરી ગોસાઈએ બાળપ્રવૃત્તિ તેમ જ બાલગીતો તેમ જ અભિનય ગીતો દ્વારા વિદ્યાર્થીઓને અભિમુખ કર્યા હતા. જેમાં તાલીમાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.
- ૨૮, ફેબ્રુઆરીના રોજ સણોસરા તથા તેની આજુબાજુનાં ૧૦ ગામોની શાળાઓમાં તાલીમાર્થીઓએ જઈને વિજ્ઞાન દિનની ઉજવણી કરી.
- હિંગોળગઢના નિવૃત્ત RFO શ્રી વી.ડી. બાલા, પત્રકાર શ્રી મુકેશભાઈ પંડિત, ઉગામેડી શાળાના નિવૃત્ત આચાર્ય રમેશભાઈ અને દાતાઓએ ‘ચકલી બચાવો અભિયાન’ વિષે પ્રાસંગિક વાત કરીને ચકલીના માળાનું વિતરણ કર્યું. તેમ જ તાલીમાર્થીઓએ લોકભારતી કેમ્પસ પર વિવિધ જગ્યાએ માળા લગાવીને ચકલી દિવસની ઉજવણી સાર્થક કરી.
- ભાવનગર ડાયેટના પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટના નેતૃત્વમાં ડાયેટ, જિ.શિ. કચેરી, ઘરશાળા અધ્યાપનમંદિર અને પ્રા. શાળાના પ્રતિનિધિઓની બનેલી સાત સભ્યોની ટીમે વાર્ષિક નિરીક્ષણ સંદર્ભે આવીને શૈક્ષણિક અને વહીવટી કામગીરીનું નિરીક્ષણ કર્યું.
- નવા વર્ષના શૈક્ષણિક સત્રના આરંભે સંસ્થાના વડીલો શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સંમેલનમાં વિદ્યાર્થીઓને પ્રાસંગિક વાતો કરી.
- લોકભારતી અધ્યાપનમંદિર અને સણોસરાની તમામ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે સિંહોના સંરક્ષણ અને સંવર્ધન અંગેની જાગૃતિ લાવવા માટે બાળકોની રેલી લોકભારતીમાં કાઢવામાં આવી અને ‘વિશ્વ સિંહ દિવસ’ની ઉજવણી કરવામાં આવી. તાલુકાના ટી.પી.ઓ.શ્રી અને વન વિભાગ સિહોર રેન્જના શ્રી વિક્રમસિંહ ડોડિયા અને અન્ય ફોરેસ્ટ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.
- લોકભારતી ગ્રામવિદ્યાપીઠ દ્વારા યોજાતા રક્ષાબંધન, ૧૫મી ઑગસ્ટ, આનંદ બજાર, ગાંધીજયંતી, ગ્રામજીવન યાત્રા, વાર્ષિકોત્સવ, વિવિધ વ્યાખ્યાનમાળાઓ, સમૂહભોજન, રમતોત્સવ, સાહસ દોડ વગેરે કાર્યક્રમોમાં ભાગીદારી

કરી.

*અધ્યાપનમંદિર દ્વારા યોજાતા કાર્યક્રમો*

● ખજાનાની શોધ, ઉત્સવોની ઉજવણી, પ્રાયોગિક પાઠ, કમ્પ્યૂટર પાઠ, યોગ-સંમેલન, મંત્રીમંડળ, ભાષાદિનની ઉજવણી વગેરે જેવા ક્ષમતાવર્ધન કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ આયોજન-અમલની તાલીમ લીધી.

● દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો દીક્ષાંત-શુભેચ્છા કાર્યક્રમ યોજાયો, જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી હિતેન્દ્રસિંહજી પઢેરિયા ઉપસ્થિત રહ્યા. સંસ્થાના વડીલોએ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી. સાથે જ સમગ્ર વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિની ઝાંખી કરાવતો અંક 'સ્મરણમ મધુરમ'નું વિમોચન કરવામાં આવ્યું. છાત્રાલય અને વિદ્યાલયમાં નોંધપાત્ર કામગીરી કરનાર દ્વિતીય વર્ષના પાંચ તાલીમાર્થી ભાઈઓ અને પાંચ બહેનોને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યાં.

● પ્રથમ વર્ષના તાલીંમાર્થીઓએ પ્રવેશ મેળવતાં દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ પરંપરાગત વિધિ અને લેજીમના તાલે નવા તાલીમાર્થીઓનું સ્વાગત કર્યું.

● ૭૭મા સ્થાપના દિનની ઉજવણી થઈ. જેમાં સંસ્થા પરિવારના શ્રી અરુણભાઈ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ સહીત અન્ય વિભાગના વડાઓ ઉપસ્થિત રહ્યા. તાલીમાર્થીઓ દ્વારા રાત્રે સાંસ્કૃતિક અભિવ્યક્તિમાં અભિનય ગીત, ગરબા, એકપાત્રીય અભિનય રજૂ થયાં.

● પ્રકૃતિદર્શન માટેનો કાર્યક્રમ ખજાનાની શોધ યોજાયો. દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ પાયલોટ ટુકડીની ભૂમિકામાં રહીને પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને લીલી વનરાઈ અને ડુંગરો વચ્ચે ભ્રમણ કરાવ્યું. આંબલા ખાતે ચાલતી મોજીલી પ્રાથમિક શાળાનાં બાળકોની રાસ ગરબાની પ્રસ્તુતિ માણી. સંસ્થાના પરિવારજનો પણ આ નિમિત્તે જોડાયા.

● શિક્ષકદિન પ્રસંગે તાલીમાર્થીઓએ આચાર્ય, ઉપાચાર્ય, અધ્યાપક, ગૃહપતિ, ગૃહમાતા અને સેવક તરીકેની ભૂમિકા ભજવવાની કામગીરી કરી.

● શ્રી દિનુભાઈ ચુડાસમાએ વર્તમાન સમયમાં 'ગાંધી મૂલ્યોની આવશ્યકતા' વિષય પર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું.

● પાલીતાણા ખાતેની GST કચેરીના અધિકારી શ્રી લાલજીભાઈ જોગરાણાએ કારકિર્દી ઘડતર અંગે પ્રેરણાત્મક વાતો કરી.

બાલવાડી શિબિર : ત્રેપનમો બાલવાડી શિબિર કાર્યક્રમ યોજાયો. જેમાં ઉદ્ઘાટન બેઠકમાં મુખ્ય મહેમાન શ્રી નલિનભાઈ પંડિત (પૂર્વ નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી.), શ્રી ટી.એસ. જોષી (પૂર્વ નિયામક, જી.સી.ઈ.આર.ટી અને ચેઅર પ્રોફેસરશ્રી, ગિજુભાઈ બધેકા ચેઅર, ચિલ્ડ્રન રીસર્ચ યુનિ., ગાંધીનગર) આ. શ્રી અરુણભાઈ દવે (મેને.ટ્રસ્ટીશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા) શ્રી રવીન્દ્રભાઈ અંધારિયા (ગુ.હ.સંઘવી બી.એડ. કૉલેજ-ભાવનગરના પૂર્વઆચાર્ય) ઉપસ્થિત રહ્યા હતા. સંગીત, રમત, સર્જન અને જીવન કૌશલ કાર્યશાળાઓ યોજાઈ. આ શિબિરમાં મુખ્ય વક્તા તરીકે શ્રી રવીન્દ્રભાઈ અંધારિયા, શ્રી તરુણભાઈ કાટબામણા, શ્રી બંસીબેન લખતરિયા, શ્રી કિરીટભાઈ ગોસ્વામી તથા શ્રી મહાવીરસિંહ ગોહિલ દ્વારા બાલવાર્તાઓ, બાલગીતો તેમ જ અભિનય ગીતો કરાવ્યા હતા. સમાપન બેઠકમાં આ. શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી કાંતિભાઈ ગોઠી ઉપસ્થિત રહ્યા.

**સજ્જતા–વિસ્તરણ કાર્યક્રમો**

***ઈન્ટર્નશીપ***

● દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ યોજાઈ, જેમાં માંડવડા-૧, ભારાપરા, સરકડિયા, પીપરડી, ભૂતિયા,

મોટી ખોખરી(દ્વારકા), ચાંપરડા, અમૃતવેલ નેસ, જસાધાર, ચિખલકુબા, બળધોઈ વગેરે શાળાઓમાં તાલીમાર્થીઓએ શૈક્ષણિક કાર્યની સાથે રમતોત્સવ, વૃક્ષારોપણ, બાલમેળા, ખજાનાશોધ, ચિત્ર દોરવા, વાચન-લેખનસ્પર્ધા, નિબંધલેખન, વકતૃત્વસ્પર્ધા, શાળા સફાઈ, અભિનય ગીતો જેવી પ્રવૃત્તિઓ કરાવી અધ્યયન અનુભવો મેળવ્યા.

● પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની અભ્યાસક્રમના ભાગરૂપે ઈન્ટર્નશીપ યોજાઈ. જેમાં એક દિવસ માઈધાર સંસ્થામાં જઈ ડૉ. ભાવનાબેન પાઠકના માર્ગદર્શન તળે પર્યાવરણ વિષયનું અધ્યાપન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓની સમજ મેળવી. જ્યારે બીજા દિવસે દક્ષિણામૂર્તિ બાલમંદિર અને બાલ અધ્યાપનમંદિર, અંધ ઉદ્યોગશાળા અને ઘરશાળા અધ્યાપનમંદિરની મુલાકાત લઈને ત્યાંની પ્રવૃત્તિઓ વિષે જાણકારી મેળવી.

● આકાશદર્શનના કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબેન જોગરાણાએ આકાશદર્શન પૂર્વે સંમેલનમાં તાલીમાર્થીઓને 'બ્રહ્માંડની સફરે' વિષય હેઠળ બ્રહ્માંડનાં તથ્યો વિષે આંકડાકીય વિગતો રસપ્રદ વિષે સમજાવી અને રાત્રે રાજેન્દ્રહિલ પર આકાશીય પિંડો, તારાઓ-ગ્રહોની ઉત્પત્તિ, તેની સાથે જોડાયેલી પૌરાણિક દંતકથાઓ, તેનું સ્થાન, નક્ષત્રો, રાશિઓ વિષે ઊંડી સમજ આપી.

● 'છાત્રાલય જીવન' વિષય પર શ્રી અરુણભાઈ દવેએ વક્તવ્ય આપ્યું. વર્તમાન સમયના સમાજમાં જે સમસ્યાઓ છે તેનાથી અવગત કર્યા. 'જીવન જીવવાની કળા' અને 'છાત્રાલય જીવન'ના મહત્ત્વ વિષે સમજાવ્યું.

***વાચનપર્વ:-***

વાચનપર્વ સત્રમાં એક વખત નિયમિત રીતે યોજાય છે. જેની અસર આપણને પોરસ ચડાવે તેવી થઈ. સર્વોદય સહકારી પુસ્તક ભંડારમાંથી તાલીમાર્થીઓએ નોંધપાત્ર સંખ્યામાં પુસ્તક ખરીદ્યાં, તેમ જ વાંચ્યા-વંચાવ્યા.

**વિશેષ:** આ વર્ષથી અધ્યાપનમંદિર દર્પણમાં અધ્યાપનમંદિરના દરેક કાર્યક્રમો-પ્રવૃતિઓનો અહેવાલ પ્રગટ થાય છે.

***મુલાકાતી વ્યાખ્યાતાઓ***

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી રમાબેન દેવમુરારિ | સંગીત શિક્ષક |
| ૨ | શ્રી અર્ચનાબેન દવે | પર્યાવરણ અને વિજ્ઞાન શિક્ષણ |
| ૩ | શ્રી ભૂપેન્દ્રસિંહજી ગોહિલ | ચિત્ર શિક્ષક |

***આગામી કાર્યક્રમો:***

(૧) ઈન્ટર્નશીપ કાર્યક્રમ :- કચ્છ, દ્વારકા, શિયાળબેટ, જૂનાગઢ નેસ વગેરે જેવી ૧૬ ટુકડીઓ અલગ અલગ શાળામાં જઈને ઈન્ટર્નશિપ કાર્યક્રમ કરશે (૨) શૈક્ષણિક પ્રવાસ સ્વયંપાક (૩) રમતોત્સવ

## ૦૨. લોકસેવા મહાવિદ્યાલય

● સ્ટાફ :-

| વિભાગ | અધ્યાપકો | વહીવટી કાર્યકરો | સંસ્થાએ રોકેલ કાર્યકરો | કુલ |
|---|---|---|---|---|
| લોકસેવા મહાવિદ્યાલય | ૦૭ | ૦૩ | ૦૪ | ૧૪ |

● *વિદ્યાર્થી સંખ્યા :*

| વર્ષ | વિદ્યાર્થી સંખ્યા-ભાઈઓ | વિદ્યાર્થી સંખ્યા-બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૪૯ | ૨૦ | ૬૯ |
| દ્વિતીય વર્ષ | ૩૩ | ૨૯ | ૬૨ |
| તૃતીય વર્ષ | ૩૬ | ૩૪ | ૭૦ |
| કુલ | ૧૧૮ | ૮૩ | ૨૦૧ |

***શૈક્ષણિક કાર્યક્રમો:***

● ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો ફોટો ફંક્શન અને શુભેચ્છા કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે અને સૌ હોદ્દેદારોએ વિદ્યાર્થીઓને કારકિર્દી અને જીવનમાં આગળ વધવાનું માર્ગદર્શન આપ્યું, વિદ્યાર્થીઓએ સંસ્મરણો રજૂ કર્યા.

● ઇનોવેશન ટૂલ કીટ રોબોકાર્ડ ટ્રેનિંગ કાર્યક્રમ સંદર્ભે મુંબઈ વીરમાતા જીજાબાઈ ટેક્નૉલૉજીકલ ઇન્સ્ટિટ્યૂટના શ્રી સૌરભભાઈ તાંબે દ્વારા ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓનું ઇલેક્ટ્રોનિક અને ઇલેક્ટ્રીક ગેજેટની પ્રાથમિક માહિતી પ્રત્યક્ષ તાલીમ ટૂલકીટ અને નિદર્શન દ્વારા રજૂ થયા. આ કાર્યક્રમનું સંકલન શ્રી કિશોરભાઈ હીરાણીએ કર્યું . શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સમાપન બેઠકમાં વક્તવ્ય આપ્યું અને શ્રી મનોજભાઈ અગ્રાવત દ્વારા આભાર વિધિ કરવામાં આવી.

● વિદ્યાર્થીઓ દ્વારા ખજાનાની શોધ કાર્યક્રમનું આયોજન થયું. કાલભૈરવ આશ્રમ ખાતે સમાપન કરવામાં આવ્યું.

● પ્રથમ વર્ષના ગુજરાતી મુખ્ય વિષયના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ વર્ગનું આયોજન થયું, જેમાં શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયાનું માર્ગદર્શન મળ્યું.

● લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થી શ્રી મનોજભાઈ અગ્રવાત અને શ્રી ધીરુભાઈ રાઠોડના માર્ગદર્શન નીચે આણંદ કૃષિ યુનિવર્સિટી અને અમુલ ડેરીની મુલાકાત અર્થે શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા.

ઉત્સવોની ઉજવણી: લોકભારતીના સામૂહિક ઉજવણીમાં સામેલ થયા.

***NSS પ્રવૃત્તિઓ***

| ક્રમ | તારીખ | પ્રવુતિઓ | ભાગીદારી |
|---|---|---|---|
| ૧ | ૫-૦૬-૨૪ | પર્યાવરણ દિવસ ઉજવણી | લોકસેવા |
| ૨ | ૨૧-૦૬-૨૪ | વિશ્વ યોગ દિવસની ઉજવણી | લોકસેવા |
| ૩ | ૦૮-૦૭-૨૪ | એક વૃક્ષ મા કે નામ-વૃક્ષારોપણ | લોકસેવા |
| ૪ | ૨૨-૦૭-૨૪ | પ્રથમ વર્ષ પ્રવેશોત્સવ | પ્રથમ વર્ષ |
| ૫ | ૧૩-૦૮-૨૪ | હરઘર તિરંગા કાર્યક્રમ | એસ.વાય બી.આર.એસ |
| ૬ | ૨૧-૦૮-૨૪ | પ્રકૃતિ દર્શન-કાળભૈરવ આશ્રમ | સમગ્ર લોકસેવા |
| ૭ | ૧૪-૦૯-૨૪ | સેનીટેશન જાગૃતિ કાર્યક્રમ | સમગ્ર બહેનો |
| ૮ | ૧૪-૦૯-૨૪ | સ્વચ્છતાહી સેવા અંતગર્ત વકૃત્વ કાર્યક્રમ | સમગ્ર લોકસેવા |
| ૯ | ૧૭-૦૯-૨૪ | ભાવનગર યુનિવર્સિટી કક્ષાએ ભાગ લેવા | ધવલ, રાહુલ, શિવમ |
| ૧૦ | ૧૯-૦૯-૨૪ | ભાવનગર યુનિવર્સિટી કક્ષાએ ભાગ લેવા | રાઠોડ ધવલ |
| ૧૧ | ૨૨-૦૯-૨૪ | રાજ્યકક્ષાની એકપાત્રીય અભિનય સ્પર્ધામાં ભાગ લેવા (ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ) | લુણી ધવલ |
| ૧૨ | ૨૬-૧૦-૨૪ | યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ-૨૦૨૪ | લોકસેવા |

*રમત ગમત*

વિદ્યાર્થીઓનો રમોત્સવ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ઉદ્ઘાટક શ્રી કાંતિભાઈ ગોઠી અને ડૉ. હસમુખભાઈ સુથાર હતા, જ્યારે સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

*બુધ સંમેલન*

વિદ્યાર્થીઓનું સમગ્ર દર્શન વિકસે અને પોતાના વિવિધ કાર્યક્રમોના અનુભવો માટે રજૂ કરી શકે એ માટે આ પ્લેટફોર્મ ઉપયોગી રહ્યું છે.

| ક્રમ | તારીખ | વિષય | વિદ્યાર્થીઓ (વક્તાઓ) |
|---|---|---|---|
| ૧ | ૧૦-૦૧-૨૪ | રામકથા બોધ | (નીતિનભાઈ અને જીજ્ઞેશભાઈ) |
| ૨ | ૧૭-૦૧-૨૪ | AI ટેકનોલોજી | (કુમારભાઈ) |
| ૩ | ૩૧-૦૧-૨૪ | વિકસિત ભારત ૨૦૪૭ | (હસમુખભાઈ સુથાર) |
| ૪ | ૨૧-૦૨-૨૪ | કૃષિ ઉત્પાદનોનું મૂલ્યવર્ધન | હિતેશ, કુલદીપ, દ્રષ્ટિ, અંજલી(મનોજભાઈ) |
| ૫ | ૨૭-૦૩-૨૪ | દેશના વિકાસમાં ટેકનોલોજીની ભૂમિકા | કનુ, રોનક, દિશા, નિશા (યોગેશભાઈ) |
| ૬ | ૧૯-૦૬-૨૪ | લોકભારતીમાંથી શું શીખ્યા? | હસમુખભાઈ સુથાર |
| ૭ | ૨૬-૦૬-૨૪ | રાષ્ટ્રભક્તિ | ગોપી (વિશાલભાઈ જોશી) |
| ૮ | ૦૩-૦૭-૨૪ | NAAC અનુસંધાને ચર્ચા | (ધીરુભાઈ અને વિશાલભાઈ) |
| ૯ | ૧૭-૦૭-૨૪ | NAAC Peer Team visit | (પરીતાબેન) |
| ૧૦ | ૩૧-૦૭-૨૪ | NAAC Peer Team visit | વિદ્યાર્થી રજૂઆત (કુમારભાઈ) |
| ૧૧ | ૧૪-૦૮-૨૪ | NAAC, SSR | (વિશાલભાઈ જોશી) |
| ૧૨ | ૨૦-૦૮-૨૪ | પ્રકૃતિદર્શન કાર્યક્રમ અભિમુખતા | (હસમુખ સુથાર,ધીરુભાઈ, નીતિનભાઈ) |
| ૧૩ | ૨૫-૦૯-૨૪ | વિશ્વશાંતિની ગુરુકિલ્લી | (રામચંદ્રભાઈ પંચોળી) |
| ૧૪ | ૦૯-૧૦-૨૪ | Live with Less | વિક્રમ, છાયા (ધીરુભાઈ) |
| ૧૫ | ૧૬-૧૦-૨૪ | વિકસિત ભારત | વનિતા, વિવેક (કુમારભાઈ) |
| ૧૬ | ૨૨-૧૦-૨૪ | યુવાનો માટેના પ્રેરક પ્રસંગો | રાજેન્દ્રભાઈ ચોટલિયા |
| ૧૭ | ૨૩-૧૦-૨૪ | ગ્રામવિકાસ | રાજન, જાગૃતિ (નીતિનભાઈ અને કિશોરભાઈ) |
| ૧૮ | ૧૩-૧૧-૨૪ | આપણું બ્રહ્માંડ | હસમુખભાઈ દેવમુરારિ , ધરતીબહેન જોગરાણા |
| ૧૯ | ૨૦-૧૧-૨૪ | આપણો દેશ આપણું લોકતંત્ર | સંયુક્ત ચિંતન |
| ૨૦ | ૦૪-૧૨-૨૪ | મણીપુર ક્રાઈસીસ | દિશાબહેન અને રાજવીરભાઈ(હસમુખભાઈ) |

*શનિ સંમેલનઃ*

વિદ્યાર્થીઓનું સમગ્ર અખંડદર્શન વિકસે તેમ જ તેમને દેશના અને વૈશ્વિક પ્રશ્નો સંદર્ભે સમજ કેળવાય એ માટે યોજાતું અઠવાડિક સંમેલન ઉપયોગી સાબિત થયું છે.

| ક્રમ | તારીખ | વિષય | વિદ્યાર્થીઓ (વક્તા/અધ્યાપક) |
|---|---|---|---|
| ૧ | ૧૩-૦૧-૨૪ | ખેતીના પ્રશ્નો | નીગમભાઈ શુક્લ |
| ૨ | ૦૩-૦૨-૨૪ | કાર્યાનુભવના અનુભવો | પાર્થિવ, દર્શન(અલ્કેશભાઈ)<br>અપેક્ષા, ઇશા (યોગેશભાઈ) |
| ૩ | ૧૦-૦૨-૨૪ | ઉદ્યોગ સાહસિકતા તાલીમ કાર્યક્રમ | માધવ, ગોવિંદ, કવિત (વિશાલભાઈ) |
| ૪ | ૧૭-૦૨-૨૪ | રમતોત્સવ દ્વારા દેશ વિકાસ | (હસમુખભાઈ સુથાર) |
| ૫ | ૨૨-૦૬-૨૪ | ભારતની ભૂગોળ અને આબોહવા | દીપિકા, રોનક (મનોજભાઈ) |
| ૬ | ૨૯-૦૬-૨૪ | NAAC મૂલ્યાંકન | (હસમુખભાઈ સુથાર) |
| ૭ | ૦૬-૦૭-૨૪ | આપણા શિક્ષણના અનુભવો | (નીતિનભાઈ ભીંગરાડિયા) |
| ૮ | ૨૭-૦૭-૨૪ | NAAC PEER TEAM VISIT | (મનોજભાઈ, ધીરુભાઈ, વિશાલભાઈ) |
| ૯ | ૦૩-૦૮-૨૪ | NAAC PEER TEAM VISIT | (કાંતિભાઈ) |
| ૧૦ | ૧૦-૦૮-૨૪ | NAAC PEER TEAM VISIT | (રાજેન્દ્રભાઈ ખીમાણી) |
| ૧૧ | ૧૭-૦૮-૨૪ | NAAC SSR | (વિશાલભાઈ જોષી) |
| ૧૨ | ૨૯-૦૯-૨૪ | DEVELOPMENT AND GROWTH | (હસમુખભાઈ સુથાર, કિશોરભાઈ) |
| ૧૩ | ૧૪-૦૯-૨૪ | NSS વકૃત્વસ્પર્ધા | - |
| ૧૪ | ૨૮-૦૯-૨૪ | ગાંધીજીવન પદયાત્રા પર ચર્ચાસભા | કવિત (મનોજભાઈ) |
| ૧૫ | ૧૨-૧૦-૨૪ | Sustainable development Goals | સ્નેહા, આદિલ (જીજ્ઞેશભાઈ) |
| ૧૬ | ૧૯-૧૦-૨૪ | સકારાત્મક વ્યક્તિત્વ વિકાસ શી રીતે? | સંગીતાબેન, ભાવિકભાઈ (અલ્કેશભાઈ) |
| ૧૭ | ૨૬-૧૦-૨૪ | ભારતનું અર્થકરણ | ગાયત્રીબેન, હંસરાજભાઈ (અલ્કેશભાઈ) |
| ૧૮ | ૨૩-૧૧-૨૪ | વાંચન શા માટે? | નિશાબેન અને ભાવેશભાઈ (ધીરુભાઈ) |
| ૧૯ | ૦૭-૧૨-૨૪ | માનવીય અભિગમ | વનિતા અને દર્શનભાઈ (વિશાલભાઈ) |

***વિસ્તરણ પ્રવૃત્તિ***

● બીજા વર્ષ વિસ્તરણના સૌ છાત્રો શ્રી મનોજભાઈ અગ્રાવતના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કૃષક સુવર્ણ સમૃદ્ધિ સપ્તાહમાં સઘન રીતે જોડાયા.

● બીજા વર્ષના વિદ્યાર્થીઓ સણોસરા ગામના સામૂહિક આરોગ્ય કેન્દ્ર વગેરેની મુલાકાત લઈ તેની અસર, કાર્ય વગેરેનો અભ્યાસ કાર્યો અને લોકોને થતી મુશ્કેલીઓ અંગે માહિતગાર થયા.

***એગ્રોનોમી તથા પશુપાલનના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા સંશોધન પ્રયોગોની યાદી***

● એગ્રોનોમીના મુખ્ય વિષયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ મગની જાત ઉપર પ્રયોગો કર્યા, માર્ગદર્શન કિશોરભાઈ હીરાણીએ આપ્યું.

● પશુપાલન મુખ્ય વિષયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ પશુપાલકોના પ્રશ્નો અને ઉકેલો પર શોધ નિબંધ રજૂ કર્યો. માર્ગદર્શક શ્રી ધીરુભાઈ રાઠોડ હતા.

● પશુપાલન મુખ્ય વિષયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ ગાયોને વેક્સીન ડોઝ આપ્યા.

● વિસ્તરણ શિક્ષણના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ ગામોની આર્થિક સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો, જેમાં માર્ગદર્શન શ્રી રેખાબેન વ્યાસ અને શ્રી મનોજભાઈ અગ્રાવત દ્વારા થયું.

● વિસ્તરણ શિક્ષણના  વિદ્યાર્થી દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમ, રાજકોટ સંસ્થાની મુલાકાત લઈને તેની કામગીરીનો ઊંડો અભ્યાસ કર્યો.

***અધ્યાપકોની વૈધાનિક મંડળોમાં નિમણૂક અને બહારના સેમિનાર/વર્કશોપમાં ભાગીદારી***

● ડૉ. હસમુખ સુથારને રુરલ ફેકલ્ટીના ડીન તરીકે મ.કૃ. ભાવનગર યુનિ.એ નિયુક્ત કર્યા.

● આ વર્ષે શ્રી અલ્કેશભાઈ ચૌહાણની એમ.કે. ભાવનગર યુનિ.ના ગ્રામવિદ્યા લોકશિક્ષણ બોર્ડના ચેરમેન તરીકે નિમણૂક થઈ.

● શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા આંબલા સંસ્થા દ્વારા આયોજિત અભિમુખતા શિબિરમાં 'ગ્રામાભિમુખ કેળવણી દ્વારા ગ્રામોદ્ધાર' વિષય પર વક્તવ્ય  આપેલ.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં શ્રી વિશાલભાઈ જોશીએ 'વ્યાકરણ તથા ભાષાંતર' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું.

● KCG અમદાવાદ ખાતે 'Digital Empowerment and Cyber Security' વિષય પરના વર્કશોપમાં અધ્યાપક શ્રી કુમારગૌરવ પુરોહિત તથા શ્રી ભાનુપ્રસાદ ટુંડિયા જઈ આવ્યા.

● શ્રી વિશાલભાઈ જોષીએ 'કમલમ' ગાંધીનગર ખાતે યોજાયેલ 'સબ કે રામ ઓન ઈન્સ્ટાગ્રામ'ના કાર્યક્રમમાં કાવ્યલેખનનું પ્રથમ પારિતોષિક મેળવ્યું. શ્રી વિશાલભાઈએ પંચાયતીરાજ તાલીમકેન્દ્રની મુખ્ય સેવિકા બહેનોનું અંગ્રેજી ભાષા સજ્જતા અંગે માર્ગદર્શન કર્યું.

● ડૉ. ધીરુભાઈ રાઠોડ આત્મીય યુનિ. રાજકોટ આયોજિત જીવનવિદ્યા અધ્યયન શિબિરમાં ભાગ લેવા જઈ આવ્યા.

વિદ્યાર્થી કાઉન્સેલિંગ/વિશેષ માર્ગદર્શન

● લોકસેવા મહાવિદ્યાલય લોકભારતીના નેજા તળે ચાલતા વિદ્યાર્થી કાઉન્સિલિંગ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં (૨૦૨૦-૨૦૨૪) સુધીમાં B.R.S., B.Voc. ના ઘણા વિદ્યાર્થીઓ અલગ અલગ ક્ષેત્રોમાં કાર્યરત થયા. જેમાં શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં ૧૩ વિદ્યાર્થીઓ, અલગ અલગ ઇન્સ્ટિટ્યૂટમાં ૨૮ વિદ્યાર્થીઓ, બેંકિંગ ક્ષેત્રે ૦૩ વિદ્યાર્થીઓ, પોલીસ ડિપાર્ટમેન્ટમાં ૦૨ વિદ્યાર્થીઓ, ગ્રામ સેવકમાં ૦૯ વિદ્યાર્થીઓ, આર્મી અથવા સંરક્ષણમાં ૦૪ વિદ્યાર્થીઓ, વિવિધ એન.જી.ઓ.માં ૧૮ વિદ્યાર્થીઓ અને અલગ અલગ વ્યવસાયમાં ૦૫ વિદ્યાર્થીઓ જોડાયેલ છે.

● આગાખાન દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યૂ યોજાઈ ગયો.

● વિદ્યાર્થી કાઉન્સિલિંગ સેલ દ્વારા દર વર્ષે ત્રીજા વર્ષના અંત ભાગમાં વિવિધ એજન્સીઓ દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યૂ ગોઠવવામાં આવ્યા, જેમાં પીડીલાઈટ, VRTI-માંડવી, એગ્રોસેલ, CEE-, ઇફક્કો, બાયેફ, સેવા સંસ્થા, માહી ડેરી, જૈન ઈરીગેશન તથા અન્ય એન.જી.ઓ. સંસ્થાઓએ પોતાની જરૂરિયાત પ્રમાણે પસંદગી કરી.

***અધ્યાપકો દ્વારા પ્રકાશિત થયેલ લેખો:***

● શ્રી વિશાલભાઈ જોષીનો સુરભી પિયર રીવ્યૂડ ઇન્ટરનેશનલ જર્નલના ઓક્ટોબર-૨૦૨૪ અંકમાં NATURE AND CULTURAL INTERWIND: AN ECONOCRITICAL STUDY OF ZAVERCHAND MEGHANEE'S JATASHANKAR , THE VILLAGE COURIER AND A HORSERACE શીર્ષક ઉપર સંશોધન લેખ પ્રકાશિત થયો.

● જૂન-૨૦૨૪ના કોડિયું સામયિકમાં અધ્યાપકશ્રી વિશાલભાઈ જોષીનો શબરી ઉપરનો લેખ રજૂ કર્યો.

***મૂલ્યાંકન***

● 'નેક' એસ.એસ.આર. માન્ય થતાં તા.૦૬થી ૦૭-૦૯-૨૪ દરમિયાન નેક પિયર ટીમ દ્વારા સંસ્થાની મુલાકાત ડૉ. વિજયવીરસિંહ(ચેરમેનશ્રી), ડૉ. જે.પી. સિંગ(સભ્ય સચિવશ્રી) તથા ડૉ. મંજુરઅલી (સભ્યશ્રી) દ્વારા બનેલ ત્રણ સભ્યોની સમિતિ દ્વારા થઈ. તેઓએ આ દરમિયાન સંસ્થાના વડીલો સાથે બેઠક, આચાર્ય તથા સૌ સ્ટાફ સાથે ચર્ચા-વિમર્શ કર્યા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે બેઠકો કરી તથા ગ્રામમુલાકાત દ્વારા ખેડૂત લાભાર્થીઓ સાથે વાર્તાલાપ પણ કર્યો. સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત લઈ અહીંના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કાર્યોને સમજવા પ્રયાસ કર્યો. તેઓએ સંસ્થાનાં કાર્યોની સરાહના કરી તથા ઉપયોગી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું. નેક દ્વારા લોકસેવા મહાવિદ્યાલયને 'બી' ગ્રેડ આપવામાં આવ્યો.

● એન.ઈ.પી. અભ્યાસક્રમને એમ.કે. ભાવનગર યુનિ.ના ગ્રામવિદ્યા વિદ્યાશાખાના સંયુક્ત બોર્ડ દ્વારા માન્યતા મળી.

## ૦૩. લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશન

લોકભારતી યુનિવર્સિટીની સ્થાપના જૂન-૨૦૨૨માં થઈ. યુનિવર્સિટીમાં School of Skills and Entrepreneurship અને School of Humanities and Social Science એમ ૦૨ સ્કૂલ્સમાં કુલ ૦૬ Degree Programme શરૂ કરવામાં આવેલ છે. (૧) Department of Agronomy, Department of Animal Husbandry and Dairy Science, Department of Agro Processing, Department of Natural Farming, Department of Psychology ??? Department of English and Communication Skills છે. આ ૦૨ સ્કૂલ્સ કુલ ત્રણ પ્રકારની સ્નાતક ડિગ્રી આપે છે. : Bachelor of Arts, Bachelor of Vocation અને Bachelor of Rural Studies.

***વિભાગવાર વિદ્યાર્થીઓની સંખ્યા***

| ક્રમ | વિભાગ | વર્ષ | બહેનો | ભાઈઓ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બી.એ. | પ્રથમ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૨ | | દ્વિતીય | ૦૩ | ૦૬ | ૦૯ |
| ૩ | | તૃતીય | ૦૨ | ૦૯ | ૧૧ |
| ૧ | બી.આર.એસ. | પ્રથમ | ૦૨ | ૫૧ | ૫૩ |
| ૨ | | દ્વિતીય | ૦૨ | ૭૨ | ૭૪ |
| ૩ | | તૃતીય | ૦૬ | ૪૬ | ૫૨ |
| ૧ | બી.વૉક. | પ્રથમ | ૦૪ | ૩૨ | ૩૬ |
| ૨ | | દ્વિતીય | ૦૬ | ૩૪ | ૪૦ |
| ૩ | | તૃતીય | ૦૭ | ૪૪ | ૫૧ |
| | કુલ સંખ્યા | | ૩૪ | ૨૯૪ | ૩૨૮ |

***કાર્યકરોની સંખ્યા :***

| ક્રમ | વિગત | બહેનો | ભાઈઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક કાર્યકરો | ૦૩ | ૧૧ | ૧૪ |
| ૨ | બિનશૈક્ષણિક કાર્યકરો | ૦૧ | ૦૫ | ૦૬ |
| | કુલ | | | ૨૦ |

***થયેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓ :***

● શ્રી સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત બેલા ખાતે યોજાયેલ ૫૮મી રેલીનો વિષય 'સ્પોકન ઇંગ્લિશ' રાખવામાં આવેલો. આ રેલી દરમિયાન અંગ્રેજી વિભાગના તમામ કાર્યકરો અને વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા ભણવાની અને ભણાવવાની વિવિધ પ્રવૃતિઓનો અભ્યાસ કરવા આ રેલીમાં એક દિવસ હાજર રહેલા. રેલી દરમિયાન તૈયાર કરેલ વિવિધ પ્રવૃતિઓમાં રસપૂર્વક જોડાયા.

● પ્રથમ વર્ષ બી.આર.એસ.માં પશુપાલનનો વિષય ભણતાં કુલ ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ સર્વોત્તમ ડેરી એન્ડ કેટલ ફાર્મ ફેક્ટરી, સિહોર, ભાવનગરની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેમને ડેરી અને ખંડનના વિવિધ ઘટકોની ખૂબ મહત્ત્વની અને અભ્યાસલક્ષી માહિતી મેળવી.

● ઇન્ટર્નશિપમાં Natural Farming Departmentના વિદ્યાર્થી આર્યન પાનસેરિયાનું સીલેક્સન થયું. આ ઇન્ટર્નશિપમાં ૦૫ દિવસ induction workshop દિલ્હી ખાતે હતો. ત્યારબાદ ૩૦ દિવસ ઇન્ટર્નશિપમાં ફિલ્ડવર્ક રાજસ્થાન (સેવામંદિર NGOમાં) અને ૧૫ દિવસ રિપોર્ટ રાઇટીંગ એમ કુલ ૫૦ દિવસની ઇન્ટર્નશિપ હતી. જેમાં રાજસ્થાનના ચારભૂજા આસપાસના ગામોમાં 'ખેડૂતોને ઓર્ગેનિક ફાર્મિંગની તકો અને પડકારો'ના વિષય પર રિસર્ચ કરવાનું હતું. જેમાં ખેડૂતો સાથે વાતચીત કરી, તેમની ખેતી પદ્ધતિ સમજી તેના આધારે એક રીસર્ચ પેપર તૈયાર કર્યું અને NGOમાં સબમિટ કર્યું હતું.

● વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શ્રી સચીનભાઈ ધોકિયાએ 'વૃક્ષનું આપણા જીવનની અંદર કેટલું મહત્ત્વ છે અને પર્યાવરણની જાળવણી કરવામાં નહિ આવે તો ભવિષ્યમાં આપણે ખેતી અને જીવનમાં કેટલી મુશ્કેલીઓ આવશે' તેના વિશે સૌને જાગૃત કરવામાં આવ્યા. ત્યારબાદ પ્રેક્ટીકલની અંદર વૃક્ષ સાથે વાત (Talk to Tree) કરવા વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું.

● ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા 'ગંગામા મંડળ' તૈયાર કરવામાં આવ્યું. તેનો મુખ્ય હેતુ થોડી જમીન હોય તેવા લોકોને આખા વર્ષ દરમ્યાન પાંચ સભ્યના પરિવારને શાકભાજી મળી રહે તેવો હોય છે. તેનું ખૂબ જ સારી રીતે આયોજન કરવામાં આવ્યું. અને તેનું સારું પરિણામ મળ્યું. આ કાર્યક્રમ KVK સાથે મળીને કરવામાં આવ્યો હતો.

● B. Voc. Natural Farming બીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા ઓછા ખર્ચે પ્રકાશ પિંજર તૈયાર કરવામાં આવ્યું. તેનો મુખ્ય ઉપદેશ નાના ખેડૂતો તેના ખેતર પર જ આવી રીતે પ્રકાશ પિંજર બનાવી શકે તેવો હતો. તેના દ્વારા પ્રકાશથી આકર્ષિત થતી જીવાતો અને ફૂદ્દાનો ઉપદ્રવ ઘટાડી શકાય છે.

● B. Voc. Natural Farming ત્રીજા વર્ષના આઠ વિદ્યાર્થીઓ પાર્થ ફાર્મ-પંચગીની, મહારાષ્ટ્ર ગયા. ત્યાં બ્લુબેરીની ખેતી અને સંશોધન કરવામાં આવે છે. આ ફાર્મના માલિક અંબરીશભાઈ કરવત છે. આ ઇન્ટર્નશિપ દરમિયાન તેઓને બ્લુબેરીના ટીસ્યુકલ્ચર પદ્ધતિથી રોપા તૈયાર કરવા, રોપણી, જળવણી કેવી રીતે કરવી તે શીખવવામાં આવ્યું. બ્લુબેરીની ખેતી જમીન સિવાય કઈ રીતે કરી શકાય તે પદ્ધતિ ગ્રો-બેગ પદ્ધતિ વિષે જાણકારી આપવામાં આવી. વિદેશમાંથી બ્લુબેરીના

પ્લાન્ટ કેવી રીતે આયાત કરવા તેની જાણકારી આપવામાં આવી.

● બી. વોક. નેચરલ ફાર્મિંગ બીજા વર્ષના વિદ્યાર્થીની ઇન્ટર્નશિપ નિસર્ગ ઓર્ગેનિક ફાર્મ ખાતે થઈ, ત્યાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ૬૦ જેટલી ઓર્ગનિક પ્રોડકટનું માર્કેટિંગ કર્યું. કેવા લોકો તે પ્રોડકટ પસંદ કરશે તેનો ડેટા મેળવ્યો. ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા માર્કેટિંગ વિશે શીખવામાં અને ઉપયોગ કરવામાં આવ્યો. પ્રોડક્ટનું પેકેજિંગ વિશે માહિતગાર કરવામાં આવ્યા.

● 'સર્વોદય—જીવનશૈલીની કળા' વર્કશોપ એ છ દિવસનો કાર્યક્રમ વિદ્યાર્થીઓને વ્યક્તિગત વૃદ્ધિ, સામાજિક જવાબદારી અને સહકારી જીવનના વિસ્તાર પર કેન્દ્રિત એવી ઊંડી ચર્ચાઓ અને પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે ડિઝાઇન કરાયો. ગૃપ પ્રવૃત્તિઓ, ચર્ચાઓ, રમતો અને વ્યવહારિક સત્રો દ્વારા, ભાગીદારો આર્થિકતા, શિક્ષણ, ન્યાય અને સહયોગ જેવા વિષયોનું અન્વેષણ કરવામાં આવ્યું, જેનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર અને સકારાત્મક વિકાસને પ્રોત્સાહન આપવું અને સમૂહ કલ્યાણનો ભાવ પ્રસરાવવાનો હતો. આ વર્કશોપે સૈદ્ધાંતિક સમજ સાથે પ્રાયોગિક અનુભવ આપ્યો, જે વિદ્યાર્થીઓને સમાજમાં તેમના રોલ પર વિચાર કરવા અને સહાનુભૂતિ અને સહયોગી મનોદૃષ્ટિ વિકસાવવા માટે પ્રેરણા આપી.

● પશુપાલન અને ડેરી વિજ્ઞાનમાં તૃતીય વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે એક અઠવાડિયાની તાલીમ શ્રી વૈકુઠભાઈ મહેતા કૉ-ઓપરેટીવ તાલીમ કેન્દ્ર, નારી ખાતે યોજાઈ. વિભાગના વિદ્યાર્થીઓ પોતાના આભ્યાસક્રમમાં કૉ- ઓપરેટીવ વિષય ભણતાં હોવાથી તે વિષયની પ્રત્યક્ષ તાલીમ આ કેન્દ્રએ પૂરી પાડી.

● બી. વોક. નેચરલ ફાર્મિંગ ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ શીખવાના ઉદ્દેશથી દિલ્હી ખાતે યોજાયેલ Word Food India Expoની અંદર જોડાયા. ત્યાં તેને વિવિધ દેશની અંદર ખાવામાં ઉપયોગ થતી વસ્તુ અને તેમાં કરવામાં આવતું મૂલ્યવર્ધન વિશે જાણવા મળ્યું. ભારતમાં કેવી રીતે પોતાનો ખોરાક આગળ લાવવા માટે સરકાર પગલાં લે છે. અને દરેક રાજ્યની અંદર રાજ્ય સરકર દ્વારા શું શું સહાય આપવામાં આવે છે તેની માહિતી મળી. નેચરલ ફાર્મિંગને લાગતા વિવિધ સ્ટોલ, કંપનીઓની મુલાકાત લીધી.

● આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતીમાં શાકભાજીના વિવિધ મોડેલ કઈ રીતે તૈયાર કરવા અને તેને માર્કેટમાં કઈ રીતે વેચવું તેનાથી અવગત કરવામાં આવ્યા. પ્રાકૃતિક ખેતીના ફાયદા અને પડકારો ખેડૂતોના અનુભવ દ્વારા શીખવવામાં આવ્યા. અને ફાર્મેર પ્રોડ્યુસર કંપનીનું શું કામ છે તે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો અને ખેડૂતોના જૂથને કઈ કઈ રીતે મદદરૂપ થઈ શકે છે અને ભવિષ્યમાં તે કેટલું ઉપયોગી છે તેના વિશે જાણકારી આપવામાં આવી.

● બી. વૉક. નેચરલ ફાર્મિંગ બીજા વર્ષના વિદ્યાર્થીની ઇન્ટર્નશીપ વદરાડ ખાતે થઈ, ત્યાં વિદ્યાર્થીઓ Centre of Excellence for Vegetables જ ખાતે ત્રીસ દિવસ રહીને માહિતી મેળવી.ત્યાં તેને Natural Farming Department વિશે જાણકારી મળી. ત્યાં પ્રાકૃતિક ખેતીની વિવિધ વિભાવનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા. ત્યાંથી તેને વિઝીટ માટે માઢી ગામમાં લઈ જવામાં આવ્યા, ત્યાં પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પ્લગ નર્સરીમાં તૈયાર કરવામાં આવતા વિવિધ શાકભાજીના રોપાઓ અને ખર્ચાઓ વિશે જાણકારી આપવામાં આવી.

● ઇન્ટર્નશિપમાં  ના વિદ્યાર્થી રોનક ચાવડા, વૈદિક કાનાની અને મયુર જમોડ દ્વારા હરિયાણા રાજ્યના સોનીપથ જિલ્લાના ગનોર તાલુકાના અહુલા ગામમાં ગયા. ત્યાં તેઓને બે એકર જમીનમાં વર્મીકમ્પોસ્ટનું યુનિટ હતું, ત્યાં વિદ્યાર્થીઓને વર્મીકમ્પોસ્ટ વિશે વિસ્તૃત માહિતગાર કરવામાં આવ્યા. વર્મીકમ્પોસ્ટના વેપારમાં જરૂરી ચીજ વસ્તુઓ અને તેના માર્કેટ વિશે માહિતી આપી.

● Natural Farming Department ના પ્રથમ વર્ષના બધાં  વિદ્યાર્થીઓની ઇન્ટર્નશીપ કચ્છ જિલ્લાના ભુજ

તાલુકાના કુકમા ગામની અંદર શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ ખાતે ગોઠવવામાં આવી. ત્યાં વિવિધ વ્યાખ્યાનો દ્વારા સજીવ ખેતીનું મહત્ત્વ, સજીવ ખેતીમાં પોષણ વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણ વિશે માહિતી આપવામાં આવી. ત્યાં ગોબર ક્રાફ્ટની વિવિધ વસ્તુ અને ગાયના છાણ અને ગૌમુત્રમાંથી વિવિધ પ્રોડક્ટ બનાવવાનું શીખવવામાં આવ્યું. આવેલ કાજરી KVK ખાતે ત્રણ દિવસની ટ્રેનિંગ પણ આપવામાં આવી અને પ્રાકૃતિક ખેતી અને જમીન સ્વાસ્થ્ય વિશે શીખવવામાં આવ્યું.

● પશુપાલન અને ડેરી વિજ્ઞાનમાં તૃતીય વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ગાંધીનગર યોજાયેલ રાજયના સૌથી મોટા ડેરી એક્ષ્પોની મુલાકાતે ગયા. ત્યાં વિદ્યાર્થીઓએ પશુપાલનના વિવિધ મોડેલ્સ જોયાં અને તેનો અભ્યાસ કર્યો. તદુપરાંત તેમને રાજ્યના વિવિધ પ્રયોગશીલ પશુપાલકોની સાથે વાર્તાલાપ કર્યાં અને તેમના સંપર્ક મેળવ્યા.

● બી. વૉક. નેચરલ ફાર્મિંગ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા શ્રી સચીનભાઈ ધોકિયાના માર્ગદર્શન હેઠળ ઓછા ખર્ચે ટ્રી-ગાર્ડ બનાવવામાં આવ્યું. તેનો મુખ્ય ઉદ્દેશ રસ્તા પર અને હોટલમાં થતો વધુ પડતો ઉપયોગ થતો પ્લાસ્ટિક બોટલનો સારી રીતે ઉપયોગ કરી પર્યાવરણનું જતન કરવાનો હતો. તેના દ્વારા રસ્તાની સાઈડ પર લગાવવામાં આવેલ વૃક્ષનું સારી રીતે બાહ્ય પરિબળથી રક્ષણ કરવાનો હતો.

● એક અઠવાડિકની એક યોગ શિબિર કરવામાં આવી, જેમાં શ્રી ક્રિષ્નાબહેને અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ માર્ગદર્શન કર્યું. સમગ્ર પરિસરના ભાઈઓ તથા બહેનોએ લાભ લીધો

● આપણે ત્યાં ચાલતી 'ગ્રામબંધુ ફેલોશીપ'માં આ વર્ષે નવા ૮(આઠ) ગ્રામબંધુઓ જોડાયા. તેઓ બિહાર, પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોના અંતરિયાળ ગામોમાં ગ્રામબંધુ તરીકેની કાર્યરત છે. આ યોજનાનું સમગ્ર માર્ગદર્શન શ્રી પાર્થેશભાઈ પંડ્યા કરી રહ્યા છે.

● હૃદયરોગના નિષ્ણાંત ડૉ પાર્થિવભાઈ શાહ દ્વારા લોકભારતી પરિવારના તમામ પરિવારજન માટે 'વ્યસનમુક્તિ' વિષય પર એક વ્યાખ્યાન ગોઠવાયું. વ્યસનથી થતા નુકસાન અને તેનાથી બચવાના કેસ સ્ટડીઝ રજૂ કરાયા. કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષ બી.એ. અંગ્રેજી વિષયના વિદ્યાર્થિની શ્રી અંજલીબેન પરમારે કર્યું અને સમગ્ર સંકલન ડૉ. વિશાલભાઈ ચૌધરીએ કર્યું

● સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ભાવનગર રેંજ દ્વારા વિદ્યાર્થીઓને સાઈબર ક્રાઈમ અને ફ્રોડ બાબતે એક જાગરૂકતા કાર્યક્રમ યોજાયો. જેમાં તમામ વિદ્યાર્થીઓ જોડાયા. પી.આઈ. શ્રી જાડેજા સાહેબે વિદ્યાર્થીઓને તમામ પ્રકારના સાઈબર ફ્રોડ વિષે વિસ્તૃત માહિતી આપી અને તેનાથી બચવા માટેના ઉપાયો જણાવ્યા.

## ૦૪. પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર

***કાર્યરત કાર્યકરોની વિગતો***

| શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | ટ્રસ્ટે રોકેલ કાર્યકર | કુલ |
|---|---|---|---|
| ૦૩ | ૦૧ | ૦૧ | ૦૫ |

આ તાલીમ કેન્દ્રમાં નવનિયુક્ત મહેસુલી તલાટી, ગ્રામપંચાયત મંત્રીઓને ૯૦ દિવસની પાયાની તાલીમ તથા અનુભવી તલાટીઓ માટે ૧૪ દિવસના ઓપવર્ગના આયોજન થયાં.

આ અહેવાલના સમય ગાળા દરમ્યાન નીચે મુજબના ઓપ વર્ગો ચલાવવામાં આવ્યા.

| ક્રમ | સમયગાળો | ભાવનગર | સુરેન્દ્રનગર | અમરેલી | રાજકોટ | ભાઈઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૭/૦૧/૨૦૨૪થી ૩૦/૦૧/૨૦૨૪ | ૦૭ | ૦૫ | ૦૬ | ૦૬ | ૨૪ |
| ૨ | ૦૧/૦૨/૨૦૨૪થી ૧૪/૦૨/૨૦૨૪ | ૦૭ | ૦૫ | --- | --- | ૧૨ |
| ૩ | ૨૧/૦૨/૨૦૨૪થી ૦૫/૦૩/૨૦૨૪ | ૦૭ | ૦૫ | ૦૫ | ૦૬ | ૨૩ |
| ૪ | ૦૭/૦૩/૨૦૨૪થી ૨૦/૦૩/૨૦૨૪ | ૦૬ | ૦૬ | --- | ૦૬ | ૧૮ |
| ૫ | કુલ | ૨૭ | ૨૧ | ૧૧ | ૧૮ | ૭૭ |

- આ અહેવાલના સમયગાળા દરમ્યાન નીચે મુજબના સીધી ભરતીથી નિમણૂક પામેલ મુખ્ય સેવિકા - પૂર્વસેવા તાલીમ વર્ગ ચલાવવામાં આવ્યા.

| ક્રમ | સમયગાળો | ભાવનગર | સુરેન્દ્રનગર | અમરેલી | રાજકોટ | બોટાદ | મોરબી | બહેનો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૨/૦૭/૨૦૨૪થી ૦૧/૦૯/૨૦૨૪ | ૧૨ | ૦૫ | ૦૪ | ૦૬ | ૦૩ | ૦૩ | ૩૩ |
| ૨ | કુલ | ૧૨ | ૦૫ | ૦૪ | ૦૬ | ૦૩ | ૦૩ | ૩૩ |

- આ અહેવાલના સમયગાળા દરમ્યાન નીચે મુજબના બઢતીથી નિમણૂક પામેલ મુખ્ય સેવિકા - પૂર્વસેવા તાલીમ વર્ગ ચલાવવામાં આવ્યા.

| ક્રમ | સમયગાળો | ભાવનગર | સુરેન્દ્રનગર | અમરેલી | રાજકોટ | બોટાદ | મોરબી | બહેનો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯/૦૯/૨૦૨૪થી ૩૦/૧૦/૨૦૨૪ | ૦૫ | -- | ૧૮ | -- | -- | ૧૩ | ૩૬ |
| ૨ | કુલ | ૦૫ | -- | ૧૮ | -- | -- | ૧૩ | ૩૬ |

- આ અહેવાલના સમયગાળા દરમ્યાન નીચે મુજબના પાયાના વર્ગો ચલાવવામાં આવ્યા.

| ક્રમ | સમયગાળો | ભાવનગર | સુરેન્દ્રનગર | અમરેલી | રાજકોટ | બોટાદ | મોરબી | બહેનો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૪/૧૧/૨૦૨૪થી ૦૧/૦૨/૨૦૨૫ | ૦૭ | ૦૭ | ૦૭ | ૦૭ | ૦૭ | ૦૭ | ૪૨ |
| | કુલ | ૦૭ | ૦૭ | ૦૭ | ૦૭ | ૦૭ | ૦૭ | ૪૨ |

આમ, છ જિલ્લાના તાલીમાર્થીઓ માટે આ સમયગાળા દરમ્યાન ચાર ઓપ વર્ગો ચલાવવામાં આવ્યા, જેમાં ભાઈઓ-૭૭, તેમ જ સીધી ભરતીથી નિમણૂક પામેલ મુખ્ય સેવિકા-પૂર્વસેવા તાલીમ વર્ગ ચલાવવામાં આવેલ, જેમાં બહેનો ૩૩ અને બઢતીથી નિમણૂક પામેલ મુખ્ય સેવિકા-પૂર્વસેવા તાલીમ વર્ગ ચલાવવામાં આવેલ, જેમાં બહેનો ૩૬ તેમ જ તલાટી-કમ- મંત્રી પાયાનો વર્ગ, જેમાં ૪૨ બહેનો મળી કુલ ૧૮૮ તાલીમાર્થીઓને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવી.

**વિભાગમાં માર્ગદર્શન કરવા માટે પધારેલ સંસ્થાના મહાનુભવો તથા વિભાગીય વડાઓ/કાર્યકરોની યાદી નીચે પ્રમાણે છે.**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | શ્રી અરુણભાઈ દવે | મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, લોકભારતી |
| ૦૨ | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | ટ્રસ્ટીશ્રી, લોકભારતી |
| ૦૩ | શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | ટ્રસ્ટીશ્રી, લોકભારતી સણોસરા |
| ૦૪ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | નિયામકશ્રી, લોકભારતી સણોસરા |
| ૦૫ | શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની | ભૂતપૂર્વકુલપતિશ્રી, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન |
| ૦૬ | શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા | ભૂતપૂર્વ રજિસ્ટારશ્રી, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન |
| ૦૭ | શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી | કુલપતિશ્રી લોકભારતી યૂનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન |
| ૦૮ | શ્રી વિશાલભાઈ ભાદાણી | ઉપકુલપતિશ્રી, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન |
| ૦૯ | શ્રી નિગમભાઈ શુકલ | કૉ-ઓડિનેટરશ્રી, કે.વી.કે લોકભારતી |
| ૧૦ | શ્રી જગદીશભાઈ ગોસાઈ | આચાર્યશ્રી, અધ્યાપનમંદિર લોકભારતી |
| ૧૧ | શ્રી અર્ચનાબેન દવે | વિજ્ઞાનભવન |
| ૧૨ | શ્રી ડૉ.દીનુભાઈ ચુડાસમા | ગાંધીભારતી |
| ૧૩ | શ્રી ડૉ. વિક્રમભાઈ દેસાઈ | કે.વી.કે લોકભારતી |
| ૧૪ | શ્રી વિનીતભાઈ સવાણી | કે.વી.કે લોકભારતી |
| ૧૫ | શ્રી લાલજીભાઈ રાઠોડ | ઘઉં સંશોધન લોકભારતી |
| ૧૬ | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | પૂર્વ નિયામકશ્રી, લોકભારતી |
| ૧૭ | શ્રી પ્રદીપભાઈ ક્યાડા | કે.વી.કે લોકભારતી |
| ૧૮ | શ્રી વિશાલભાઈ જોષી | અધ્યાપકશ્રી લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી |

***સરકારી અધિકારીઓ તથા કર્મચારીઓ***

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | શ્રી પ્રવીણભાઈ ચાઉ | નિવૃત્ત તલાટી-કમ-મંત્રી,શ્રી, એડવોકેટ ગઢડા |
| ૦૨ | શ્રી સુરેશભાઈ ભટ્ટ | નિવૃત્ત સર્કલ ઈન્સપેકટરશ્રી, વલ્લભીપુર |
| ૦૩ | શ્રી બટુકસિંહજી ગોહિલ | નિવૃત્ત ગ્રામસેવકશ્રી, ભાવનગર |
| ૦૪ | શ્રી દિલીપભાઈ મહેતા | સર્કલ ઈન્સપેકટરશ્રી, સિહોર |
| ૦૫ | શ્રી યાકુબભાઈ કોઠારિયા | નિવૃત્ત ત.ક.મંત્રી (રાષ્ટ્રીય પ્રવકતા) |
| ૦૬ | શ્રી ખેંગારસિંહ | નિવૃત્ત સર્કલ ઈન્સપેકટર |
| ૦૭ | શ્રી કૃણાલભાઈ લાઠીગરા | જિલ્લા પંચાયત, હિસાબી શાખા ભાવનગર |
| ૦૮ | શ્રી મુકેશભાઈ પંડિત | પૂર્વે સરપંચશ્રી, ઈશ્વરિયા |
| ૦૯ | શ્રી તેજસભાઈ ઠાકર | આચાર્યશ્રી, પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, સાદરા |
| ૧૦ | શ્રી અનિલકુમાર રાઠોડ | ડી.આર.ડી.એ., ભાવનગર |

| | | |
|---|---|---|
| ૧૧ | શ્રી જયંતભાઈ કે સુમરા | ડી.આર.ડી.એ., ભાવનગર |
| ૧૨ | શ્રી હુનાણી આશિયાબહેન | ડૉક્ટરશ્રી, પી.એચ.સી., સણોસરા |
| ૧૩ | શ્રી પંડયા હિતેશભાઈ | નાયબ ચીટનીશ ભાવનગર |
| ૧૪ | શ્રી લાધવાભાઈ | નાયબ સમાજકલ્યાણ અધિકારીશ્રી, મહુવા |
| ૧૫ | શ્રી મધુબહેન | તાલુકા પંચાયત સિહોર |
| ૧૬ | શ્રી મિતેશભાઈ ગૌસ્વામી | પી.એચ.સી. સણોસરા |
| ૧૭ | શ્રી સુશીલભાઈ પંડયા | નિવૃત્ત તલાટી કમ મંત્રી |

### *૦૫. શિક્ષણ ગુણવત્તા સંવર્ધન કેન્દ્ર (Academic Quality Assurance Cell )*

- આ એકમની ઓફિસનું ઉદ્‌ઘાટન શ્રી કાંતિભાઈ ગોઠીના વરદ હસ્તે થયું, જેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ હાજરી આપી.
- મોજીલું શિક્ષણ અભિયાનના ૨૫ શિક્ષકોની તાલીમ માઈધાર સંસ્થા ખાતે યોજવામાં આવી, જેમાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી ભાવનાબહેન પાઠકે શિક્ષક મિત્રોને પ્રોત્સાહિત કર્યા અને માર્ગદર્શન આપ્યું.
- કળસાર સંસ્થાની મુલાકાત લેવામાં આવી, ઉત્તર બુનિયાદી વિદ્યાલય અને વિજ્ઞાન પ્રવાહના વિષય શિક્ષકોનું મૂલ્યાંકન શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી વિશાલભાઈ ભાદાણી દ્વારા કરવામાં આવ્યું.
- યોજનાની પરિચય બેઠક લોકભારતીમાં રાખવામાં આવી. જેમાં ૬ સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહ્યા.
- ધરમપુર ખાતે જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના શિક્ષકો(પરામર્શક) સાથે મુલાકાત અને વર્કશોપ કરવામાં આવ્યો. આશ્રમશાળાના બાળકો સાથે શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી સંદીપભાઈ ચૌહાણ અને શ્રી હિતેશભાઈ સોલંકી દ્વારા સંવાદ કરવામાં આવ્યો.
- બેલા મુકામે પાંચ દિવસીય 'શિક્ષણ—સજ્જતા સંગોષ્ઠી રેલી' વિષય 'સ્પોકન ઈંગ્લિશ' યોજાઈ ગઈ, જેમાં ૧૮ સંસ્થાઓએ ભાગ લીધો. મુખ્ય મહેમાનશ્રી અને વક્તાશ્રીઓ-શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી અરુણભાઈ દવે, શ્રી મધુકરભાઈ પારેખ, શ્રી હિતેન્દ્રભાઈ પઢારિયા, શ્રી ભરતીબહેન શિયાળ, શ્રી વિશાલભાઈ જોષી, શ્રી વિક્રમભાઈ પરમાર, શ્રી નાનુભાઈ શિરોયા, શ્રી રાકેશભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ ભાદાણી, અને શ્રી ભૌતિકભાઈ લીંબાણી હતા. લોકભારતી તરફથી રેલીમાં પાંચ દિવસ માટે શ્રી દિનુભાઈ ચુડાસમા, શ્રી હિતેષભાઈ સોલંકી અને શ્રી સંદીપભાઈ ચૌહાણ બેલા-સંસ્થામાં રહીને કાર્યરત રહેલ
- ધરમપુર ખાતે જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત દસ આશ્રમશાળાઓમાં પાયાની ક્ષમતાઓ ચકાસવા માટે કસોટી લેવામાં આવી.
- બાલ શિબિરનું આયોજન(લોકભારતી-મણાર ટીમ) થયું, જેમાં બાળકોની સંખ્યા-૮૨ રહી.
- જશોદા નરોત્તમ ચેરિટેબલ ટ્રસ્ટ-ધરમપુર ખાતે ૩૨ શિક્ષકોનો 'ટાસ્ક બેઝ લર્નિંગ' વર્કશોપ યોજવામાં આવ્યો. જેમાં શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ તજજ્ઞ તરીકે સેવા આપી.
- સમર કેમ્પ(બોટાદ—સ્ટુડન્ડ પોલીસ કેડેટ) સંખ્યા ૩૫૦, તજજ્ઞો તરીકે શ્રી હિતેશભાઈ સોલંકી, શ્રી લાલજીભાઈ ચૌહાણ, શ્રી સિદ્ધાર્થભાઈ અવૈયા અને શ્રી મનીશભાઈ બારૈયાએ સેવા આપી.
- ડૉ. ભાવનાબેન સાથે મોજીલું શિક્ષણ બાબતે મિટિંગ અને મોજીલું શિક્ષણ મોડ્યૂલમાં શું શું કરી શકાય વગેરે

બાબતો પર ચર્ચા કરવામાં આવી.

● જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - ધરમપુરના શિક્ષક મિત્રોને ટિકરીંગ લેબ અંગેની સઘન તાલીમ આપવા માટેનો કાર્યક્રમ યોજાય ગયો. સ્થળ - માઈધાર અને લોકભારતી કુલ સંખ્યા ૧૮.

● મોજીલું શિક્ષણ અભિયાન તાલીમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શ્રી દિગંતભાઈ મહેતાએ હાજર રહી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. તજજ્ઞો તરીકે શ્રી હિતેશભાઈ સોલંકી, શ્રી ધીરજભાઈ ધાપા, શ્રી ક્ષમાબેન જોષી, શ્રી રવીન્દ્રભાઈ પરમાર, અને શ્રી રણછોડભાઈ મકવાણા હતા. સ્થળ સર્વોદય, પિંડવળ-ધરમપુર સંખ્યા ૩૬

● ધોરણ ૧થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે સારું ડિઝિટલ શિક્ષણ મળી રહે તે માટે મેલઝો ઈ-લર્નિંગ સોફ્ટવેર આંબલા, માઈધાર, અને મણાર સંસ્થામાં ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યું.

● મોજીલું શિક્ષણ અભિયાન તાલીમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ડૉ. અરુણભાઈ દવે અને ડૉ. ભાવનાબેન પાઠકે હાજર રહી બધા શિક્ષક મિત્રોને પ્રોત્સાહિત અને માર્ગદર્શન આપ્યું. સ્થળ માઈધાર સંખ્યા ૨૧.

● AQAC અંતર્ગત આપણી સંસ્થાઓના વાર્ષિક આયોજન કરવા માટે મિટિંગ કરવામાં આવી. પારલે ગૃપ પેન્ટાગોન ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈના શ્રી સુનિલભાઈ દલાલ અને શ્રી સ્વાતિબેન સાથે શ્રી અરુણભાઈ દવે, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી દિગંતભાઈ મહેતા મિટિંગમાં હાજર રહ્યા હતા. સ્થળ ધરમપુર

● સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની વાર્ષિક બેઠકનું આયોજન, સાથે શૈક્ષણિક સંગોષ્ઠિ રેલીનો વિષય 'માતૃભાષા ગુજરાતી' નક્કી થયો. સ્થળ - વાંગધ્રા.

● ટીચર ઈવોલ્યુશન - બળવંત પારેખ કુમાર અને કાન્તા પારેખ કન્યા શાળા, કળસારના શિક્ષકોનું મૂલ્યાંકન કરવા માટે શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી, અને શ્રી સંદીપભાઈ ચૌહાણ જઈ આવ્યા.

● મેલઝો ઈ—લર્નિંગ સોફ્ટવેર તાલીમ અને મેલઝોમાં આવતા પ્રશ્નો બાબતે બેઠક કરવામાં આવી. સંસ્થા આંબલા, મણાર અને માઈધાર સંખ્યા ૩૧

● સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની બેઠક યોજવામાં આવી. મુખ્ય મહેમાન શ્રી રાજેન્દ્રભાઈ ખીમણી, ડૉ. અરુણભાઈ દવે, શ્રી પાર્થેશભાઈ પંડયા, શ્રી સંજયભાઈ કાત્રોડિયા અને શ્રી જસવંતભાઈ કાકડિયા. સ્થળ લોકભારતી સંખ્યા ૫૮.

● આંબલા મોજીલી શાળામાં મેલઝો ઈ—લર્નીંગ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવામાં આવ્યો. તજજ્ઞ શ્રી સોમનાથભાઈ ચૌધરી, શ્રી હિતેશભાઈ સોલંકી દ્વારા તાલીમ આપવામાં આવી.

● ધરમપુરની ૦૮ આશ્રમશાળાઓમાં મેલઝો ઈ-લર્નિંગ સોફ્ટવેર રિવ્યુ માટે શ્રી સંદીપભાઈ ચૌહાણ અને શ્રી હિતેશભાઈ સોલંકી જઈ આવ્યા.

● જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ-ધરમપુર અંગ્રેજી વિષયના વર્કશોપમાં શ્રી ભૌતિકભાઈ લીંબાણી તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા.

● ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા સાથે AQACનું વાર્ષિક પ્લાનિંગ તૈયાર કરવા એક બેઠક યોજવામાં આવી. ડૉ. અરુણભાઈ દવે, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી ચર્ચામાં ભાગીદાર થયા.

● લોકભારતી સંસ્થા ખાતે મળેલ કળસાર સંસ્થા માટેની બેઠકમાં નીચેનાં સભ્યોની હાજરીમાં ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા. ડૉ. અરુણભાઈ દવે, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી રાજેન્દ્રભાઈ વાઘાણી, શ્રી શ્રદ્ધાબેન વ્યાસ.

● શિક્ષણ તાલીમ અને સાહિત્ય નિર્માણ વર્કશોપ-કળસાર ખાતે યોજવામાં આવ્યો. તજજ્ઞો તરીકે ડૉ. મહેન્દ્રભાઈ

ચોટલિયા, શ્રી રાકેશભાઈ પટેલ, શ્રી વનરાજભાઈ પરમાર, શ્રી દિવ્યેશભાઈ પટેલ, શ્રી વિજયભાઈ ઠક્કર, શ્રી વિશાલભાઈ ભાદાણી ઉપસ્થિત રહી સંસ્થાના શિક્ષકો સાથે ભાષા અને વિજ્ઞાન-ગણિતના વિષય પર કામ કરવામાં આવ્યું. આ વર્કશોપના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પીડીલાઇટના સી.ઈ.ઓ. શ્રી પી.કે શુક્લાજી, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હિતેશભાઈ સોલંકી અને શ્રી સંદીપભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા. શિક્ષકોની સંખ્યા - ૪૫

● ડૉ. વિશાલભાઈ ભાદાણી દ્વારા ધરમપુર ખાતે દુનિયાભરની શાળાઓ અને શૈક્ષણિક પ્રોગ્રામો પર વર્કશોપ કરવામાં આવ્યો. શિક્ષકોની સંખ્યા- ૩૫

● મોજીલું શિક્ષણ અભિયાનની તાલીમ કરવામાં આવી, જેમાં ડૉ. અરુણભાઈ દવે અને શ્રી નલિનભાઈ પંડિત સાહેબે શિક્ષણની વાતો કરી અને પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી હિતેશભાઈ સોલંકી, શ્રી ધીરજભાઈ ધાપા, શ્રી ભાવેશભાઈ જાંબુચા, શ્રી ધારંભાઈ ધાપા, શ્રી રવીન્દ્રભાઈ પરમાર, શ્રી રણછોડભાઈ પરમાર. સ્થળ માઈધાર સંસ્થા, સંખ્યા ૨૪

● મોજીલું શિક્ષણ અભિયાનની તાલીમ કરવામાં આવી, જેમાં શ્રી દિગંતભાઈ મહેતાએ શિક્ષકોને પ્રોત્સાહિત કરી અને પ્રેરણા આપી. શ્રી હિતેશભાઈ સોલંકી, શ્રી ધીરજભાઈ ધાપા, શ્રી રવીન્દ્રભાઈ પરમાર, શ્રી રણછોડભાઈ પરમાર. સ્થળ ધરમપુર, સંખ્યા ૪૮

● ગીર નેસના બાળકો માટે વિન્ટર શિબિર યોજવામાં આવી, જેમાં શ્રી નલિનભાઈ પંડિત સતત હાજર રહી પ્રોજેક્ટ માટે માર્ગદર્શન આપ્યું. શિક્ષકોને પ્રેરણા આપી, જેનાથી આ વિન્ટર શિબિરમાં પ્રવૃત્તિઓનું શ્રેષ્ઠ આયોજન અને અમલ કરી શકાયું.

● જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ—ધરમપુરના ૧૦ શિક્ષકો બાલ શિક્ષણ પ્રવૃત્તિઓ માટે લોકભારતી બાલવાડી શિબિરમાં જોડાયા.

● શૈક્ષણિક સંગોષ્ઠિ-રેલી માટેની બેઠક લોકભારતી સંસ્થા ખાતે યોજાઈ ગઈ. જેમાં સૌરાષ્ટ્ર લોકશાળા સંઘના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ખીમણી, મંત્રી શ્રી જસવંતભાઈ અને સંજયભાઈ તથા ૧૮ સંસ્થાના પ્રતિનિધિઓએ ભાગ લીધો. માર્ગદર્શક તરીકે શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા હાજર રહ્યા.

## ૦૬. ગાંધીભારતી

લોકભારતી અને સાથી સંસ્થાઓમાં તથા ઈચ્છિત સંસ્થાઓમાં ગાંધીવિચારના પ્રચાર-પ્રસાર માટે પાંચેક વર્ષથી કાર્યરત 'ગાંધીભારતી' એકમ પણ હવે નોંધ લેવી પડે તેવા અને તેટલા કાર્યક્રમો યોજતું થયું છે.

● પ્રેમની પરબ-સાયલા દ્વારા આયોજિત શ્રેષ્ઠ શિક્ષકો અને શ્રેષ્ઠ વિદ્યાર્થી પસંદગી શિબિરનું આયોજન થયું.

● પી.કે.મહેતા સ્કૂલ ઓફ કૉલેજ-સ્પેશિયલ એજયુકેશન-પાલનપુરના ૧૦ બી.એડ્.ના તાલીમાર્થીઓ અને ૪ અધ્યાપકશ્રીઓને એક દિવસીય ટ્રેનિંગનું આયોજન થયું.

● સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં ૩૬ વિદ્યાર્થી ભાઈ-બહેન અને ૨ પ્રાધ્યાપકશ્રીઓ અને ટ્રેનર-શ્રી પ્રાર્થેશભાઈ પંડયા સાથે 'હું શિક્ષક છું' વિષય ઉપર ટ્રેનિંગ યોજાઈ.

● જશોદા ચેરીટેબલ ટ્રસ્ટ-ધરમપુરના ૧૮ વિજ્ઞાન શિક્ષકોની ટીમ સાથે 'લોકભારતીની કેળવણી' વિશે વાર્તાલાપ થયો.

● જિલ્લા ગ્રામવિકાસ એજન્સી અને STRD સંસ્થા દ્વારા આયોજિત ૨ દિવસિય રિફ્રેશર તાલીમનું આયોજન.

● GHCL ફાઉન્ડેશન (વિકટર)ના ૩૨ શિક્ષકોનો ક્ષમતાવર્ધન તાલીમ શિબિરનું આયોજન થયું.

● ભાવનગર જિલ્લાના ગ્રામવિસ્તારમાં આવેલી આંગણવાડીઓના સંચાલક બહેનો માટેની પાંચ દિવસીય બે તાલીમ શિબિરનું આયોજન.

● રાજકોટ કન્યા ગુરુકૂળની ટીમ શ્રી હિમાંશુભાઈ ભટ્ટ, શ્રી હરેન્દ્રભાઈ પંડયા અને શ્રી ભરતભાઈ કાથરોટિયા તેમ જ આઠ બહેનોની એક ટીમનો 'છાત્રાલય જીવન' વિષયને કેન્દ્રમાં રાખી વર્કશોપ યોજાયો.

## ૦૭. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

***હાથ ધરેલ પ્રવૃતિઓ:***

**૧. વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક :**

કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ખેતી વિષયક વિસ્તરણ પ્રવૃતિઓ હાથ ધરવા માટે જિલ્લામાં પ્રવર્તમાન ખેતી વિષયક પ્રશ્નો ઉપર વૈજ્ઞાનિક માર્ગદર્શન તથા પ્રવૃત્તિઓના આયોજન માટે લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના અધ્યક્ષસ્થાને તા.૧૯-૦૩-૨૦૨૪ના રોજ વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં ભાવનગર જિલ્લાના અગ્રગણ્ય કૃષિ વૈજ્ઞાનિકો, જિલ્લા પંચાયતના ખેતીવાડી, પશુપાલન, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમના વિસ્તરણ કાર્યકરો, જિલ્લાના અગ્રણી પ્રગતિશીલ ખેડૂતો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો વગેરે મળીને બંને બેઠકોમાં કુલ ૩૦ સભ્યોએ ભાગ લઈ બેઠકોને સફળ બનાવી.

**૨. અગ્રહરોળ નિર્દશન :**

અગ્રહરોળ નિર્દશન માટે વિવિધ ગામોમાં કુલ ૧૧૦ હેકટરમાં ૫૩૨ લાભાર્થી ખેડૂતોને બાજરા, મગફળી, ઘઉં, ચણા તેમજ વ્હીલ હો(કરબડી), મેન્યુઅલ સીડ ડ્રીલ, વર્મીબેડસ, કીચન ગાર્ડન માટે બિયારણ અને પ્રાકૃતિક કૃષિ તેમજ દૂધાળા પશુઓને વધુ દૂધ ઉત્પાન માટેના સપ્લીમેન્ટ વગેરે ભલામણ થયેલ વસ્તુઓનું વિવિધ ગામોમાં નિદર્શન આપવામાં આવ્યું.

**૩. ખેત અખતરાઃ**

સંશોધનના ભાગરૂપે સરગવાના સુપ તેમજ કપાસનું વિવિધ અંતરે વાવેતરથી પડતા ઉત્પાદનમાં ફેરફાર માટે અલગ અલગ ખેત અખતરા ગોઠવવામાં આવ્યા.

**૪. તાલીમ કાર્યક્રમઃ**

ચાલુ વર્ષ દરમ્યાન ૬૭ જેટલાં ગામોના કુલ ૩૨૨૮ ખેડૂતો, ખેત મહિલાઓ, વિસ્તરણ કાર્યકર્તાઓ વગેરેની વિવિધ વિષયો પર કેમ્પસ ઉપર તથા કેમ્પસ બહાર ૭૮ જેટલી તાલીમ ગોઠવવામાં આવી જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| તાલીમની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | | કુલ | આવરી લીધેલ ગામો |
|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | | |
| ૭૮ | ૨૪૨૫ | ૮૦૩ | ૩૨૨૮ | ૬૭ |

**૫. ખેત પરીક્ષણ મુલાકાત :**

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન ખેત અખતરા, નિદર્શનોની માહિતી મેળવવા, ખેતી અને પશુપાલનના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે કુલ ૧૪૧ વખત વિવિધ ખેતરોની મુલાકાત લેવામાં આવી અને તે દરમિયાન કુલ ૯૪૧ ખેડૂત ભાઈઓ-બહેનોનો સંપર્ક કરવામાં આવ્યો.

**૬. વિવિધ વિષયો પર વ્યાખ્યાન :**

જિલ્લાની વિવિધ સંસ્થાઓ જેવી કે આત્મા પ્રોજેક્ટ, કૃષિ મહોત્સવ, ખેતીવાડી ખાતુ, પશુપાલન ખાતુ, ફાર્મર ટ્રેનીંગ સેન્ટર, બાગાયત વિભાગ વગેરે દ્વારા ગોઠવાતા કાર્યક્રમોમાં તથા રવિ કૃષિ મેળામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ વિષયો ઉપર કુલ ૯૬ વ્યાખ્યાનો યોજાયા.

**૭. તકનિકી બેઠકો :**

ભાવનગર જિલ્લામાં આવેલ વિવિધ સરકારી, અર્ધસરકારી, એન.જી.ઓ. વગેરે સંસ્થાઓ દ્વારા ખેતીવાડીના વિસ્તરણ કાર્યક્રમના આયોજન માટે યોજેલ કુલ ૩૩ બેઠકોમાં ભાગ લઈ વિસ્તરણ કાર્યક્રમોના આયોજનમાં સાથ-સહકાર આપી તકનીકી જ્ઞાન પૂરું પાડ્યું.

**૮. કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ મુલાકાતીઓઃ**

વર્ષ દરમ્યાન ખેતીના વિવિધ વિષયો પર ચર્ચા કરવા તથા માર્ગદર્શન મેળવવા કુલ ૧૨૩૮ ખેડૂત ભાઈ-બહેનોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી.

**૯. અન્ય વિસ્તરણ પ્રવૃતિઓ :**

વર્ષ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ટેલીફોનિક હેલ્પલાઈનની મદદથી ૧૩૩૪ ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કિસાન સંમેલન યોજવામાં આવેલ જેમાં ૨૬૨ ખેડૂતો ભાઈ-બહેનોએ ભાગ લીધો. તદ્ઉપરાંત, કેન્દ્ર દ્વારા વર્ષ દરમિયાન ટેકનોલોજી વીક(૧૩-૦૨-૨૦૨૪) ગાજરઘાસ સપ્તાહ ઉજવણી (૧૬-૦૮-૨૪), પોષણ માહ ઉજવણી (૧૭-૦૯-૨૪), મહિલા કિસાન દિવસ (૧૫-૧૦-૨૪), સ્વચ્છતા અભિયાન (૨૨-૧૦-૨૪) ની ઉજવણી કરવામાં આવી.

**૧૦. કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં નિદર્શન એકમોઃ**

(૧) નિદર્શન ફાર્મ (૨) ફાર્મ મશીનરી એકમ (૩) ટપક સિંચાઈ પદ્ધતિ એકમ (૪) છતના વરસાદી પાણીના સંગ્રહનું એકમ (૫) અઝોલા ઉત્પાદન એકમ (૬) નાડેપ પદ્ધતિ દ્વારા સેન્દ્રિય ખાતર બનાવવાનું એકમ (૭) પ્લગ નર્સરી એકમ (૮) કૃષિ તકનિક પ્રદર્શન એકમ (૯) વર્મી કંમ્પોસ્ટ નિદર્શન એકમ (૧૦) જમીન ચકાસણી એકમ (૧૧) પોષણ વાટિકા નિદર્શન

**૧૧. પ્લગ નર્સરી એકમ :**

વર્ષ દરમિયાન પ્લગ નર્સરી એકમ દ્વારા જિલ્લાના ખેડૂતોને ફળપાકો તેમ જ શાકભાજીના ધરૂવાડિયા માટે નર્સરી શરૂ કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. તેમ જ વિવિધ મુલાકાતી ખેડૂતોને નર્સરીની કાર્ય પદ્ધતિ સમજાવવામાં આવી. સંસ્થાના વિદ્યાર્થીઓને નર્સરી દ્વારા રોજગારીની માહિતી મળી શકે તે હેતુથી શ્રમ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક તકનિકો અંગે માર્ગદર્શન તેમ જ ઉત્પાદક શ્રમ ગોઠવવામાં આવ્યો. પપૈયા રોપા ૧૦૦ નંગ, નાળિયેરી ૩૦ નંગ, આંબાના રોપા ૩૦૦ નંગ, ચીકુ રોપા ૨૦૦ નંગ, જામફળ રોપા ૩૦૦ નંગ, લીબું રોપા ૫૦૦ નંગ, સીતાફળ રોપા ૨૦૦ નંગ, સુશોભનના રોપા ૫૦૦ નંગ, ટમેટીના રોપ ૧૫,૦૦૦, મરચી ૧,૫૦,૦૦૦ રોપાનું વેચાણ કરવામાં આવ્યું. આ ઉપરાંત મગફળી બિયારણ ૩૦ ક્વિન્ટલ, ચણા બિયારણ ૨૧૦ ક્વિન્ટલ તેમ જ ઘઉંનું બિયારણ ૩૫૦ ક્વિન્ટલનું વેચાણ કરવામાં આવ્યું.

## ૦૮. લોકવિજ્ઞાન કેન્દ્ર

લોકોના રોજિંદા જીવનમાં વૈજ્ઞાનિક વલણો વિકસે અને વિદ્યાર્થીઓમાં અવલોકન-જિજ્ઞાસાવૃત્તિ વિકસે એવા હેતુથી ૧૯૭૨થી કાર્યરત લોકવિજ્ઞાન કેન્દ્રએ હવે ગુજરાતમાં તેની સ્વતંત્ર ઓળખ ઊભી કરી છે. ગુજરાતમાં કાર્યરત પાંત્રીસેક જેટલાં લોકવિજ્ઞાન કેન્દ્રોના સલાહકાર તરીકે નિયુક્ત આ કેન્દ્રમાં હવે અનેકવિધ નિદર્શનો, તાલીમો, વ્યાખ્યાનો સહિતના કાર્યક્રમો વર્ષભર યોજાયા કરે છે.

***લોકવિજ્ઞાન કેન્દ્રમાં મૂકવામાં આવેલાં નિદર્શનોઃ-***

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ પ્રકારના વિજ્ઞાન, પર્યાવરણ, સૌરઊર્જાને લગતાં મોડેલ્સ ગોઠવવામાં આવેલાં છે. જેમ કે સામૂહિક શીફલર સોલરકુકર, પવનચક્કી, ઉચ્ચાલનનો નિયમ, ઉષ્માશોષક કલરો, ગતિમાન પદાર્થ પર લાગતું બળ, પરિભ્રમણ અને પરિક્રમણ, વક્ર અરીસામાં પ્રતિબિંબ, સાઈકલ પંપ, સૂર્યકુકર, પેરાબોલિક સૂર્યકુકર, સોલાર ડ્રાયર, સોલાર વોટરહીટર, સોલાર સ્ટીલ, સોલાર પેનલ, વર્મિકમ્પોસ્ટ, વર્મિવોશ, બાયોગેસપ્લાન્ટ, ફિલ્ટર વોટર સ્ટોરેજ ટેંક, ગેસિફાયર, ઔષધબાગ, આધુનિક ઊર્જાયંત્ર વગેરે.

***વર્ષ દરમિયાન લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ લાભાર્થીઓ***

| ક્રમ | મહિનો | શાળાઓ | વિદ્યાર્થીઓ | શિક્ષકો | ખેડૂતો/અન્ય વ્યક્તિઓ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી | ૧૦ | ૧૧૩૨ | ૭૦ | ૩૦૦ | ૧૫૧૨ |
| ૨ | ફેબ્રુઆરી | ૧૨ | ૧૨૫૦ | ૮૨ | ૧૨૫ | ૧૪૬૯ |
| ૩ | માર્ચ | ૦૩ | ૭૧૦ | ૩૨ | ૪૫૫ | ૧૨૦૦ |
| ૪ | એપ્રિલ | ૦૭ | ૮૧૧ | ૭૦ | ૨૩૦ | ૧૧૧૮ |
| ૫ | મે | ૦૬ | ૧૦૧૦ | ૫૪ | ૫૬૮ | ૧૬૩૮ |
| ૬ | જૂન | ૦૩ | ૪૫૦ | ૨૫ | ૨૬૪ | ૭૪૨ |
| ૭ | જુલાઈ | ૦૬ | ૯૧૫ | ૫૫ | ૪૫૧ | ૧૪૨૭ |
| ૮ | ઓગસ્ટ | ૦૨ | ૩૫૦ | ૨૫ | ૧૧૦ | ૪૮૭ |
| ૯ | સપ્ટેમ્બર | ૦૩ | ૯૭૦ | ૩૭ | ૬૭૦ | ૧૬૮૦ |
| ૧૦ | ઓક્ટોબર | ૦૯ | ૧૧૩૦ | ૯૦ | ૫૯૦ | ૧૮૧૯ |
| ૧૧ | નવેમ્બર | ૧૨ | ૧૨૮૦ | ૮૫ | ૭૧૦ | ૨૦૮૭ |
| ૧૨ | ડિસેમ્બર | ૦૮ | ૭૧૫ | ૬૫ | ૭૯૦ | ૧૫૭૮ |
| | કુલ | ૮૧ | ૧૦૭૨૩ | ૬૯૦ | ૫૨૬૩ | ૧૬૭૫૭ |

કૃષિવિજ્ઞાન કેન્દ્ર અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠની મુલાકાતે આવતાં ખેડૂત ભાઈઓ-બહેનો અને મહાનુભાવો પણ લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવે છે.

- ***આકાશદર્શન કાર્યક્રમ***

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર અને વિજ્ઞાનનગરી-ભાવનગરની એસ્ટોનોમી ક્લબના સંયુક્ત ઉપક્રમે 'ચાલો, ગગનને નીરખીએ...' આકાશદર્શન અને બ્રહ્માંડદર્શનનો એક અનોખો કાર્યક્રમ સ્વ.શ્રી બળવંતભાઈ પારેખ જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે લોકભારતીને આંગણે યોજાઈ ગયો. તેમાં ઉદ્‌ઘાટકીય વક્તવ્ય જાણીતા ખગોળવિજ્ઞાની શ્રી અરુણભાઈ દવેએ આપ્યું. ટેક્‌નિકલ સેશનમાં જામગરના શ્રી અમિતભાઈ વ્યાસે બ્રહ્માંડનાં પાયાનાં પરિબળો અને તારાઓની રચના સંદર્ભે

બહુ અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. રાતે આઠથી દસ સુધી રાજેન્દ્ર ટેકરીના સ્થળે એકદમ અંધારી જગ્યાએ નરી આંખે દેખાતું આકાશ અને તેની સાથે સંકળાયેલી પૌરાણિક કથાઓ સહિતનું આકાશદર્શન શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ કરાવ્યું અને અમરેલીથી આવેલા શ્રી અનિરુદ્ધભાઈ અધ્વર્યુ અને ભાવનગરથી આવેલા શ્રી દર્શનભાઈ પાઠકે સ્વૈચ્છિક રીતે જ સ્વયં પ્રેરણાથી પોતપોતાના ટેલિસ્કોપ સ્વખર્ચે અને જોખમે લાવીને કેટલાંક આકાશી પિન્ડોનું દર્શન કરાવ્યું. ભાવનગર, જામનગર, અમરેલી એમ આ ત્રણેય જિલ્લાઓમાંથી અને સ્થાનિક લોકભારતી અને આસપાસના લગભગ સવાસો જેટલા રસિકોએ આ કાર્યક્રમ સરસ રીતે માણ્યો.

- ***વિશિષ્ટ દિનોની ઉજવણી***

સમાજમાં ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો જે ઉત્સાહથી નિયમિત રીતે ઉજવાય છે તેમ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના વિકાસ અર્થે અને વૈજ્ઞાનિક અભિગમોનો સહજ સંસ્કાર મળી રહે એ ભાવથી વિજ્ઞાન, પર્યાવરણ અને આરોગ્ય સંબંધી વિવિધ દિનોની ઉજવણી કરવામાં આવી. જેમ કે.. વિજ્ઞાનદિન–૨૮ ફેબ્રુઆરી, ધરતીદિન-૨૨ એપ્રિલ, સૂર્યદિન-૦૩ મે, ટેક્નોલૉજી ડે-૧૧ મે, પર્યાવરણદિન-૦૫ જૂન, હીરોશીમા ડે-૦૬, ઓગસ્ટ, ઓઝોન ડે-૧૬ સપ્ટેમ્બર, વન્યપ્રાણી સપ્તાહ-૦૨ ઓક્ટોબરથી ૦૯ ઓક્ટોબર, વિશ્વ એઇડ્સ દિન-૦૧ ડિસેમ્બર, વીજળી બચાવો દિન-૧૪ ડિસેમ્બર અને વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિકના જન્મ દિવસ વગેરે..

- ***રજાઓમાં મજા-વેકેશન વર્કશોપ- ગ્રીષ્મશિબિર***

સર્જનાત્મક વલણની કેળવણી થાય અને જ્ઞાન સાથે ગમ્મત થાય તેવી રસિક પ્રવૃત્તિઓનું આયોજન પસંદગીની શાળાઓમાં સંપૂર્ણ વૈજ્ઞાનિક દષ્ટિકોણથી ઉત્સાહી શિક્ષકોની સહાયથી હાથ ધરાયું.

- ***ઔષધબાગ***

દિન પ્રતિદિન સામાન્ય માણસની રોગપ્રતિકારક શક્તિ ઘટતી જાય છે અને મોંઘી એલોપથી દવાઓની આડઅસરો વધતી જાય ત્યારે વધારે નિરોગી જીવન જીવવા અને આપના વિસ્તારમાં જ ઊગતી ઔષધ વનસ્પતિઓનો પરિચય થાય અને તેનો ઉપયોગ કરવા તરફનું મનોવલણ કેળવાય તેવા અસરકારક શૈક્ષણિક કાર્યક્રમો સ્થાનિક વિદ્યાર્થીઓની મદદથી જીવંત નિદર્શન–પ્રદર્શન દ્વારા કરવામાં આવે છે.

- ''મોજીલું શિક્ષણ''નું નિર્માણથયું. (૧) ભાષા શીખીએ (૨) વાચન, લેખન અને ગણન (૩) વિજ્ઞાન અને ગણિત (૪) રજાની મજા

## ૦૯. પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માતૃધારા-માઈધાર

ફિનિક્સ પક્ષીની માફક બેઠું થયેલું પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માતૃધારા-માઈધારની પરંપરા મુજબની ઓળખ જેનાથી ઊભી થઈ રહી છે તેવા નીચે મુજબના લોકોપયોગી નોંધપાત્ર વિભાગો ચાલી રહ્યા છે.

- ***આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર***

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી આ પરિસરમાં જૂન-૨૦૧૯થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર (Avishkar Scence Center)નો શુભારંભ થયો છે. અંતરિયાળ માઈધાર ગામની આસપાસની ગ્રામીણ વિસ્તારની પ્રાથમિકશાળાના ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ અહીંના વિજ્ઞાન કેન્દ્રમાં આવીને, આખો દિવસ રોકાઈને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમ( Unit/Lesson)ની પ્રવૃત્તિઓ જાતે કરીને, સમજીને વિજ્ઞાન વિષય ભણે છે. આ વિજ્ઞાન કેન્દ્રમાં અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તાલીમબદ્ધ તથા યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અનુભવી શિક્ષકો

દ્વારા રાજ્ય સરકારના અભ્યાસક્રમ મુજબ પ્રવૃત્તિ(Hands on activity Kit) આધારિત વિજ્ઞાન વિષય શીખવવામાં આવે છે.

- ***વર્ષ દરમિયાન પ્રયોગ કરવા આવેલ શાળાની સંખ્યા***

| પ્રવૃત્તિ કરવા આવેલ બાળકો અને શિક્ષકોની સંખ્યા | | | | ગ્રીષ્મશિબિરમાં ભાગ લીધેલ બાળકોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | શિક્ષકો | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૭૨૮૨ | ૫૮૮૩ | ૪૪૦ | ૧૩૬૦૫ | ૧૭૨૨ | ૧૨૫૮ | ૨૯૮૦ |

- ***મોજીલું શિક્ષણ યોજના***

કોઈપણ વિષયને વિદ્યાર્થી જાતે ભણતો અને સમજતો થાય અને એ માહિતી-જ્ઞાનને પોતાના જીવાતાં જીવન સાથે સંશોધનાત્મક વલણોથી જોડતો થાય તેવી દૃષ્ટિ કેળવીને શિક્ષણને ગુણવત્તાસભર અને પરિણામલક્ષી કરવાનો સફળ પ્રયોગ—એટલે મોજીલું શિક્ષણ યોજના. આસપાસનાં ૭૮ ગામોની પ્રા.શાળામાં ૬થી ૮ ધોરણમાં મોજીલું શિક્ષણ યોજના ચાલે છે. જેમાં ચાર કાર્યકરો રોજ અલગ અલગ શાળામાં જઈને પ્રવૃત્તિ દ્વારા જે-તે એકમ શીખવે છે. દર બે મહીને કીટ તૈયાર કરીને તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે.

વર્ષ દરમિયાન ભાગ લીધેલ શાળાની યાદી

| માસ | શાળા | કુમાર | કન્યા | શિક્ષકો | કુલ |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૫૫ | ૧૨૪૮ | ૧૨૧૩ | ૧૪૮ | ૨૪૬૧ |
| ફેબ્રુઆરી | ૪૧ | ૧૮૫૦ | ૧૫૯૧ | ૧૧૭ | ૩૪૪૧ |
| માર્ચ | ૩૭ | ૨૩૭૨ | ૧૮૭૪ | ૧૧૦ | ૪૨૪૬ |
| એપ્રિલ | ૫૩ | ૨૮૮૬ | ૨૫૮૦ | ૧૪૫ | ૫૪૬૬ |
| મે | ૬૬ | ૧૩૮૯ | ૧૮૦૩ | ૧૯૦ | ૩૧૯૨ |
| જૂન | ૩૯ | ૧૬૦૮ | ૧૫૪૬ | ૧૧૦ | ૩૧૫૪ |
| જુલાઈ | ૫૭ | ૨૨૮૫ | ૧૮૦૮ | ૧૪૬ | ૪૦૯૩ |
| ઓગસ્ટ | ૬૦ | ૩૦૨૯ | ૨૫૫૬ | ૧૪૧ | ૫૫૮૫ |
| સપ્ટેમ્બર | ૫૬ | ૧૮૦૩ | ૧૮૦૦ | ૧૫૩ | ૩૬૦૩ |
| ઓક્ટોબર | ૨૬ | ૧૦૫૩ | ૧૦૩૪ | ૧૪૨ | ૨૦૮૭ |
| નવેમ્બર | ૩૬ | ૧૧૩૦ | ૧૦૧૨ | ૧૩૬ | ૨૧૪૨ |
| ડિસેમ્બર | ૫૫ | ૨૧૨૨ | ૨૦૧૩ | ૧૪૨ | ૪૧૩૫ |
| કુલ | ૫૮૧ | ૨૨૭૭૫ | ૨૦૮૩૦ | ૧૬૮૦ | ૪૩૬૦૫ |

મોજીલું શિક્ષણ કાર્યક્રમ નીચેના તાલુકાઓમાં અને શાળાઓમાં ચાલી રહ્યો છે.

| તાલુકા | સી.આર.સી કલસ્ટર | શાળાઓ |
|---|---|---|
| પાલીતાણા | ૦૫ | ૩૩ |
| તળાજા | ૦૪ | ૨૬ |
| સિહોર | ૦૨ | ૧૯ |

● *લોકકલ્યાણ વિદ્યાલય*

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય શરૂ થયું પછી આસપાસનાં ગામોમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થવાને પરિણામે લોકોમાં શિક્ષણ મેળવવા માટે જાગૃતિ આવી. કન્યાકેળવણીનું પ્રમાણ પણ વધ્યું. માઈધારમાં ૮ ધોરણ સુધીની જ પ્રાથમિકશાળા ચાલે. આથી ધોરણ ૮ પછી બહાર ભણવા જવાનું હોવાથી દીકરીઓને આગળ ભણવાની તક મળતી નહોતી. આસપાસનાં ગામડાંના લોકોની પ્રબળ માંગ અને જરૂરિયાતના પરિણામે ૨૦૧૬થી લોકકલ્યાણ વિદ્યાલય (૯થી ૧૨ માધ્યમિકશાળા) શરૂ કરવામાં આવ્યું છે. આંબલા-લોકભારતીના નીવડેલા અસરકારક કાર્યક્રમો અહીં ખપ લાગી રહ્યા છે. લોકકલ્યાણ વિદ્યાલય ધોરણ ૧૦નું તથા ધોરણ ૧૦નું પરિણામ ૧૦૦% આવ્યું છે. આ વિદ્યાલયના અસરકારક કાર્યક્રમો આ મુજબ છે.

● વિદ્યાર્થીઓની સંખ્યા

| ધોરણ | કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૦૯ | ૭૦ | ૩૭ | ૧૦૭ |
| ૧૦ | ૬૫ | ૨૭ | ૯૨ |
| ૧૧ | ૨૯ | ૧૭ | ૪૬ |
| ૧૨ | ૩૫ | ૨૨ | ૫૭ |
| કુલ સંખ્યા | ૧૯૯ | ૧૦૩ | ૩૦૨ |

અભ્યાસક્રમને અનુબંધિત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

● *ઉત્સવ/વિવિધ દિનની ઉજવણી*

ગુરુ પૂર્ણિમા, રક્ષાબંધન, ગણેશ ચતુર્થી, નવરાત્રી, ગાંધીજયંતી-ગાંધી સપ્તાહ, શિક્ષકદિન, વિશ્વ યોગદિન, વિશ્વ પર્યાવરણદિન, રાષ્ટ્રીય વિજ્ઞાનદિન, ચકલીદિન, સિંહ દિન, સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન

● *અન્ય*

સફાઈ, યોગ શિક્ષણ અને પ્રાર્થના સંમેલન, આરોગ્ય નિદાન કેમ્પ, રમત-ગમત, ખજાનાની શોધ કાર્યક્રમ, સંગીત-ચિત્ર, વીડિયો ક્લિપ દર્શન, વાલી મિલન, સંગીત સંધ્યા, આકાશદર્શન, ફિલ્મદર્શન, વાંચે વિધાર્થી, ક્વિઝ, વડીલો સાથે વાતો, જૂથ ચર્ચા, મંત્રી મંડળ, મહેમાન વક્તા સાથે સંવાદ, સમૂહભોજન, સાહસદોડ, સિવણ ક્લાસ, બ્યુટી પાર્લર, કમ્પ્યૂટર ક્લાસ, આસપાસનાં ગામો સાથે વિસ્તરણ કાર્યક્રમો, સ્ટેમલેબ પ્રવૃત્તિઓ.

● ***પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-છાત્રાલય***

| છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની સંખ્યા | કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| | ૧૫૧ | ૮૦ | ૨૩૧ |

● છાત્રાલયના દરેક કાર્ય વિદ્યાર્થીઓના મંત્રી મંડળ દ્વારા કરવામાં આવે છે જેમ કે ભોજનમંત્રી, આરોગ્યમંત્રી, સફાઈમંત્રી, ઉત્સવમંત્રી, પ્રાર્થનામંત્રી, છાત્રાલયમંત્રી, ધ્વનિમંત્રી વગેરે મંત્રીઓ દ્વારા છાત્રાલયની સાર સંભાળ ગૃહપતિના માર્ગદર્શન હેઠળ રહીને રાખવામાં આવે છે.

● છાત્રાલયમાં વિદ્યાર્થી સંસ્કાર ઘડતર માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

● ***કૃષિ વિકાસ કેન્દ્ર મણાર સંચાલિત માઈધાર કેન્દ્ર***

કૃષિ વિકાસ કેન્દ્ર-માઈધારની શરૂઆત ઓગસ્ટ-૨૦૨૦ના રોજ થયેલ છે. કેન્દ્રમાં તળાજા તાલુકાનાં ૧૩ ગામડાંઓ તથા પાલીતાણા તાલુકાનાં ૧૨ ગામડાંઓમાંથી ૧૦૫૦ ખેડૂતોને આવરી લેવામાં આવ્યાં છે. જેમાં કુલ ૪૫ ખેડૂત જૂથો બનાવ્યા છે. કેન્દ્રમાં સામેલ ગામોની યાદી આ પ્રમાણે છે.

| તળાજા તાલુકાનાં ગામડાંઓ | | પાલિતાણા તાલુકાનાં ગામડાંઓ | |
|---|---|---|---|
| ટીમાણા | ભદ્રાવળ-૨ | માઈધાર | મેઢા |
| હબુકવડ | ભદ્રાવળ-૩ | અનીડા | લાપાળીયા |
| દાંત્રડ | પીંગળી | માંડવડા-૧ | નાની રાજસ્થળી |
| ટાઢાવડ | બાખલકા | માંડવડા-૨ | સાંજણાસર |
| ભદ્રાવળ-૧ | શેવાળિયા | લાખાવડ | મોટી પાણિયાળી |
| દિહોર | મોટી માંડવાળી | ભૂતિયા | નાની પાણિયાળી |
| ભેગાળી | | | |

● કૃષિ વિકાસ કેન્દ્ર-માઈધારમાં ખેતીવાડી વિભાગમાં કપાસ, મગફળી, ડુંગળી, ઘઉં તથા બાગાયત વિભાગમાં આંબા, જમરૂખ, સીતાફળ, દાડમ અને મસાલા પાકોમાં ધાણા, વરિયાળી, મેથી વગેરે જેવા પાકોને આવરી લઈને કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ દરમિયાન કરવામાં આવેલ કામગીરી આ પ્રમાણે છે.

| | |
|---|---|
| કેન્દ્રની મુલાકાત લીધેલ ખેડૂતોની સંખ્યા | ૧૮૫૩ |
| પ્રાકૃતિક ખેતી માટે થયેલ તાલીમોની સંખ્યા અને લાભ લીધેલ ખેડૂતોની સંખ્યા | તાલીમોની સંખ્યા – ૫૧<br>લાભાર્થી સંખ્યા - ૧૦૩૭ |
| નિદર્શન પ્લોટની મુલાકાતમાં લાભાર્થી ખેડૂતોની સંખ્યા | ૪૨૧ |
| આઈખેડૂત પોર્ટલમાં રજિસ્ટર ખેડૂતોની સંખ્યા | ૧૧૬ |
| બાગાયતી તથા ખેતીવાડી પાકોમાં સબસીડી ફોર્મ ભર્યા બાદ લાભાર્થી ખેડૂતો | ૨૫૧ |
| બાગાયતી પાકોમાં સેન્ટર પરથી રોપા (કલમનું) કુલ વિતરણ | આંબાની કલમ-૪૦૦,<br>ચીકુ-૩૦, નારિયેળી-૧૫૦,<br>વૃક્ષ-૧૯૧૨૩ |
| કેન્દ્ર પરથી એગ્રી ઈનપુટ(નીમઓઈલ, નીમખોળ, એરંડી ખોળ, સુડોમોનસ વગેરે) ખરીદી કરનાર લાભાર્થીની સંખ્યા | ૯૩૦ |
| પાક સંરક્ષણ તથા પાક ઉત્પાદન માટે કરવામાં આવેલ તાલીમોમાં લાભ | તાલીમોની સંખ્યા-૬૪ |
| લીધેલ ખેડૂતોની સંખ્યા | લાભાર્થી સંખ્યા-૧૦૫૦ |
| સુગંધીય પાક કરનાર ખેડૂતો | ૦૩ |
| ઔષધીય વાવેતર કરનાર ખેડૂતો | ૦૧ |

કેન્દ્ર પર ગાય આધારિત ખેતીનું ડેમોસ્ટ્રેશન, વર્મીકમ્પોસ્ટ, બાયોગેસ પ્લાન્ટ, જૈવિક દવાઓના નિદર્શન મૂકવામાં આવ્યા છે. તેમ જ વાડોલિયામાં શાકભાજી ઉછેર, ખારેકના રોપા વગેરેનું ડેમોસ્ટ્રેશન કરીને નિદર્શન કરવામાં આવી રહ્યું છે.

● *રવિ શાળા*

દર રવિવારે ૦૨ કલાક માઈધાર અને ભદ્રાવળ નં-૩ ગામનાં બાળકોને પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. માટીકામ, કાગળકામ, તહેવારો અનુરૂપ પ્રવૃત્તિઓ, રમતો, ગીતો, ચિત્રકામ, રંગપુરણી, ક્રાફ્ટવર્ક વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

● *સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર*

પીડીલાઈટ દ્વારા આ વર્ષે માઈધાર કેન્દ્રમાં સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું. જેમાં બ્યુટી પાર્લર, સિવણ ક્લાસ અને કમ્પ્યૂટર ક્લાસમાં વિદ્યાર્થીઓ અને આજુબાજુના ગામનાં બહેનો શીખવા માટે આવે છે. NEP અંતર્ગત વિદ્યાર્થીઓમાં અભ્યાસ સાથે સ્કિલ ડેવલપ થાય છે.

● *અહિંસાની કેળવણી*

ગાંધી-૧૫૦ના ભાગરૂપે સાબરમતી આશ્રમ, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર અને લોકભારતી-સણોસરા દ્વારા માઈધાર કેન્દ્રમાં તળાજા તાલુકાની ૧૦ પ્રાથમિકશાળાઓમાં અહિંસાની કેળવણી અંતર્ગત ધોરણ ૬નાં ૧૧૮૦ બાળકો સાથે પ્રવૃત્તિઓ દ્વારા ગાંધીજીના વિચારો અને હાલ સતત વાત-વાતમાં હિંસા પ્રેરે તેવા શબ્દોથી દૂર કેવી રીતે રહેવું તે અભ્યાસક્રમ પ્રવૃત્તિ સાથે શીખવવામાં આવે છે. 'અહિંસાની કેળવણી'ના સંયોજક તરીકે શ્રી દિનુભાઈ ચુડાસમા અને સહ સહયોગી તરીકે શ્રી રવિભાઈ વેગડ કાર્યરત છે.

**માઈધાર કેન્દ્રમાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓ**

● *છાશ વિતરણ કેન્દ્ર*

માઈધાર કેમ્પસ દ્વારા જરૂરિયાત ધરાવતાં ૬૦ કુટુંબોને મફતમાં છાશ કેન્દ્ર દ્વારા છાશ વિતરણ કરવામાં આવે છે. છાશ વિતરણ કાર્યક્રમ દર વર્ષે માર્ચથી જૂન દરમિયાન ચલાવવામાં આવ્યું.

● *ખેતીવાડી*

ચોમાસું સિઝનમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું. જેમાં મગફળીનું ઉત્પાદન સારું રહ્યું. શિયાળાની સિઝનમાં લોક-૧ ઘઉંની જાતનું બિયારણ તૈયાર કરવામાં આવ્યું.

● *સેનેટરીપેડ બનાવવાની પ્રવૃત્તિ*

માઈધાર કેન્દ્રમાં ફેબ્રુઆરી-૨૦૨૪થી કંચન ફાઉન્ડેશનના સહયોગથી સેનેટરી પેડ બનાવવાનું સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ૪ બહેનો કાર્ય કરી રહ્યાં છે. આ વર્ષે ૮૫ હજાર રૂપિયાનું વેચાણ કરવામાં આવ્યું. વિદ્યાર્થિની બહેનો પોતાના માટે જાતે સેનેટરી નેપકિન બનાવીને તેનો ઉપયોગ કરે છે.

**વર્ષ દરમિયાન અભ્યાસક્રમને અનુબંધિત યોજાયેલ વિવિધ કાર્યક્રમ**

● લોકકલ્યાણ વિદ્યાલયના ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો. જેમાં લોકભારતી અધ્યાપનમંદિરના આચાર્ય શ્રી જગદીશગીરી ગોસાઈ અને પંચાયતીરાજ તાલીમ કેન્દ્રનાં આચાર્ય શ્રી ગિરીશભાઈ દવે અને લોકકલ્યાણ વિદ્યાલયના ટ્રસ્ટીશ્રી અરજણભાઈ ડાંગર ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રાસંગિક વાતો કરી શુભેચ્છા પાઠવી. સાથે લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓના વાલીઓનું વાલી મિલન યોજાયું. જેમાં જગદીશભાઈએ ૧૨માં પછી કેવા કોર્સ કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું.

● શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને ધરતીબેન જોગરાણા દ્વારા દિવસે આપણા બ્રહ્માંડ વિષયક સ્લાઈડ શૉ, પ્રશ્નોત્તરી તેમજ રાત્રે વિવિધ રસપ્રદ વાર્તા દ્વારા નરી આંખે આકાશદર્શન કરાવ્યું. જેમાં ધરમપુરના બાળકો લોકવિદ્યાલયના વિદ્યાર્થીઓ

અને શિક્ષકો જોડાયા.

● લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીનું વાલીમિલન યોજાયું જેમાં વિદ્યાર્થીઓએ, વાલીઓએ, શિક્ષકોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા. નિર્મળભાઈ પરમાર, પાતુભાઈ આહિર અને ભાવનાબહેન પાઠક દ્વારા પ્રાસંગિક વાતો કરવામાં આવી.

● ગુરુવંદના કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રથમ બેઠકમાં ડૉ. બળવંતભાઈ તેજાણીનું વ્યાખ્યાન અને બીજી બેઠકમાં નિબંધ અભિવ્યક્તિ, ચિત્ર અભિવ્યક્તિ, વક્તૃત્વ અને મહેંદી અભિવ્યક્તિ જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ અને કાર્યકરો જોડાયા.

● અરુણભાઈ દવે દ્વારા નોર્વે દેશની મુલાકાત દરમિયાન થયેલ અનુભવોની વિદ્યાર્થીઓને વાત કરી અને વિડીયો ક્લિપ બતાવી.

● લોકવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ગૌધામ કોટિયાના ડુંગરમાં ખજાનાની શોધ કાર્યક્રમની મોજ માણી. ત્યાં લહેરગીરી બાપુના આશ્રમમાં યજ્ઞમાં જોડાયા અને બાપુએ વિદ્યાર્થીઓને પર્યાવરણ જાળવણી અને તેમના નિર્માણ અંગે વાત કરી. સૌએ આશ્રમમાં પ્રસાદી લીધી.

● ધ્વજવંદન કાર્યક્રમ અને સાંકૃતિક કાર્યક્રમમાં માઈધાર પ્રાથમિકશાળા સાથે જોડાયા.

● ખોડીદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન-મહુવા દ્વારા તળાજા મુકામે યોજાયેલ ચિત્ર પ્રદર્શનમાં વિદ્યાર્થિનીઓ સાથે અરજણભાઈ ડાંગર, નિર્મળભાઈ પરમાર અને પાતુભાઈ આહિર જઈ આવ્યા. ચાર બહેનોને શ્રીકૃષ્ણના ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા.

● રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં જાણીતા કવિ તુષારભાઈ શુક્લ, વિશાલભાઈ ભાદાણી, રેખાબહેન વ્યાસ, રમાબહેન દેવમુરારિ આવી ગયા. તેઓએ પ્રાસંગિક વાતો કરી.

● કોકિલાબહેન વ્યાસ અને રજનીબહેન ગાંધીને લઈને અરુણભાઈ દવે આવી ગયા. 'દર્શક' પુણ્યતિથિ નિમિત્તે અરુણભાઈએ પ્રાર્થનાના અનુસંધાને દર્શકદાદાના સ્મરણો રસપ્રદ રીતે કહ્યા. કોકિલાબહેનને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. બન્ને બહેનોએ વિદ્યાર્થીઓને ગીતો સંભળાવ્યા અને દર્શકદાદાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

● શ્રી રામ મોરી સંસ્થા મુલાકાતે આવી ગયા. વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.

● હનુંમત હોસ્પિટલની ટીમ દ્વારા આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો. જેમાં ૨૮૧ વિદ્યાર્થીઓએ તપાસ કરાવી. ડૉ. પાર્થભાઈ દ્વારા વિદ્યાર્થીઓને આરોગ્ય અંગે વાત કરી. ડૉ. પરેશભાઈ જાનીએ વ્યસનમુક્તિ અંગે માર્ગદર્શન આપ્યું.

● શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ દેશ-વિદેશમાં ગાંધી વિચારથી પ્રેરાઈને કેવાં કેવાં કામો કર્યા તેની વાતો કરી. અને ડૉ.દિનુભાઈ ચુડાસમાએ ગાંધીજીના જીવન પ્રસંગો વણીને રસપ્રદ રીતે ગાંધી જીવનદર્શન કરાવ્યું.

● વિશાલભાઈ ભાદાણીએ જૂથ ચર્ચામાં 'ગાંધીજીનું દવાખાનું' શીર્ષક અંતર્ગત વિદ્યાર્થીઓને જૂથ કાર્યમાં ગામની સમસ્યા તેમ જ વ્યક્તિગત વિચાર વલોણું કરાવ્યું. બપોર પછીની સભામાં તેમના દ્વારા લખવામાં આવેલ વાર્તાનો રસાસ્વાદ કરાવ્યો.

● ગાંધી ગુંજન કાર્યક્રમ અંતર્ગત ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથાનું વાચન કરી વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્વાધ્યાયની અભિવ્યક્તિ કરવામાં આવી. જેમાં ગાંધીજીના પ્રસંગો દ્વારા, મૂકનાટકો, વ્યસનમુક્તિ, વીડિયો ક્લિપ, પ્રોજેક્ટ વર્ક, પ્રશ્નોતરી દ્વારા ગાંધી વિચારનો પરિચય વિદ્યાર્થીઓએ કર્યો.

● શ્રી અનિલભાઈ પંડિત, દરિદ્રનારાયણ સેવા નિજાનંદ પરિવાર દ્વારા ગાંધી ગુંજન કાર્યક્રમમાં લોકોની સેવા

કરવાના રસ્તાઓ અને કેવી રીતે કાર્ય કરવું જોઈએ તે અંગે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. ગાંધી જયંતી નિમિત્તે વિદ્યાર્થીઓએ અલગ અલગ સ્વાધ્યાય તૈયાર કરીને રજૂઆત કરી.

- પીડીલાઈટમાંથી શ્રી અરુણભાઈ ઉપાધ્યાય, શ્રી વીરેન્દ્રસિંહ, શ્રી રાકેશભાઈ ચાલતા કાર્યક્રમોની મુલાકાતે આવી ગયા. શ્રી અરુણભાઈ દવે અને કાર્યકરો સાથે મિટિંગ કરવામાં આવી.

**વર્ષ દરમિયાન યોજાયેલ તાલીમ**

- સ્વ બળવંતભાઈ પારેખ જન્મ શતાબ્દી મહોત્સવ નિમિત્તે NEPના અમલીકરણ સંદર્ભે શિક્ષક સંગોષ્ઠિમાં સંસ્થા સાથે જોડાયેલ ૧૦૦ શાળાના શિક્ષકો-આચાર્યોનો કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રી નલિનભાઈ પંડિત સાહેબ, ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, ડૉ. વિશાલ ભાદાણી, શ્રી છાયાબહેન પારેખ, શ્રી અરુણભાઈ દવેના મનનીય, વ્યવહારુ વિચારો, ઉકેલો અંગે પ્રાસંગિક વાર્તાલાપ યોજાયો. આંબલા, મણાર, શેત્રુંજીડેમ, બેલાના સંચાલકો અને આચાર્ય તેમ જ મોજીલું શિક્ષણના કાર્યકરો અને લોકભારતીથી અર્ચનાબહેન દવે હાજર હતા.
- ધરમપુર પિંડવળનાં ધોરણ ૬ અને ૭નાં બાળકોની શિબિર યોજાઈ. જેમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં ધોરણ ૬ અને ૭ના વિજ્ઞાનના પ્રયોગો જાતે કરીને શીખ્યા. મોજીલા શિક્ષણની પ્રવૃત્તિઓ અને રમતો તેમજ સ્ટેમલેબ, ભાવનાબહેન દ્વારા અભિનય ગીતો, વાર્તા, નાટક, તેમ જ માઈધાર સંસ્થાની પ્રવૃત્તિઓ રસપ્રદ રીતે શીખ્યા. તેમના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. તેમની સાથે રણજિતભાઈ બારડ, ઇલાબહેન બારડ તેમ જ ૩ શિક્ષકો જોડાયાં હતાં. આ શિબિરનું આયોજન તેમ જ સંચાલન આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર તેમ જ મોજીલા શિક્ષણનાં કાર્યકરોએ કર્યું.
- જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ ધરમપુરના ૧૮ શિક્ષકો માઈધાર કેન્દ્રમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં વિજ્ઞાન તાલીમ માટે આવી ગયા. તેમણે મોજીલું શિક્ષણ, સ્ટેમલેબ અને અન્ય પ્રવૃત્તિઓની વિગતે સમજ મેળવી. અરુણભાઈ દવે સાથે વાર્તાલાપ-પ્રશ્નોત્તરી કરી.
- મોજીલું શિક્ષણની બે દિવસની તાલીમ જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ ધરમપુરના શિક્ષકોને આપવામાં આવી.

**વર્ષ દરમિયાન આંગણે પધારેલા મહેમાનો - શુભેચ્છકો**

- ગાંધી આશ્રમના ડાયરેક્ટર શ્રી અતુલભાઈ પંડયા અને તેમની સાથે કેતનભાઈ રૂપેરા.
- શ્રી પ્રકાશભાઈ શાહ અને તેમનાં પત્ની શ્રી અંજનાબહેન શાહ.
- શ્રી મધુકરભાઈ પારેખ પરિવાર સાથે માઈધાર સંસ્થાની મુલાકાતે.
- શ્રી પરમાણંદદાદા, મહેશભાઈ હુંબલ, ઘનશ્યામભાઈ ચભાડિયા.
- કંચન ફાઉન્ડેશન અમદાવાદથી શ્રી મમતાબહેન, રાજેશભાઈ, અને સ્મિતાબહેન.
- શ્રી અમરીશભાઈ અને તેમની દીકરી.
- શ્રી મધુકરભાઈ પારેખ તેમના મિત્રો સાથે.
- શ્રીમતી જયાલક્ષ્મી પ્રવીણચંદ્ર બાબુલાલ શાહ ટ્રસ્ટ, હસ્તે શ્રીમતી મીતાબહેન વિપુલભાઈ શાહ તથા શ્રીમતી નિલોનીબહેન મિહિરભાઈ તથા શ્રી વત્સલભાઈ વિપુલભાઈ શાહ તરફથી શ્રી લોકવિદ્યાલય માઇધારને એમ્પ્લીફાયર ભેટ આપવામાં આવ્યું.
- શ્રી પી.કે. લહેરી સાહેબ, અરુણભાઈ દવે, રાજેન્દ્રભાઈ ખીમાણી.

**કાર્યકર સજ્જતા-મુલાકાત**

● શ્રી અરુણભાઈ દવે આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને સમગ્ર કાર્યકરોને માર્ગદર્શન કાર્યક્રમ.

● અગસ્ત્ય ફાઉન્ડેશનમાંથી શ્રી નીમેષભાઈ અને હિરેનભાઈ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે અને ગણિતનાં નવા મોડલ્સ અંગેની મિટિંગ.

● મે મહિનાના વેકેશન અંતર્ગત લોકશાળા મણારથી ભાવેશભાઈ જાંબુચા, રાજુભાઈ ચૌહાણ અને તેમની સાથે લોકવિદ્યાલય માઈધારથી રવીન્દ્રભાઈ આ ત્રણેય મિત્રોને તળાજા તાલુકાના મૃદા ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક કામગીરી કરવવામાં આવી રહી છે. તેમનાં સહયોગથી વડોદરા શહેર નજીક પાદરા તાલુકાના એકલબારા ગામમાં ૧૫ દિવસની સમર કેમ્પ કરાવી આવ્યા.

● વડોદરા અગસ્ત્ય ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવેલ તાલીમમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો જઈ આવ્યા.

● Melzo સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવા માટે નિષ્ણાતો આવ્યા અને તેમના દ્વારા ધો ૯થી ૧૨નો અભ્યાસક્રમ સરળ રીતે અને પ્રવૃત્તિઓ દ્વારા શીખવી શકાય તેની માહિતી આપવામાં આવી.

● લોકભારતી અધ્યાપનમંદિરમાંથી પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ અને અધ્યાપકો માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, મોજીલું શિક્ષણ પ્રવૃત્તિ દ્વારા શીખ્યા. બપોરના સમેલનમાં અભિનય ગીતો અને પર્યાવરણ જાળવણી અંગેનું નાટક રજૂ કર્યું. ભાવનાબેન પાઠકે પર્યાવરણ શિક્ષણ દાર્શનિક પાઠ આપ્યો.

● આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાંથી યુવરાજભાઈ અને ઘનશ્યામભાઈ ગણિત તાલીમ માટે ધોળકા જઈ આવ્યા.

● Melzo સોફ્ટવેર અંતર્ગત માઈધાર, આંબલા, મણાર કેન્દ્ર કાર્યકરોની એક તાલીમ યોજાઈ.

● બે દિવસ AQAC કાર્યક્રમ અંતર્ગત કળસાર મુકામે બે દિવસની તાલીમમાં માઈધાર કેન્દ્રમાંથી ચાર કાર્યકરો જઈ આવ્યા.

● તળાજા તાલુકાકક્ષાના વિજ્ઞાન મેળામાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો નિર્ણાયક તરીકે જઈ આવ્યા.

● ગીરના નેસમાં નલિનભાઈ પંડિતના માર્ગદર્શન નીચે મોજીલા શિક્ષણના કાર્યકરો પ્રવૃત્તિઓ કરાવવા માટે જઈ આવ્યા.

## ૧૦. જળસંચય કાર્યક્રમ

પાણીનાં પ્રશ્નને લઈને લોકભારતીએ પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝના સહયોગથી ગુજરાત સરકારના ઇરીગેશન વિભાગ સાથે શરૂ કરેલાં કામો નવમાં વર્ષમાં પ્રવેશ્યાં છે, ત્યારે કામનો વ્યાપ અને વિસ્તાર વિસ્તર્યા છે. ભાવનગર જિલ્લાના સિહોર, પાલીતાણા, ગારિયાધાર, ઉમરાળા તાલુકામાં કામનો વ્યાપ વધાર્યો.

પાણીસંગ્રહનાં થયેલ કામોની વિગત

● વર્ષ દરમિયાન પાણી સંગ્રહનાં ૨૫ જેટલાં કામો થયાં. જેની પાછળ રૂપિયા ૭૬,૩૭,૨૬૩/- વપરાયા.

| નવા ચેકડેમનું કામ | | | ચેકડેમ ડીપનીંગનું કામ | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | ગામ | તાલુકો | ક્રમ | ગામ | તાલુકો |
| ૧ | મહાદેવપરા | સિહોર | ૧ | મહાદેવપરા | સિહોર |
| ૨ | ભડલી | સિહોર | | | |

● ચેકડેમ રીપેરીંગનું કામ

| ક્રમ | ગામ | તાલુકો | ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|---|---|---|
| ૧ | મહાદેવપરા | સિહોર | ૮ | પરવડી-૧ | ગારીયાધાર |
| ૨ | ખાંભા | સિહોર | ૯ | પરવડી-૨ | ગારીયાધાર |
| ૩ | ઘેટી-૧ | પાલીતાણા | ૧૦ | પિપળીયા -૧ | સિહોર |
| ૪ | ઘેટી-૨ | પાલીતાણા | ૧૧ | પિપળીયા -૨ | સિહોર |
| ૫ | ઘેટી-૩ | પાલીતાણા | ૧૨ | સખવદર | સિહોર |
| ૬ | વિરડી-૧ | ગારિયાધાર | ૧૩ | રેવા | ઉમરાળા |
| ૭ | વિરડી-૨ | ગારિયાધાર | ૧૪ | રેવા રામદેવભાઈ ફાર્મ | ઉમરાળા |

● સુજલામ સુફલામ જળ અભિયાન ડી-સીલ્ટિંગનાં કામ

| ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|
| ૧ | પાંચ તલાવડા | સિહોર |
| ૨ | ગુજરડા | ગારિયાધાર |

● કેનાલનાં કામ

| ક્રમ | કામનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧ | કાળુભાર કેનાલ | વલ્લભીપુર |
| ૨ | રંઘોળા કેનાલ ચે.૦ થી ૧૩૭૮૭ મી. | ઉમરાળા |
| ૩ | રંઘોળા કેનાલ ચે.૧૩૭૮૭ થી ૨૫૯૩૪ મી. | ઉમરાળા |
| ૪ | રંઘોળા કેનાલ -માઈનર કેનાલ ૧ થી ૧૩ | ઉમરાળા |
| ૫ | રંઘોળા કેનાલ -માઈનર કેનાલ ૧ થી ૧૩ (જંગલ ક્લીયરન્સ ) | ઉમરાળા |
| ૬ | રંઘોળા કેનાલ એચ. આર. સી. આર. ગેટ રીપેરીંગ | ઉમરાળા |

ઉપરોક્ત તમામ કામો સરકારશ્રી તથા ગામ લોકોની જરૂરિયાત મુજબ લોકોના સહકારથી કરવામાં આવ્યા. જેમાં પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરફથી નીચે મુજબ સાધન સહાય મળેલ છે.

| ક્રમ | સાધન નું નામ | સંખ્યા | ક્રમ | સાધન નું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | JCB with breaker | ૧ | ૭ | Vibrator | ૨ |
| ૨ | JCB | ૧ | ૮ | Shuttering Plates | ૨૫ બ્રાસ |
| ૩ | Tractor | ૩ | ૯ | Water Pump | ૧ |
| ૪ | Trolly | ૩ | ૧૦ | PVC Tank | ૨ |
| ૫ | Water Tanker | ૧ | ૧૧ | Compression Machine | ૧ |
| ૬ | Mix Machine | ૧ | ૧૨ | Generator | ૧ |

આ ઉપરાંત સંસ્થાનાં વિવિધ વિભાગો જેવા કે ખેતી વિભાગ, નર્સરી વિભાગ, ગૌશાળા વિભાગ, બાંધકામ વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વગેરે માં જરૂરિયાત મુજબ jcb તથા ટ્રેક્ટરનો ઉપયોગ કર્યો છે.

## ૧૧. લોકભારતી ગ્રંથાલય

હાલમાં ગ્રંથાલય પાસે નીચેના કોઠામાં દર્શાવ્યાં મુજબનાં પુસ્તકો છે.

| ક્રમ | ભાષા | વર્ષ ૨૦૨૩-૨૪ | |
|---|---|---|---|
| | | ઉમેરાયેલાં પુસ્તકો | ૩૧-૧૨-૨૦૨૪ સુધી પુસ્તક સંખ્યા |
| ૦૧ | ગુજરાતી | ૨૦૮ | ૨૦,૪૨૧ |
| ૦૨ | હિંદી | ૦૧ | ૫૭૧૬ |
| ૦૩ | અંગ્રેજી | ૧૦ | ૧૩,૨૮૩ |
| ૦૪ | સંસ્કૃત | - | ૧૪૪ |
| ૦૫ | બંગાળી | -- | ૧૩૨ |
| ૦૬ | મરાઠી | -- | ૨૫૬ |
| ૦૭ | સંદર્ભ ગ્રંથ | -- | ૭૨૦ |
| | સામયિક ફાઈલો | | |
| ૦૧ | ગુજરાતી | -- | ૨૪૮૩ |
| ૦૨ | હિંદી | -- | ૧૦૮૦ |
| ૦૩ | અંગ્રેજી | -- | ૨૫૯૦ |
| | કુલ | -- | ૫૧૧૫૦ |

- કુલ સામયિક - ૬૬
- વર્ષ દરમિયાન પુસ્તકાલયમાં આવેલ વાચકોની સંખ્યા - ૮,૦૩૨
- વર્ષ દરમિયાન ઇસ્યૂ થયેલ પુસ્તકોની સંખ્યા કાર્યકરો ૧૦૩૨, વિદ્યાર્થી સંખ્યા- ૭૦૦ કુલ -૮,૦૩૨
- U.G.C. પુસ્તકોનો છેલ્લો અંક - ૭,૫૧૪
- લોકસેવા પુસ્તકોનો છેલ્લો અંક - ૫૧,૫૫૦
- કેંદ્ર સરકારના પુસ્તકોનો છેલ્લો અંક - ૭૮૦
- પુસ્તકોની કુલ સંખ્યા - ૫૯,૮૪૪

## ૧૨. કૃષિ સંશોધન વિભાગ

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના મુખ્ય ત્રણ હેતુઓ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ પૈકી સંશોધનનો હેતુ આ વિભાગ દ્વારા મહદ અંશે સિદ્ધ કરવામાં આવે છે. ગામડાંનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેથી ખેતી વ્યવસાયને અનુરૂપ સંશોધન થવું જોઈએ તો ખેતી વ્યવસાયના પાકો પૈકી ઘઉં અને સોયાબીન પાક ઉપર સંશોધન થાય છે.

સંશોધન ૭૦થી ૮૦% કામ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ કરે છે. આના કારણે વિદ્યાર્થીઓમાં જ્ઞાનવૃદ્ધિ, આવડત, જવાબદારી, શિસ્ત, વ્યક્તિ-વિકાસ, અને ચોકસાઈ જેવા કૌશલ્યોનો વિકાસ થાય છે. તેથી વિદ્યાર્થીને કારણે સંશોધનનું કામ વ્યવસ્થિત, સરળ અને ચોકસાઈથી થાય છે.

- *ઘઉં*

આ વર્ષે કૃષિ સંશોધન કેન્દ્ર લોકભારતીએ ૪૪ વર્ષ પછી લોક-૭૯ જાત વિકસાવી અને દેશભરને પોષણમૂલ્ય અને

ગેરુ રોગ પ્રતીકારક જાત આપી.

- આ વર્ષે કુલ ત્રણ પ્રકારના પ્રયોગો (જાતોની સરખામણીના) હતા.

(૦૧) લોકલ ટ્રાયલ - ૯૦ જાતો (૨) રાજ્યકક્ષાના ટ્રાયલ - ૮૨ જાતો (૩) રાષ્ટ્રીકક્ષાના ટ્રાયલ -૩૫ જાતો

- આ વર્ષે જુદી જુદી નર્સરીઓમાં બહારથી ૩૦૫ જેટલી જાતો વાવવામાં આવી.

(૧) NGSN- ૧૧૫ વેરાયટી (૨) SSN - ૨૪૭ વેરાયટી

- *ટ્રાયલો*-( National & State)

(૧) AVT-IR-LS-૧૦ વેરાયટી-કરનાલથી (૨) NIVT-IR-LS -૨૫ વેરાયટી-કરનાલથી (૩) LST-RI-TS -૦૫ વેરાયટી-વિજાપુરથી-૩ પિયત (૪) SST-RI-LS -૮ વેરાયટી વિજાપુરથી-૩ પિયત (૫) LST-IR-TS -૧૨ વેરાયટી વિજાપુરથી (૬) SST-IR-TS -૨૭ વેરાયટી વિજાપુરથી (૭) LST-IR-LS -૧૦ વેરાયટી વિજાપુરથી (૮) SST-IR-LS -૨૧ વેરાયટી વિજાપુરથી

- *ટ્રાયલો*- R & D ARC, Lokbharti

(૧) IYT-TS -૧૬ વેરાયટી સ્થાનિક (૨) IYT-TS -૧૬ વેરાયટી સ્થાનિક (૩) IYT-TS -૧૭ વેરાયટી સ્થાનિક (૪) IYT-LS -૪૧ વેરાયટી સ્થાનિક

નોધઃ- દિવસે-દિવસે વરસાદનું પ્રમાણ ઓછું થવાથી અને પાણીની મુશ્કેલીને ધ્યાનમાં રાખી ઓછા પિયતે પાકતી વેરાયટી ઉપર ધ્યાન આપવામાં આવે છે. તેની વેરાયટી બનાવવાની મહેનત કરવામાં આપે છે.

- ***જમ્પ્લાઝમ (પેઢી)***

(૧) F-1ની ૭૫ એન્ટ્રી (૨) F-2ની ૭૫ એન્ટ્રી (૩) F-3ની ૬૩૮ એન્ટ્રી (૪) F-4ની ૨૧૨ એન્ટ્રી (૫) F-5ની ૭૨ એન્ટ્રી

***આ ઉપરાંત***

(૧) IPPSNમાં-૦૫ વેરાયટી આપેલ (૨) ક્રોસીગ પોગ્રામઃ- જેમાં નવા—૮૧ ક્રોસ બનાવ્યા (૩) LOK-૧ ન્યુક્લીયસ-૩૫.૦ ક્વિન્ટલ બનાવ્યું. (૪) LOK-૧ બ્રીડર સીડ્સ ૯૫૦.૦ ક્વિન્ટલ બનાવ્યું. અને તેનું વેચાણ કર્યું. (૫) LRV-૧ (લોક-૭૯) બ્રીડર સીડ્સ-૧૪૮ ક્વિન્ટલ બનાવ્યું.

- **સોયાબીન**
- *ટ્રાયલઃ-*

(૧) AVT-I-NM--ટ્રાયલ-૦૮ વેરાયટી ઈન્દોરથી (૨) AVT-EM-I+II ટ્રાયલ-૮ વેરાયટી ઈન્દોરથી (૩) IVT-EM- ટ્રાયલ-૨૬ વેરાયટી ઈન્દોરથી (૪) IVT-NM ટ્રાયલ-૪૮ વેરાયટી ઈન્દોરથી (૫) Mega-Environment ટ્રાયલ—૧૧ વેરાયટી ઈન્દોરથી (૬) G x E INTERACTION ટ્રાયલ—૪૬ વેરાયટી ઈન્દોરથી (૭) AYT-EM ટ્રાયલ-૯ વેરાયટી સ્થાનિક (૮) AYT NM ટ્રાયલ-૧૨ વેરાયટી સ્થાનિક (૯) IYT ટ્રાયલ-૧૩ વેરાયટી સ્થાનિક.

- *જમ્પ્લાઝમ (પેઢી)*

(૧) F-1 જમ્પ્લાઝમ-૧૧ એન્ટ્રી સ્થાનિક (૨) F-2 જમ્પ્લાઝમ-૦૬ એન્ટ્રી સ્થાનિક (૩) F-3 જમ્પ્લાઝમ-૧૫ એન્ટ્રી સ્થાનિક (૪) F-3 જમ્પ્લાઝમ-૫૭ એન્ટ્રી ઈન્દોરથી (૫) F-4 જમ્પ્લાઝમ—૦૭ એન્ટ્રી સ્થાનિક (૬) F-4 જમ્પ્લાઝમ—૧૮ એન્ટ્રી ઈન્દોરથી (૭) F-5 જમ્પ્લાઝમ-૬ એન્ટ્રી ઈન્દોરથી (૮) F-6 જમ્પ્લાઝમ-૧૬ એન્ટ્રી ઈન્દોરથી (૯) F-7 જમ્પ્લાઝમ-૧૫ એન્ટ્રી સ્થાનિક (૧૦) JS-૨૦-૩૪ નું બ્રીડર સીડ્સ બનાવ્યું-૨૨ ક્વિન્ટલ (૧૧) JS -૯૫-૬૦નું બ્રીડર

સીડ્સ બનાવ્યું-૫૩ ક્વિન્ટલ.

***આ ઉપરાંત***

(૧) સોયાબીનમાં નવી વેરાયટી બનાવવામાં માટે ક્રોસિંગ પ્રોગ્રામ કર્યો. (૨) ઘઉં અને સોયાબીન બ્રીડર સીડ્સનું મોનીટરીંગ કરાવ્યું. (૩) ડૉ. સી.પી. સિંગ સાહેબ અને પ્રેમલાલ જોશી વિજાપુર (રાજ્ય સ્તરની ઘઉંની ટેક્નિકલ મિટિંગ ૨૦૨૪-૨૫માં) અને ધારવાડ(રાષ્ટ્રીય સ્તરની AICRP સોયાબીનની વર્કશોપ ૨૦૨૩-૨૪માં) જઈ આવ્યા. (૪) પ્રેમલાલ જોશી અયોધ્યા(રાષ્ટ્રીય સ્તરની AICRP ઘઉંની વર્કશોપ ૨૦૨૪-૨૫માં) જઈ આવ્યા. (૫) પ્રેમલાલ જોશી ગાંધીનગર(ગુજરાત સીડ ઇંડસ્ટ્રી અસોશિએશનની એજીએમ મિટિંગ અને ટેક્નિકલ પ્રોગ્રામમાં) ઘઉંની સુધારેલ જાતોની MoUનું પ્રેઝન્ટેશન માટે જઈ આવ્યા.

## ૧૩. ઉત્સવ વિભાગ

સમગ્ર પરિવારનું સંસ્કાર ઘડતર કરતાં આ વિભાગ દ્વારા સમયાંતરે નિયમિત વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે તે વિષયના તજજ્ઞોનો લાભ લેવાય છે. આ વર્ષની યાદી નીચે પ્રમાણે છે.

| ક્રમ | તારીખ | કાર્યક્રમ (વક્તાનું નામ) |
|---|---|---|
| ૧ | ૩૦-૧૨-૨૩ | રામકથા (પૂજ્ય મોરારિબાપુ) |
| ૨ | ૨૬-૦૧-૨૪ | ૨૬ મી જાન્યુઆરી (શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી) |
| ૩ | ૩૦-૦૧-૨૪ | ગાંધી નિર્વાણ દિન (શ્રી રામચંદ્રભાઈ પંચોલી) |
| ૪ | ૧૯-૦૨-૨૪ | દુબઈ પ્રવાસ વિશે વાત સાયં પ્રાર્થના અનુસંધાને (શ્રી કાંતિભાઈ ગોઠી) |
| ૫ | ૧૫-૦૩-૨૪ | કલા સર્જન અંગે પ્રેઝન્ટેશન સાયં પ્રાર્થના અનુસંધાને (શ્રી સ્વામી સત્યમુનિ) |
| ૬ | ૨૨-૦૩-૨૪ | મકરંદ દવે સાયં પ્રાર્થનાના અનુસંધાને (શ્રી દિનુભાઈ ચુડાસમા) |
| ૭ | ૨૬-૦૩-૨૪ | હાસ્ય ગુલાલ કાર્યક્રમ ધૂળેટી અંતર્ગત (શ્રી સુખદેવભાઈ ધમેલિયા) |
| ૮ | ૨૧-૦૭-૨૪ | ગુરુપૂર્ણિમા (શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની) |
| ૯ | ૨૩-૦૭-૨૪ | ESI (શ્રી જયભાઈ) |
| ૧૦ | ૧૫-૦૮-૨૪ | ૧૫ મી ઓગસ્ટ (શ્રી પાર્થેશભાઈ પંડયા) |
| ૧૧ | ૧૭-૦૮-૨૪ | કાવ્ય સંગોષ્ઠિ (શ્રી તુષારભાઈ શુક્લ) |
| ૧૨ | ૧૯-૦૮-૨૪ | રક્ષાબંધન (શ્રીમતી દેવાંગીબેન ભટ્ટ) |
| ૧૩ | ૧૧-૦૯-૨૪ | મુ. મો. ભટ્ટ વ્યાખ્યાન માળા (શ્રી રામભાઈ મોરી) |
| ૧૪ | ૧૧-૦૯-૨૪ | ભજનની આરાધના (શ્રી દલપતભાઈ પઢિયાર) |
| ૧૫ | ૦૨-૧૦-૨૪ | ગાંધીજયંતી (શ્રી નીલમભાઈ પટેલ) |
| ૧૬ | ૧૫-૧૦-૨૪ | 'દર્શક' વ્યાખ્યાનમાળા અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન સમારોહ (શ્રી રતિલાલ બોરીસાગર) |
| ૧૭ | ૧૭-૧૦-૨૪ | પ્રાસંગિક (પૂર્વ IAS શ્રી ભાગ્યેશભાઈ) |
| ૧૮ | ૨૩-૧૦-૨૪ | સાયં પ્રાર્થનાના અનુસંધાને (પૂર્વ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ ચુડાસમા) |
| ૧૯ | ૨૨-૧૧-૨૪ | મણિપુરી લોકસંગીતની પ્રસ્તુતિ (માંગકા માયાંગલાંબામ અને મેઘા ડાલ્ટન) |
| ૨૦ | ૨૬-૧૧-૨૪ | ગો સંવર્ધન અંગેનો કાર્યક્રમ (સી. યુ. શાહ ટ્રસ્ટના શ્રી મીનળબેન અને પૂ.ભાઈ શ્રી નલિનભાઈ કોઠારી ) |

***સમૂહ ફિલ્મદર્શન અને સમૂહ ગરબી***

| ક્રમ | તારીખ | ફિલ્મ | સમૂહ ગરબી | ક્રમ | તારીખ | ફિલ્મ | સમૂહ ગરબી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૭-૦૨-૨૪ | -- | સમૂહ ગરબી | ૫ | ૩૧-૦૮-૨૪ | -- | સમૂહ ગરબી |
| ૨ | ૨૩-૦૩-૨૪ | -- | સમૂહ ગરબી | ૬ | ૦૧-૦૯-૨૪ | -- | સમૂહ ગરબી |
| ૩ | ૨૭-૦૭-૨૪ | મેદાન | મેદાન | ૭ | ૧૪-૦૯-૨૪ | કલ્કી | કલ્કી |
| ૪ | ૧૪-૦૭-૨૪ | -- | સમૂહ ગરબી | ૮ | ૦૨-૧૦-૨૪ | ગાંધી | ગાંધી |

## ૧૪. લોકભારતી ગોશાળા

લોકભારતી ગોશાળા સ્વનિર્ભર યોજના અંતર્ગત મુખ્યત્વે ત્રણ પાસાંઓ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

જેમાં
૧. વાછરડી ઉછેર,
૨. વાછરડી જ જન્મે એવા કૃત્રિમ બીજદાનના ડોઝથી સંવર્ધન કરવું,
૩. ગુણવત્તાયુક્ત ઘાસચારા ઉત્પાદન સામેલ છે.

● વર્ષ દરમિયાન ૭૦૫૭૧ લિટર દૂધ ઉત્પાદન લેવામાં આવ્યું તથા તેમાંથી માવો, પેંડા અને આઇસ્ક્રીમ બનાવી વેચવામાં આવ્યાં.

● કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક કૃષિના પ્રોજેક્ટ અંતર્ગત ગોશાળા ખાતે કૃષિ -સામગ્રી સંશાધન કેન્દ્ર કાર્યાન્વિત કરવામાં આવ્યું. જેના દ્વારા પ્રાકૃતિક કૃષિની તાલીમો દરમ્યાન તાલીમાર્થીઓને વિવિધ પ્રાકૃતિક ખેત સામગ્રી બનાવવાના પ્રયોગો હાથ ધરવામાં આવ્યા તેમ જ પ્રાકૃતિક કૃષિના નિદર્શન માટે વિવિધ પ્રાકૃતિક કૃષિ સામગ્રી આ સંશોધન કેન્દ્ર દ્વારા પૂરી પાડવામાં આવી. આ સંશોધન કેન્દ્ર અંતર્ગત વર્ષ દરમ્યાન નીચે મુજબના ઉત્પાદકોનું ઉત્પાદન કરવામાં આવ્યું.

| વિગત | ઉત્પાદન |
|---|---|
| વર્મી કમ્પોસ્ટ ખાતર | ૩,૦૦૦ કિલો |
| જીવામૃત | ૧,૬૦૦ લીટર |
| ઘન જીવામૃત | ૧,૦૦૦ કિલો |
| દશપરણી અર્ક | ૪૦૦ લીટર |
| અગ્નિ અસ્ત્ર | ૪૦૦ લીટર |
| બ્રહ્માસ્ત્ર | ૪૦૦ લીટર |

તદુપરાંત ગોશાળા દ્વારા ગાયોના છાણનું ૩૦૦થી ૩૫૦ ટન જેટલા સેન્દ્રીય ખાતરનું વેચાણ કરવામાં આવ્યું.

● હાલની સ્થિતિએ લોકભારતી ગોશાળાનું ધણ નીચે મુજબ છે.

| ગાયની વિગત | ગીર | કુલ |
|---|---|---|
| ગાયો | ૪૮ | ૪૮ |
| વાછરડી ૧ વર્ષથી મોટી | ૪૮ | ૪૮ |
| વાછરડી ૧ વર્ષથી નાની | ૧૮ | ૧૮ |
| વાછરડા ૧ વર્ષથી નાના | ૧૧ | ૧૧ |
| કુલ | ૧૨૫ | ૧૨૫ |

● ગાયોમાં બીજદાનના ડોઝથી સંવર્ધન કરવામાં આવ્યું. જેમાં ૧૦૦ ટકા પરિણામ મળ્યું.

● વર્ષ દરમિયાન sorted sex semen વાળા ડોઝથી ૨૦ તંદુરસ્ત વાછરડી જન્મી.

● સાબરમતી આશ્રમ ગોશાળા, અમદાવાદ સાથે જોડાણ કરી સારી ગુણવત્તાવાળા કૃત્રિમ બીજદાનના ડોઝ ગાયોમાં આપવામાં આવી રહ્યા છે.

● લોકભારતી ગોશાળા દ્વારા ગાયોમાં થતા રોગને અટકાવવા માટે સામૂહિક રસીકરણ તથા જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા.

● વર્ષ દરમિયાન થયેલ કૃત્રિમ બીજદાનની વિગત :

કૃત્રિમ બીજદાન- ૭૪ ગાભણ ગાયો - ૩૩

● ઘાસચારા પ્લોટની વિગત

| ક્રમ | પ્લોટ નંબર | વિસ્તાર વીઘા | ચોમાસું ઋતુ | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૪.૫ | જુવાર | ૧ | ૫ |
| ૨ | ૬ | ૨.૫ | જુવાર | ૨ | ૬ |
| ૩ | ૭-અ | ૧.૫ | જુવાર | ૩ | ૭-અ |
| ૪ | ૭-બ | ૪.૫ | જુવાર | ૪ | ૭-બ |
| ૫ | ૮ | ૬ | જુવાર | ૫ | ૮ |
| ૬ | ૯ | ૬ | જુવાર | ૬ | ૯ |
| ૭ | ૧૦ | ૬ | જુવાર | ૭ | ૧૦ |
| ૮ | ૧૧ | ૬ | નેપિયર ઘાસ | ૮ | ૧૧ |
| ૯ | ૧૨ | ૨ | નેપિયર ઘાસ | ૯ | ૧૨ |
| ૧૦ | ૧૩ | ૩.૫ | જુવાર | ૧૦ | ૧૩ |
| ૧૧ | ૧૪ | ૪ | નેપિયર ઘાસ | ૧૧ | ૧૪ |
| ૧૨ | ૧૫ | ૩.૫ | નેપિયર ઘાસ | ૧૨ | ૧૫ |
| ૧૩ | તલાવડી | ૪ | જુવાર | ૧૩ | તલાવડી |
| | કુલ | ૫૪ | કુલ | | |

## ૧૫. ખેતી વિભાગ સ્થાનિક

● ચાલુ સાલ શરૂઆતમાં ધીમોધીમો વરસાદ રહ્યો. વાવણી પછી શરૂઆતમાં અને એક વચ્ચે એમ વરસાદના બે મોટા ગેપ પડી જવાથી ચોમાસું પાક નબળો રહ્યો. પરંતુ છેલ્લે છેલ્લે સારા વરસાદને કારણે આપણાં બધાં તળાવડાં ભરાઈ ગયાં.

● સીતાફળ, જમરૂખ, બોરડી અને આંબામાં પ્રુનિંગ કરવામાં આવ્યું. પછી તેના પર દવાનો છંટકાવ કરવામાં આવ્યો.

● બોર્ડર પરની તાર ફેન્સિંગની વાડ સાફ કરાવી અને રીપેર કરાવવામાં આવી. ખેતર વચ્ચેના શેઢા-પાળા સાફ કરાવ્યા.

● આ વર્ષે ચોમાસું પાકમાં સોયાબીન અને મગફળીની વાવણી કરવામાં આવી.

સોયાબીન :- JS-૯૫-૬૦.... ૧૫ વીઘામાં કરવામાં આવ્યું ને ઉત્પાદન ૧૯૬ મણનું આવ્યું.
JS-૨૦-૩૪ .... ૩૦ વીઘામાં કરવામાં આવ્યું ને ઉત્પાદન ૭૨ મણનું આવ્યું.

મગફળી :- ૫૦ વીઘામાં વાવેતર કરવામાં આવ્યું જેનું વજન કરવાનું બાકી છે.

- સોયાબીન પાલો(ચારોલું) :- ૨૮૬ મણ ગોશાળામાં આપવામાં આવ્યું.
  મગફળી પાલો(ચારોલું) :- ૭૮૮ મણ ગોશાળામાં આપવામાં આવ્યું.
- સીતાફળ, જમરૂખ અને આંબામાં થડ ફરતે રિંગ કરાવી ખાતર નાખવામાં આવ્યું.
- પ્રદર્શન પ્લોટના ચાર વીઘામાં કપાસનું વાવેતર કરવામાં આવેલ. તેમાં આંતર પાક તરીકે સોયાબીનની વાવણી કરવામાં આવી.
- જમરૂખ, સીતાફળ, ચીકુ, બોરડી, આંબા અને લીંબુમાં ગેપ ફિલિંગ કરવામાં આવ્યું.
- બિયારણના સંગ્રહ માટે એક નવું ગોડાઉન બાંધવામાં આવ્યું.
- આ વર્ષે લોક-૦૧ બ્રીડર સીડની ૬૧ વીઘામાં વાવણી કરવામાં આવી.
- બાગાયતી પાકો માટે જાહેર હરરાજી ગોઠવી જેમાં નીચે મુજબનો ઈજારો આપવામાં આવ્યો.
  સીતાફળ અને જામફળ : રૂ. ૧,૧૮,૦૦૦/-, લીંબુ : રૂ. ૧,૦૦,૦૦૦/-, બોરડી : રૂ.૪૨,૦૦૦/-,
  ચીકુ : રૂ. ૮૬,૦૦૦/- આંબા : રૂ. ૧,૨૦,૦૦૦/-, કુલ રૂ. ૪,૬૬,૦૦૦/-

## ૧૬. કૃષિ તાલીમ અને સંશોધન કેન્દ્ર, અરણેજ, તા. કોડીનાર

- છેલ્લા પાંચેક વર્ષથી આ કેન્દ્રમાં તાલીમ, નિદર્શન અને વિસ્તરણનાં કાર્યો સઘન રીતે શરૂ કરવામાં આવ્યાં છે.

| ક્રમ | કાર્યક્રમની વિગતો | લાભાર્થીઓ | મિટિંગ/તાલીમ | કવર થયેલ ગામો |
|---|---|---|---|---|
| ૦૧ | SHG Awareness meetings | ૧૧૧૫ | ૩૧૭ | ૩૧૭ |
| ૦૨ | SHG ગ્રૃપ રચાયાં | ૨૫૦ | ૨૫ | ૨૫ |
| ૦૩ | થયેલા વર્કશોપ્સ | ૪૮૨ | ૨૬ | ૨૬ |
| | કુલ | ૧૮૪૭ | ૩૬૮ | ૩૬૮ |

## ૧૭. એસ્ટેટ વિભાગ

- વિદ્યાર્થીઓ માટેનાં નવાં બે છાત્રાલયોનું બાંધકામ પૂરજોશમાં ચાલુ છે. આ છાત્રાલયો આધુનિક જરૂરી સુવિધાઓ સાથેની ડીઝાઈન કરીને બાંધકામ થવાનાં છે.
- લોકભારતી યુનિવર્સિટીના અલગ અને સ્વતંત્ર શૈક્ષણિક સંકુલનું વિંગ 'એ'નું બાંધકામ પૂરું થઈ ગયું છે ને વપરાશ ચાલુ થઈ ગયો છે. બીજી વિંગ્ઝ 'બી', 'સી', 'ડી'નું બાંધકામ પૂરજોશમાં શરૂ છે, જે આવતા શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં બંધાઈ રહેવા સંભાવના છે.
- લોકભારતી યુનિવર્સિટીના પરિસરમાં નવાં છ સ્ટાફ ક્વાર્ટર બંધાઈ ચૂક્યાં છે ને ઉપયોગ પણ શરૂ થઈ ગયો છે.
- કેટલાક જૂનાં કાર્યકર નિવાસોમાં મોટા પાયે રીનોવેશનની કામગીરી કરવામાં આવી.

## ૧૮. લોકભારતી કાર્યકર કલ્યાણનિધિ

- લો.ભા. કાર્યકર કલ્યાણનિધિના પ્રમુખ તરીકે શ્રી કાંતિભાઈ ગોઠી અને માનદ મંત્રી તરીકે શ્રી ધીરુભાઈ રાઠોડ સેવારત છે.
- લોકભારતીમાં જોડાયેલ બધા જ કાર્યકરો નિશ્ચિત સમયગાળા પછી આપોઆપ કલ્યાણનિધિના સભ્ય ગણાય છે.
- શરદપૂર્ણિમાની રાત્રે કાર્યકરોનું પરિવારજનો સાથેનું સમૂહ ભોજન રાખવામાં આવ્યું.

## ૧૯. લોકભારતી કાર્યકર કો.ઓપ. સોસાયટી

- લોકભારતી કાર્યકર સહકારી મંડળી લિ.ના હાલ લોકભારતી સણોસરા, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર તેમ કુલ મળી ૮૨ જેટલા સભાસદો છે.

● ચાલુ વર્ષે, ૧ સભાસદ અન્યત્ર જવાથી તેમ જ ૪ સભાસદો વય નિવૃત્ત થવાથી કુલ ૫ સભાસદો મુક્ત થયા તેમ જ નવા ૩ સભાસદો મંડળીમાં દાખલ થયા છે.

● છેલ્લા ઘણા વર્ષોથી આ મંડળીને 'એ' ગ્રેડ મળતો રહ્યો છે.

● હાલ આપણી મંડળીનું શેર ભંડોળ રૂ.૩,૯૧,૧૬૦/- થયેલ છે. આપણા સભાસદોને વર્ષ દરમિયાન ૨૧,૦૪,૨૦૨/-નું ધિરાણ આપવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષ દરમિયાન બચત ૧૦,૬૮,૯૮૮/- થયેલ છે.

● એપ્રિલ-૨૦૨૩થી આપણી મંડળીના સોફ્ટવેર મારફત તમામ હિસાબો કમ્પ્યૂટર પર કરવામાં આવે છે.

● શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને તેમજ શ્રી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીની ઉપસ્થિતીમાં મંડળીની વાર્ષિક સાધારણ સભા મળી. મંડળીના પ્રમુખ શ્રી ધીરજલાલ ટી. રાઠોડે વર્ષ ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો, તેમ જ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના હિસાબો મંત્રી શ્રી રિતેશભાઈ પંડ્યાએ રજૂ કર્યા. આ વર્ષે વય નિવૃત્ત થયેલ સભાસદોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

● આ વખતે સૌ સભાસદોને બોનસમાં આપણી ગોશાળા માંથી ૧૦ લીટર દૂધના ઝૂડાનું વિતરણ કરવામાં આવેલ.

● દર વર્ષની જેમ આ વર્ષે પણ સભાસદોને ૧૫ ટકા ડીવીડન્ડ ચૂકવવામાં આવ્યું.

## ૨૦. લોકભારતી કાર્યકર વીમા યોજના

● આ વીમા યોજનામાં હાલ ૫૦ સભાસદો છે.

● પ્રમુખ તરીકે શ્રી ગિરીશભાઈ દવે અને મંત્રી તરીકે શ્રી રિતેશભાઈ પંડ્યા સેવાઓ આપી રહ્યા છે.

● કોઈ સભાસદનું અવસાન થાય તો રૂ.૨૧,૦૦૦/-થી લઈ રૂ. ૭૫,૦૦૦/- સુધીની તેમની સેવાઓના વર્ષ આધારિત સહાય તેમના પરિવારને આપવામાં આવે છે.

## સમાપન

● હમણાં હમણાં લોકભારતીની મુલાકાત લેવા આવનાર શુભેચ્છકો, દાતાઓ તેમ જ નઈ તાલીમને સમજવાની કોશિશ કરનારા યુવાન મિત્રોની સંખ્યા પ્રમાણમાં ઘણી વધી રહી છે. એ જ રીતે પૂર્વ વિદ્યાર્થીઓની પોતપોતાના વર્ષ-જૂથમાં માતૃસંસ્થાની મુલાકાતે અને પોતાના એ સમયકાળના સંસ્મરણો વાગોળવા માટે શાંતિથી રહેવા આવવાનું વલણ પણ વધ્યું છે. આ માટે આપણે વ્યવસ્થા ગોઠવી આપવાની અનુકૂળતા કરી આપીએ છીએ. પૂર્વ વિદ્યાર્થીઓના આ વલણની પણ અત્રે હકારાત્મક નોંધ લઉં છું.

● સંસ્થા અત્યારે બોંતેર વર્ષની લાંબી મજલ કાપી આઠમાં દાયકામાં પ્રવેશી છે. આપણા ઋષિવર્ય સ્થાપક દાદાઓ કે જેમની છબિઓ અહીં ઉપર મુકવામાં આવી છે તે અને બીજા અન્ય કે જેમની છબિઓ મુકાયેલી નથી તેવા સર્વે દાદાઓને પ્રણામ કરી આટલો લાંબો પંથ કાપવામાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના સૌ હોદ્દેદારો મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, લોકભારતી યુનિવર્સિટીના કુલપતિશ્રી, વિભાગીય આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, સર્વે કાર્યકર્તાશ્રીઓ, પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ, શુભેચ્છકશ્રીઓ વગેરેના સહયોગની આ તકે નોંધ લઉં છું. વિકાસનાં કાર્યો અને લોકભારતીના નવા સોપાન લોકભારતી યુનિવર્સિટીના સ્થાપનમાં ઉદાર સહયોગ આપનાર સૌ દાતાઓના નામોલ્લેખ અહીં શક્ય નથી, નાના-મોટા સૌ દાતાઓનો વિશેષ આભાર માનું છું.

હસમુખ દેવમુરારિ
નિયામક
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા
(તા.૨૯-૧૨-૨૦૨૪ના વાર્ષિકોત્સવ દિન નિમિત્તે)

## ૦૨ સંસ્થા સમાચાર (ડિસેમ્બર, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

● ભાવનગર જિલ્લા આઈ.સી.ડી.એસ. સંચાલિત આંગણવાડીઓના વર્કર્સ બહેનોનો બીજો તાલીમ શિબિર લોકભારતીમાં તા.૦૨થી ૦૬ દરમિયાન યોજાઈ ગયો.

● તા. ૦૨થી ૦૯ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયનાં એફ વાય બી. આર. એસ સેમ-૦૧ની યુનિવર્સિટીની પરીક્ષા લોકભારતી કેન્દ્રમાં યોજાઈ ગઈ.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૩ના રોજ ભાવનગર ડી.આર.ડી.એ.માંથી ગ્રામવિકાસની વિવિધ યોજનાઓ લેવા માટે જયંતભાઈ સુમરા અને ત્રિવેદી જિજ્ઞેશભાઈ આવી ગયા.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૫ના રોજ સણોસરા પી.એચ.સી.માંથી ડૉ. હુનાણી આશિયાનાબેન તથા એમ. પી. ગૌસ્વામી તાલીમાર્થીઓ સમક્ષ આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓ તથા આઈ.સી.ડી.એસ.નું માળખું સંદર્ભે વ્યાખ્યાન આપી ગયા.

● તા. ૪ના લોકભારતી અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓએ નેશનલ અચીવમેન્ટ સર્વેની કામગીરી અંતર્ગત બોટાદ જિલ્લાની ૯૯ શાળાઓમાં જઈને કસોટી લીધી.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૬ શ્રી વિશાલભાઈ ભાદાણી એ.આઈ.પેરેન્ટિંગ ન્યૂરોસાયન્સ વિષય ઉપર, તા.૨૩ના રોજ શ્રી યાકૂબભાઈ કોઠારીયા ગ્રામસભા સંદર્ભે, તા.૨૪ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમાએ તાલીમાર્થીઓ સમક્ષ ‘માનસિક તણાવ મુક્ત વ્યવસ્થાપન’ સંદર્ભે, તા.૨૬ના રોજ શ્રી રત્નાભાઈ નાની બચત યોજના તથા પોસ્ટને લગતી વિવિધ યોજનાઓ સંદર્ભે વ્યાખ્યાનો આપી ગયા.

● રાજકોટ ગુરુકુળ દ્વારા નિવાસી શિક્ષણ વ્યવસ્થાને ધરમૂળથી સમજવા માટે શ્રી હિમાંશુભાઈ ભટ્ટ, શ્રી હરેન્દ્રભાઈ પંડ્યા અને શ્રી ભરતભાઈ કાથરોટિયાની આગેવાનીમાં તા.૦૬થી ૦૭ના રોજ દસ-બારના જૂથમાં લોકભારતી આવ્યા. તેઓ સાથે શ્રી અરુણભાઈ દવે અને અન્ય સૌ કાર્યકરો સાથે રહ્યા. ઉપરાંત ભાવનગરથી શ્રી નલિનભાઈ પંડિત તથા શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, સુરેન્દ્રનગરથી શ્રી જયશ્રીબહેન દેસાઈ, સાયલાથી શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ, ભાણવડથી શ્રી ભીમશીભાઈ કરમુર વગેરે પણ આવ્યાં. સમગ્ર ટીમ સાથે સંકલનકર્તા તરીકે ડૉ. દિનુભાઈ ચુડાસમા કાર્યરત રહેલ.

● તા.૦૬ અને ૦૭ના રોજ ભાવનગર જિલ્લા અંતર્ગત રવિ કૃષિ-મહોત્સવનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં સંચાલનમાં કુલ ૧૯૭૦ જેટલા ખેડૂત ભાઈ-બહેનો સાથે યોજાઈ ગયું.

● તા. ૯ થી ૧૩ દરમ્યાન લોકભારતી અધ્યાપનમંદિરમાં શ્રી ટી.એસ.જોષીસાહેબના અધ્યક્ષપદે અને શ્રી નલિનભાઈ પંડિત તેમજ સંસ્થાના અરુણભાઈ, રાજેન્દ્રભાઈ, હસમુખભાઈ, કાંતિભાઈની ઉપસ્થિતિમાં ૫૩મો બાલવાડી શિબિર મહોત્સવ યોજાયો. પાંચ દિવસીય મહોત્સવમાં, તરુણભાઈ કાટબામણા, બંસીબેન લખતરિયા, રવીન્દ્રભાઈ અંધારિયા, કિરીટભાઈ ગોસ્વામી, મહાવીરસિંહ ગોહિલ વગેરે મહેમાનોએ બાળગીત-સંગીત, અભિનય, વાર્તા,નાટક, રમત, પ્રયોગ, સર્જન જેવા વૈવિધ્યપૂર્ણ વિષયો પર વાત કરી. મોજીલી પ્રા.શાળા આંબલા, દ.મૂ. બાલમંદિરના શિક્ષિકાઓ અને બાલઅધ્યાપન તેમજ ઘરશાળા અધ્યાપનમંદિરની વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. શિબિરમાં ધરમપુર અને ડાંગની શાળાઓના શિક્ષકો જોડાયા. દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ સમગ્ર શિબિરનું નેતૃત્વ લીધું. અમિતભાઈ સાસાણીએ

આચાર્ય જગદીશભાઈના માર્ગદર્શન તળે કાર્યક્રમના સંયોજક તરીકેની ફરજ અદા કરી.

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૨ના રોજ ભાવનગર જિલ્લા કક્ષાની ડીઝાસ્ટર્ડ મેનેજમેન્ટ ટીમ તાલીમાર્થીઓ સમક્ષ જાગૃતતા તથા વિવિધ પ્રકારના એન.ડી.આર.એફ. ડેમો સંદર્ભે રસપ્રદ વાત કરી ગયા.
- રાજુલા વિસ્તારમાં અનૌપચારિક શિક્ષણ ક્ષેત્રે વર્ષોથી કાર્યરત સ્વદીપ શિક્ષણ સંસ્થાના આયોજનમાં તા.૧૬થી ૨૫ સુધી જુદી જુદી ત્રણ બેચમાં લોકભારતીને આંગણે 'પરવરીશ' શિબિરો યોજાઈ ગઈ.
- સાઈબર ક્રાઇમ બ્રાંચ, ભાવનગરના પી.આઈ. શ્રી જાડેજાસાહેબના માર્ગદર્શનમાં તા.૧૬ના રોજ એક સાઈબર ક્રાઇમ માર્ગદર્શન વક્તવ્ય લોકભારતીમાં યોજાઈ ગયું.
- લોકભારતીના સર્વે હિસાબનીશો સાથેની પહેલી બેઠક તા.૧૭મીના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી કાંતિભાઈ ગોઠીની ઉપસ્થિતિમાં સુપેરે સંપન્ન થઈ.
- તા. ૧૭ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ સાબરમતી ગોશાળાની ટ્રસ્ટીમંડળની બેઠકમાં ભાગ લીધો.
- તા. ૧૯ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી આત્મા પ્રોજેક્ટ ભાવનગર દ્વારા હજારેક ખેડૂતો સાથેની પ્રાકૃતિક કૃષિ પર પાક- પરીસંવાદ તથા પ્રદર્શન યોજાયેલ. શ્રી નિગમભાઈ શુકલ દ્વારા વકતવ્ય આપવામાં આવેલ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૯ના રોજ ડી.આઈ.એલ.આર. કચેરીમાંથી શ્રી દીપકભાઈ કડેચા આવી ગયા જેમણે લેન્ડ રેકર્ડ વિષેની માહિતી તથા જમીન માપણી સબંધી સમજૂતી નકશા, ટિપ્પણ સમજૂતી તથા બપોર બાદ જમીન માપણી પ્રેક્ટિકલ કરાવ્યું.
- અધ્યાપનમંદિરમાં તા.૧૯ના રોજ આકાશદર્શનનો અને સ્લાઈડ-શોનો કાર્યક્રમ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા દ્વારા રસપ્રદ રીતે યોજાઈ ગયો.
- અધ્યાપનમંદિરમાં અરુણભાઈ દવેએ 'વિદ્યાલય અને છાત્રાલયની અગત્યતા અને વિદ્યાર્થી અવસ્થાનો સકારાત્મક ઉપયોગ' વિષે વાત કરી.
- તા. ૨૨ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી શ્રી સ્વામીનારાયણ કૉલેજ ઓફ કોમ્પ્યૂટર સાયન્સ, ભાવનગર દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં અતિથિવિશેષ તરીકે જઈ આવ્યા.
- તા.૨૩ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તથા ફૂલછાબ અખબાર, રાજકોટના સંયુકત ઉપક્રમે જૂનાગઢ ખાતે 'કિસાન-કુંભ' કાર્યક્રમમાં શ્રી પ્રદીપભાઈ કયાડા અને શ્રી વિનીતભાઈ સવાણી બે પ્રગતીશીલ ખેડૂતો સાથે જઈ આવ્યા.
- લોકભારતી વિદ્યાર્થીમંડળની નિવૃત્તિ/ નિયુક્તિ/ ચૂંટણીની પ્રક્રિયાઓ પૂર્ણ થઈ અને તા.૨૫મીના રોજ સાયં પ્રાર્થના પછી છેલ્લે આમ સભા બોલાવવામાં આવી. તેમાં નવા મંત્રી મંડળે શપથ ગ્રહણ કર્યા અને જૂના મંત્રીમંડળ પાસેથી ચાર્જ સંભાળ્યો. મુખ્ય ગૃહપતિ શ્રી જયવંતસિંહ ગોહિલે સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ લોકશાહી ઢબે પાર પાડી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૭ના રોજ નાયબ સમાજકલ્યાણ અધિકારીશ્રી રાજેશભાઇ તાલીમાર્થીઓ સમક્ષ કેન્દ્ર અને રાજ્યની વિવિધ સરકારી યોજનાઓ વિષે વાત કરી ગયા.
- લોકભારતીનો વાર્ષિકોત્સવ અને સ્વ.પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાના બાંસઠમાં મણકાનો કાર્યક્રમ તા.૨૯મી ડિસેમ્બરના રોજ સંપન્ન થયો. પ્રથમ બેઠકનો પ્રારંભ સંગીતવૃંદના શાંતિપાઠ અને ગીત-ગાનથી થયો. શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમની ભૂમિકા તથા વક્તાશ્રીનો આવકાર અને પરિચય કર્યો, શ્રી કાંતિભાઈ ગોઠીએ શુભેચ્છા સંદેશાઓનું વાચન કર્યું, શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ગત વર્ષનું વાર્ષિક નિવેદન સચિત્ર રજૂ કર્યું. એ પછી વક્તા શ્રી વસંતભાઈ ગઢવીએ 'લોકસાહિત્યમાં જીવનમૂલ્યો' વિષયને કેન્દ્રમાં રાખી પ્રથમ વક્તવ્ય રજૂ કર્યું. બીજી બેઠકમાં ગીત-ગાન પછી વક્તાશ્રીએ બીજું વ્યાખ્યાન રજૂ કર્યું. વક્તાશ્રીને શાલ અર્પણવિધિ ટ્રસ્ટીશ્રી રામચંદ્રભાઈ પંચોળીના હસ્તે કરવામાં આવી

અને લો.ભા.યુનિ.ના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ 'અર્બન એગ્રી કિટ' શ્રી હસમુખભાઈ પટેલ દ્વારા અર્પણ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ કર્યું. બંને બેઠકોનું સંચાલન અનુક્રમે શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી પૂજાબહેન પુરોહિતે કર્યું. સાયં પ્રાર્થના બાદ કાર્યક્રમ સંપન્ન થયો. રાત્રે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો.

● તા. ૩૦થી ૩૧ બે દિવસ માટે લોકસેવાનાં એફ.વાય. બી. આર. એસ.ના વિદ્યાર્થીઓ માટે કૃષિ યુનિવર્સિટી-જૂનાગઢ શૈક્ષણિક પ્રવાસનું આયોજન થયેલું. જેમાં  કાર્યકર શ્રી મનોજભાઈ આગ્રાવત અને શ્રી કિશોરભાઈ હિરાણી જોડાયા હતા.

● તા. ૩૧ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી બાગાયત ખાતુ, ભાવનગર દ્વારા લોકભારતી ખાતે 'બાગાયતી પાકોમાં ફળમાખી નિયંત્રણ' ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૨૫૦ ખેડૂતોએ ભાગ લીધેલ.

**આંબલા સમાચાર**

● તા.૨૯-૧૧-૨૪ના રોજ શ્રી યોગેશભાઈ ભટ્ટ પ્રાર્થનાના અનુસંધાને સંસ્થાગત પ્રાર્થનાનો અર્થ વિશે વિદ્યાર્થીઓને સમજણ આપી હતી.

● તા. ૩૦-૧૧-૨૪ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખેલ. પૂર્વ વિદ્યાર્થિની શ્રી ક્ષિતિબહેન ભટ્ટ, શ્રી ધ્રુવભાઈ પંડ્યા, શ્રી મમતાબહેન વગેરેએ પોતાના અભ્યાસ કાળ દરમિયાન જે ગીતો ગવાતા તે ગીતો ગાયા.

● તા. ૦૧ના રોજ શ્રી અરૂણાબહેન-રઘુભાઈ અભિવાદન ગ્રંથ 'કેળવણીની કેડીએ'નો વિમોચન કાર્યક્રમ શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી અરુણભાઇ દવે, શ્રી યોગેશભાઈ ભટ્ટ, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટની અધ્યક્ષતામાં યોજાયો. સંસ્થાના કાર્યકર્તા રહેલાં ગૃહમાતા શ્રી અરૂણાબહેન પટેલ તથા ગૃહપતિ રહેલાં શ્રી રઘુભાઈ પટેલ સાથે જોડાયેલ સંસ્મરણો વ્યક્ત કર્યા. સંસ્થાનાં ભૂતપૂર્વ કાર્યકર્તાઓએ તેમનાં સંસ્મરણોમાં વાગોળ્યા હતાં. વિમોચનમાં મહાનુભાવો સાથે સંપાદક સમિતિનાં કાર્યકર્તાઓ પણ જોડાયાં. શ્રી મનસુખભાઈ સલ્લાએ આ પ્રકાશન એ ગદ્ય નહિ પણ ભાવરૂપે ઉત્તમ રહ્યાનું જણાવ્યું. ખરો શિક્ષક માત્ર વ્યાખ્યાન જ આપે નહિ પણ કાળજી રાખે. શ્રી યોગેશભાઈ ભટ્ટ, પૂર્વ વિદ્યાર્થિની અને પૂર્વ સાંસદ શ્રી ભારતીબેન શિયાળ, પૂર્વ મંત્રી શ્રી કાનજીભાઈ પટેલ  પ્રાસંગિક વાતો રજૂ કરી. કાર્યક્રમનું સંચાલન શ્રી નીરૂબહેન ભટ્ટ અને શ્રી બિંદુબા ઝાલાએ કર્યું હતું.

● તા.૦૪.૧૨.૨૪ના રોજ એડિશનલ કલેકટર શ્રી આયુષીબહેન જૈનએ 'શિક્ષણની મહત્તા' વિશે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો.

● તા.૦૭ના રોજ NCC કેડેટને સંમેલન દરમિયાન સર્ટીફિકેટ આપવામાં આવેલ.

● તા.૦૮ના રોજ ભાવનગર ૩ નેવલ NCCના કમાન્ટિંગ ઓફિસર વર્ગો લેવા માટે આવી ગયા.

● બે દિવસીય પ્રકૃત્તિ શિક્ષણ શિબિર 'વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન' મુકામે તા. ૧૨ અને ૧૩ ના રોજ આયોજિત થઈ. ધો. ૯ના ૫૦ શિબિરાર્થીઓએ ભાગ લીધો. શિબિરનું આયોજન આપણી શાળાના 'કંસારો પ્રકૃતિ મંડળ' અને શ્રી વાઘજીભાઈના માર્ગદર્શનથી થયું.

● તા.૧૯થી ૨૩ દરમિયાન મોજીલીશાળા અને લોકશાળાની રાસ-ગરબાની ટીમ ગુજરાત રાજ્યની સંસ્કૃતિનું દર્શન કરાવતું, જિલ્લાના પરંપરાગત લોકનૃત્યની એક શ્રેષ્ઠ ટીમ તરીકે પસંદગી પામેલ. ૧૪ વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શ્રી મહાશંકરભાઈ પંડ્યા તેમજ વાદ્યકારો સહિત કુલ ૨૦ વ્યક્તિઓ, નેશનલ બાલરંગ કાર્યક્રમ અંતર્ગત 'લોકનૃત્ય ૨૦૨૪'ની સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરી સંસ્થાના બાળકો રાષ્ટ્રીય લેવલે પ્રતિનિધિત્વ કરવા

ભોપાલ મુકામે જઈ આવેલ. સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવારે અભિનંદન પાઠવ્યા.

● તા.૨૩થી ૨૫ દરમિયાન ધો. ૧૦ના ૪૨ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોની બથેશ્વર (ગીર-જામવાળા, જામવાળા) મુકામે ત્રણ દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન થયું.

**મણાર સમાચાર**

● જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભાવનગર જિલ્લા પંચાયત તાલીમ ભવન-ભાવનગર તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-ભાવનગર તથા ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-મણારના ઉપક્રમે તા. ૧૨થી ૧૪ ભાવનગર જિલ્લાકક્ષાનું બાળવિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. મુખ્ય વિષય હતો 'ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને તકનીકી'. પંદરેક શાળાના વિદ્યાર્થીઓએ ભાગીદારી કરી પ્રદર્શન નિહાળ્યું હતું. રાત્રે સંસ્કૃતિક કાર્યક્રમ અને ભાવનગર સાયન્સ સેન્ટર દ્વારા આકાશદર્શન કરાવવામાં આવ્યું.

● સંસ્થાના કાર્યકર ઘુસાભાઈના પુત્ર શ્રી નિકુંજભાઈ ઇન્ડિયન આર્મીમાં અગ્નિવીરની તાલીમ લઈ વતન પાછા આવતા તેમનો સ્વાગત સન્માન કાર્યક્રમ યોજાયો.

● તા. ૨૦થી ૨૬ સુધીમાં શાળાના શિક્ષકો શ્રી કંચનબહેન થાડોદા, શ્રી લાલજીભાઈ ખેરાળા, શ્રી અંકુરભાઈ શાહ, શ્રી પ્રવીણભાઈ ડોડીયા જ્ઞાનકુંજ ફેન્ડ-૫ની તાલીમ લેવા તળાજા મુકામે જઈ આવ્યા.

● તા. ૨૧ના રોજ શાળામાં વાલી મિટિંગ યોજાઈ, વક્તા શ્રી મનહરભાઈ ઠાકરે દ્વારા વિદ્યાર્થી-વાલીગણને ઉપયોગી પ્રવચન આપ્યું.

● બી.એમ.કોમર્સના નિવૃત્ત આચાર્ય શ્રી પરેશભાઈ ત્રિવેદી, શ્રી બળદેવભાઇ ગોહિલ તથા જસપરા હાઈસ્કૂલના આચાર્ય શ્રી ગોવિંદભાઈ બતાડા સાહેબ દ્વારા 'એન્જોય યોર એક્ઝામ' અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

● કલા ઉત્સવ-૨૦૨૪ અંતર્ગત પસંદગીમાં ધો. ૦૯થી ૧૨ના વિદ્યાર્થીઓ એસ.વિ.એસ. અને તાલુકા કક્ષાએ સમૂહગીત અને રાસમાં ભાગ લીધેલ અને હવે જિલ્લાકક્ષાએ જવાના છે.

● તા. ૨૬ના રોજ એન.સી.સી.ના સી.ઓ.(કમાંન્ડીગ ઓફિસર) શ્રી જીજ્ઞેશકુમાર તથા તેમની ટીમ દ્વારા એન.સી.સી. કેડેટ્સને પરેડની તાલીમ આપવામાં આવી.

● વડોદરાથી શિશુવિહાર સંસ્થાના સંચાલક શ્રી પરેશભાઈ કાકડિયા તેમજ તેમની સંસ્થાના બે શિક્ષકો અને એકવીસ વિદ્યાર્થીઓ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત શિક્ષકો સહીત ધો.૦૯ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું.

● ડી.ઈ.ઓ. ઓફીસમાંથી તળાજા તાલુકાના ઈ.આઈ. શ્રી કિરીટભાઈ સુવા સાયં પ્રાર્થનામાં હાજરી આપીને બુનિયાદી શિક્ષણ અન્ય શિક્ષણ કરતા કઈ રીતે અલગ છે તેની સરસ વાતો કરી.

● શ્રી ડાહ્યાભાઈ ડાંગર ભોજદે-સાસણગીરમાં આચાર્ય સેમિનારમાં જઈ આવ્યા.

● તા. ૨૯ના રોજ શાળામાં ધો. ૯ની બહેનોને સાયકલ વિતરણ કરવામાં આવ્યું.

● એન.એસ.એસ. યુનિટ ધો. ૧૧ની ખાસ વાર્ષિક શિબિર તા. ૩૦/૧૨/૨૦૨૪ થી તા. ૦૫/૦૧/૨૦૨૫ દરમિયાન ગામ-પાણીયાળા(તા-ઘોઘા જિ-ભાવનગર) મુકામે પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી કંચનબહેન, ધો. ૧૧ના સ્વયંસેવકો, શ્રી ડાંગરભાઈ તથા શાળાના સહકારથી વિદ્યાર્થીઓને ગ્રામજીવનની કેળવણી આપવામાં આવી હતી.

● શ્રી મનહરભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને ગ્રામજનો અને વિદ્યાર્થીની હાજરીમાં 'પર્યાવરણ અને ગામનું બચાવવામાં યુવાનોનો ફાળો' વિષયક સુંદર ઉદ્‌બોધન થયું.

**માઈધાર - સમાચાર**

● તા. ૧ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓના વિકાસ બાબતે વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો સાથે સંવાદ યોજાયો.

● તા.૩ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા ઓળા-રોટલા સ્વયંપાકનો કાર્યક્રમ યોજાઈ ગયો.

● તા.૧૧ના રોજ પીડીલાઈટ દ્વારા આરંભ થયેલ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાતે શ્રી અરુણભાઈ ઉપાધ્યાય, શ્રી વીરેન્દ્રસિંઘ, શ્રી રાકેશભાઈ અને શ્રી અરુણભાઈ દવે આવી ગયા.

● તા.૧૧ના રોજ ભરતભાઈ દવેએ પ્રાર્થનાનાં અનુસંધાને વિદ્યાર્થીઓને 'વેસ્ટર્ન ડીસટબર્ન્સ' એટલે શું અને માવઠા, શીતલહેર તથા ઠંડીમાં વધઘટ કેમ થાય છે? તેની વિસ્તૃત વૈજ્ઞાનિક સમજ આપી.

● તા.૧૪ના રોજ પારુલ યુનિવર્સિટી દ્વારા શ્રેષ્ઠ શાળા સન્માન કાર્યક્રમ અંતર્ગત કાર્યકરો જઈ આવ્યા.

● લોકકલ્યાણ વિદ્યાલયના ૪૦ વિદ્યાર્થીઓ વિકાસ વર્તુળ અંતર્ગત આયોજિત GKIQ પરીક્ષા આપવા માટે જઈ આવ્યા બધાં જ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ માટે પસંદ થયા.

● તા.૨૧ના રોજ શિક્ષકોની સંગોષ્ઠિ કાર્યક્રમ સ્વરુચિ ભોજન સાથે યોજાયો. શ્રી અરુણભાઈ દવેએ શિક્ષકોને ઉદ્‌બોદન કરતા કહ્યું "બાળકોનું સંસ્કાર ઘડતર પ્રવૃત્તિઓ દ્વારા થાય, ટેબ્લેટ દ્વારા નહિ. બાળકોને પ્રકૃતિ સાથેનું શિક્ષણ આપો એકબીજાનો પક્ષપાત કર્યા સિવાય બાળકને કેન્દ્રમાં રાખી તે બાળક ટેકનોલોજીથી વાકેફ થાય તે માટે આપણે સાથે મળીને પ્રયત્ન કરીએ." તેમજ ભાવનગર GKIQમાંથી શ્રી હિરેનભાઈ ભટ્ટે હાજર રહીને શિક્ષકોને વિજ્ઞાન વિષયને સરળ બનાવવા પ્રાયોગિક માધ્યમનું મહત્ત્વ અને અસર વિશે વાત કરી આ કાર્યક્રમનું સંચાલન આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને ઢુંઢસર પ્રાથમિકશાળાના શિક્ષક શ્રી દિલીપભાઈ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પાલીતાણાના B.R.C, CRC અને તળાજા, પાલીતાણા અને સિહોર તાલુકાના આચાર્યશ્રી અને શિક્ષકો જોડાયા હતા.

● તા.૨૨ના રોજ શ્રી નીતાબહેન પંડ્યા અને શ્રી ભાવનાબહેન સાથે અમેરિકાથી આવેલ શ્રી નૈન્સીબહેન સાથે વિદ્યાર્થીઓએ સંવાદ કર્યો હતો.

● તા.૨૩અને ૨૪ બે દિવસ મોજીલું શિક્ષણમાંથી રવીન્દ્રભાઈ અને રણછોડભાઈ ગીરના નેસમાં શ્રી નલિનભાઈ પંડિતના માર્ગદર્શન નીચે પ્રવૃત્તિઓ કરાવવા માટે જઈ આવ્યા.

● તા.૨૯ના રોજ લોકભારતી વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં સૌ કાર્યકરો જઈ આવ્યા.

● તા.૨૯ના રોજ છાત્રાલયના વિદ્યાર્થીઓને ઋતુઓ પ્રમાણેના ફળ ખવડાવામાં આવ્યા. શ્રી નિર્મળભાઈ પરમાર અને શ્રી એભલભાઈ ભાલિયા દ્વારા તાઝા ફળો સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યું.

**શ્રદ્ધાંજલિ**

● લોકભારતી પૂર્વ કાર્યકર સ્વ. ભરતભાઈ પટેલના ધર્મપત્નિ સ્વ. શ્રી પાર્વતીબહેન પટેલનું તા.૧૦-૧૨-૨૦૨૪ના રોજ અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

(**સંપર્ક :** પુત્રી શ્રી અલકાબહેન શિરોયા મો.૯૮૨૫૩૧૦૬૮૦)

● લોકભારતીના ઈન્કમટેકસના પૂર્વ સલાહકાર અને ભાવનગરની સીટી કાઉન્સિલના સ્થાપક સ્વ. શ્રી નવીનભાઈ રાજ્યગુરુનું તા. ૧૮-૧૨-૨૦૨૪ના રોજ ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

(**સંપર્ક :** પુત્ર શ્રી હિતેશભાઈ રાજ્યગુરુ મો.૯૮૨૫૨૮૮૨૮૨)

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## લોકભારતી વાર્ષિકોત્સવ અને પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા
## દ્વિતીય બેઠક



સંચાલન : શ્રી પૂજાબહેન પુરોહિત



વકતા : શ્રી વસંતભાઈ ગઢવી



અભિવાદન : શ્રી રામચંદ્રભાઈ અને શ્રી હસમુખભાઈ



આભારદર્શન : શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી





સાંસ્કૃતિક કાર્યક્રમ




To.

From :

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुदित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-